# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
'ભગવાન એનું ભલુ કરે...', વિવાદિત નિવેદનો આપનારા તનુશ્રીને....



**પેજ-09**
વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન સૂર્યકુમાર યાદવે દુબઈ શહેરમાં ઘર ખરીદ્યું....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 24.00 |
| વડોદરા | 37.00 | 25.00 |
| સુરત | 37.00 | 25.00 |

પેજ 5 — IDBI BANK — IDBI બેંકના નવા માલિક પ્રેમ વત્સાની પ્રેરણાદાયી સંઘર્ષગાથા

17 OCTOBER-2026 SATURDAY

ડોનાલ્ડ ટ્રમ્પનું નેતન્યાહૂ અંગે નિવેદનથી રાજકારણ ગરમાયું.... પેજ 10



**.....સુવિચાર.....**
એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહી સીધુ થવાની જરૂર છે!


વર્ષ-15 । અંક-333 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# તિરંગા માર્ચ મુદ્દે ભારે બબાલ, કનોટ પ્લેસ પર વિવાદાસ્પદ સૂત્રોચ્ચાર

(એજન્સી) નવી દિલ્હી તા.16

દિલ્હી પોલીસે CJP પ્રમુખ અભિજીત દીપકેની અટકાયત કરી છે. તેઓ પોતાના ઘરેથી તિરંગા યાત્રા કાઢી કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્ક જઈ રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે આ પગલું લીધું. પોલીસે તેમને દિલ્હી પોલીસ એક્ટ હેઠળ નોટિસ આપી હતી, છતાં તેઓ મક્કમ રહેતા પોલીસે કાર્યવાહી કરી. અગાઉ પણ તેમની એરપોર્ટ પરથી અટકાયત થઈ હતી. પાર્ટીએ 5થી ઓછા લોકોના જૂથમાં તિરંગા માર્ચ ચાલુ રાખવાની અપીલ કરી છે. CJPના વિરોધ પ્રદર્શન અંગે તિરુવનંતપુરમ (કેરળ)થી અભિનેતા પ્રકાશ રાજે નિવેદન આપતાં જણાવ્યું કે, 'આ દેશમાં વિરોધ પ્રદર્શન કરવા માટે કોની પરવાનગીની જરૂર પડે છે? સુપ્રીમ કોર્ટે પણ ચુકાદો આપેલો છે કે દરેક રસ્તા પર જેમ વાહનવ્યવહારનો અધિકાર છે, તેમ જ પ્રદર્શનકારીઓનો પણ અધિકાર છે.



150 થી વધુ લોકોની અટકાયત

### પ્રદર્શનકારીઓની અટકાયત

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન વચ્ચે પોલીસે અત્યાર સુધીમાં 150 પ્રદર્શનકારીઓની અટકાયત કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કનોટ પ્લેસ વિસ્તારમાં પ્રદર્શનકારીઓને હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસે પ્રદર્શનકારીઓને ઉઠાવીને બસોમાં બેસાડવાનું શરૂ કરતાં વિસ્તારમાં સ્થિતિ વધુ ચર્ચાસ્પદ બની છે.દિલ્હી પોલીસના જનસંપર્ક અધિકારી અને એડિશનલ સીપી રાજીવ રંજને પ્રદર્શનકારીઓ અને જનતાને અપીલ કરી છે કે ફરજ પર તૈનાત પોલીસકર્મીઓના ફોટા, વીડિયો કે તેમના ઘરનું સરનામું અને પૂરું નામ સોશિયલ મીડિયા પર શેર ન કરે.

**નેહા બોરાની અટકાયત :** AISA પ્રમુખ નેહા બોરાને અટકાયતમાં લીધા પછી નેહાના 'X' પર એક સંદેશ પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં લખ્યું હતું, 'નેહાને એકલી ક્યાં લઈ જવામાં આવી છે? આ અટકાયત નથી! આ અપહરણ છે.'



**કનોટ પ્લેસમાં 163 કલમ લાગુ :** દિલ્હીમાં CJP (સીજેપી) દ્વારા આયોજિત 'લહેરા દો તિરંગા' વિરોધ પ્રદર્શન પહેલાં સેન્ટ્રલ પાર્કની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. કનોટ પ્લેસમાં કલમ 163 લાગુ છે અને NDMC (એનડીએમસી) દ્વારા 'તિરંગા યાત્રા' માટે કોઈ પરવાનગી આપવામાં આવી નથી.

### પંજાબના લોકોની સુરક્ષાની અંતિમ જવાબદારી કોણ લેશે? : અમિત શાહ

# પંજાબ આજે ડ્રગ્સ, ગેંગસ્ટરવાદ અને સંગઠિત અપરાધના વધતા ખતરા સામે ઝઝૂમી રહ્યું છે



(એજન્સી) નવી દિલ્હી તા.16

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે પંજાબ આજે ડ્રગ્સ, ગેંગસ્ટરવાદ અને સંગઠિત અપરાધના વધતા ખતરા સામે ઝઝૂમી રહ્યું છે. પંજાબ સરકાર સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે - પંજાબના લોકોની સુરક્ષાની અંતિમ જવાબદારી કોણ લેશે? દિરબામાં દબાણ હેઠળ આવીને એક પિતા દ્વારા વિષપાન કરવું, અને માનસામાં ડ્રગ્સ સામે અવાજ ઉઠાવનાર પરવિંદર સિંહ ઝોટાની ધોળા દિવસે થયેલી હત્યાએ પંજાબમાં કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. પરવિંદરના પિતાએ પંજાબ સરકાર અને તેમના ધારાસભ્ય પર ગંભીર આક્ષેપો કર્યા છે. ગૃહ મંત્રાલય આ બંને ઘટનાઓ અંગે પંજાબ સરકાર પાસે જવાબ પણ માંગશે.

### પંજાબના લોકોને પ્રચાર નહીં, જવાબોની જરૂર છે

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે પંજાબ આજે ડ્રગ્સના દુરુપયોગ, ગેંગસ્ટરિઝમ અને સંગઠિત ગુનાના વધતા ખતરાનો સામનો કરી રહ્યું છે. ભગવંત માન સરકાર સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે પંજાબના લોકોની સુરક્ષા માટે કોણ જવાબદાર રહેશે? પંજાબના લોકો પ્રચાર નહીં, પણ જવાબો ઈચ્છે છે, જાહેરાતો નહીં, પણ પરિણામો ઈચ્છે છે. ડ્રગ નેટવર્ક પર નિર્ણાયક હુમલો અને ગુનેગારોને આપવામાં આવતા રક્ષણની નિષ્પક્ષ તપાસ.

### શાહે સુરક્ષિત પંજાબ બનાવવાના પોતાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો

અમિત શાહે કહ્યું, 'હું પંજાબના લોકોને મારી પ્રતિજ્ઞાનો પુનરોચ્ચાર કરું છું કે જો અમારી સરકાર બનશે, તો અમે ડ્રગ્સ મુક્ત, ગેંગસ્ટર મુક્ત અને સુરક્ષિત પંજાબ બનાવવા માટે અમારી બધી શક્તિથી કામ કરીશું. અમારા લક્ષ્યો સ્પષ્ટ છે: ડ્રગ્સના વેપાર પર હુમલો કરવો. યુવાનોના ભવિષ્યનું રક્ષણ કરવું, ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવી અને કાયદાનું શાસન સુનિશ્ચિત કરવું જ્યાં કોઈ પણ નાગરિકને ડરમાં જીવવા માટે મજબૂર ન કરવામાં આવે.' 13 ઓક્ટોબરના રોજ, પંજાબના માનસા જિલ્લામાં પરવિંદર સિંહ જોથાની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના તેમના ફેસબુક લાઈવ દરમિયાન કેમેરામાં કેદ થઈ હતી.









# શિક્ષકોને ભણાવવા સિવાયના ૭૦-૮૦ બિન-શૈક્ષણિક કામો સોંપાતાં શિક્ષણની ગુણવત્તાનું અધઃ પતન કરતી ભાજપ સરકાર : હિમાંશુ ઠક્કર આમ આદમી પાર્ટી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે ગુજરાતની કથળતી શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષકોની સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, દુનિયાના જે દેશોએ શિક્ષણને પ્રાધાન્ય આપ્યું છે, તેઓ આજે વિકસિત દેશો બન્યા છે. પરંતુ ગુજરાતમાં દરરોજ શિક્ષકોનું મનોબળ તોડે તેવા સમાચારો આવે છે. તાજેતરમાં શિક્ષકોને 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' ના નોડલ ઓફિસર તરીકેની કામગીરી સોંપાઈ છે, જેના પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું કે, હવે શાળામાં માત્ર કચરા-પોતા સિવાયની તમામ જવાબદારીઓ શિક્ષકોને આપી દેવામાં આવી છે.

કોઈપણ સરકારી કાર્યક્રમો હોય, વહીવટી કાગળો અને રિપોર્ટિંગ પૂરા કરવાના હોય, અપડેટ કરવાના હોય, ચૂંટણીલક્ષી કામગીરી, જનગણના કે મતદાર યાદી સુધારણા હોય - આ બધું મળીને ભણાવવા સિવાયના લગભગ ૭૦ થી ૮૦ જેટલા કામો શિક્ષકોના માથે મઢી દેવાયા છે. જો કરોડો રૂપિયા પ્રજાના ટેક્સમાંથી ખર્ચાય છે, તો આ બધી નોન-એકેડેમિક કામગીરી માટે સરકાર અલગ કોઓર્ડિનેટર્સ કે નોડલ ઓફિસર્સની નિમણૂક કેમ કરતી નથી? શિક્ષકોને જ આ કામોમાં રોકી રાખવાથી શિક્ષણ વ્યવસ્થા અને તેની ગુણવત્તાનું ભારે અધ:પતન થયું છે, જેના કારણે વિશ્વની ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની એક પણ નથી અને દેશમાં ગુજરાત પણ ઘણું પાછળ રહી ગયું છે.

તેમનો વિડીયો ખાસ કરીને 'ઝેન ઝી' (Gen Z) અને 'ઝેન આલ્ફા' (Gen Alpha) વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની અપીલ કરતાં હિમાંશુ ઠક્કરે જણાવ્યું કે, આપણે આજે એડવાન્સ ટેકનોલોજીની મોટી મોટી



વાતો કરીએ છીએ, પરંતુ નવી પેઢીને કૌશલ્ય (સ્કિલ) અને ઈનોવેટિવ શિક્ષણ આપવા માટે શિક્ષકોએ પોતે પણ અપગ્રેડ (એલિવેટ) થવું પડશે. ૧૦ વર્ષ પહેલાં જે રીતે ભણાવવામાં આવતું હતું તે રીતે આજે ભણાવી શકાય નહીં. એ માટે શિક્ષકોને પૂરતો સમય, માનસિક સ્પેસ અને વાતાવરણ આપવું પડે, જેથી તેઓ બાળકોને વધુ સારી રીતે પ્રેરિત કરી શકે અને શિક્ષણને પરિવર્તનકારી (ટ્રાન્સફોર્મેટિવ) બનાવી શકે.

સરકારમાં બેઠેલા ભણેલા-ગણેલા નેતાઓને વિનંતી છે કે તેઓ બુદ્ધિજીવીઓ અને શિક્ષણવિદોની સલાહ લઈને નિર્ણયો લે, માત્ર હુકમો અને આદેશો આપવાનું બંધ કરે. નવી પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે 'લોકશાહી બચાવો, સંવિધાન બચાવો અને શિક્ષણ બચાવો'ના નારા સાથે તેમણે ઉમેર્યું કે શિક્ષણ બચશે તો જ ગુજરાત અને ભારતની અસ્મિતા જળવાઈ રહેશે.

# 2 ઓક્ટોબર બાદ સરકારના દમનકારી પ્રયાસો છતાં આંદોલન અટક્યું નથી: ગોપાલ રાય AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે વિડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં વોટ ચોરી માટે જવાબદાર વ્યક્તિ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ ઉઠી રહી છે. સમગ્ર દેશમાં રસ્તા પર ઉતરેલા યુવાનોને મોદી સરકાર પોલીસના દમ પર કચડી નાખવા માંગે છે. વિપક્ષના તમામ નેતાઓની 2 ઓક્ટોબર બાદ અટકાયત કરવામાં આવી. યુવા નેતાઓને જંતર મંતર પર તિરંગો લહેરાવવાના કારણે જેલમાં નાંખવામાં આવ્યા. સરકાર વિચારી રહી છે કે લાઠીના દમ પર, પોલીસ કેસના દમ પર અને દમનના દમ પર આંદોલનને કચડી નાંખશે પરંતુ 2 ઓક્ટોબર બાદ સરકારે જેટલા પણ દમનકારી પ્રયાસો કર્યા એના પછી પણ આંદોલન આગળ વધી રહ્યું છે.'આપ' ના વરિષ્ઠ નેતા ગોપાલ રાયે વધુમાં જણાવ્યું હતું કે, આજે સીજેપીએ સમગ્ર દેશમાં તિરંગો લહેરાવો અભિયાન શરૂ



કરવાનું એલાન કર્યું છે. આમ આદમી પાર્ટી પોતાના તમામ કાર્યકર્તાઓ અને પદાધિકારીઓને નિવેદન કરે છે કે દેશને બચાવવા અને લોકતંત્રને બચાવવા આપ તમામ લોકો પોતપોતાના સ્થાને પોતપોતાના વિસ્તારમાં 'તિરંગા લહેરાવો' અભિયાનમાં સામેલ થાવ અને એનું સમર્થન કરો. આપણે શાંતિપૂર્વક આ અભિયાનને આગળ વધારવાનું છે સરકાર અરાજકતા પેદા કરવા માંગે છે, એટલા માટે જંતર મંતર પર આંદોલનની પરમિશન નથી આપી રહી અને હવે સેન્ટ્રલ પાર્કને પણ બંધ કરી દેવામાં આવેલ છે. સરકાર કોશિશ કરી રહી છે કે આ આંદોલનને ભડકાવવામાં આવે. આ દેશના તમામ સામાજિક આગેવાનો, વિદ્યાર્થી નેતાઓ, અલગ અલગ પાર્ટીના કાર્યકર્તાઓ સહિત દરેક નાગરિકોને હું અપીલ કરવા માગું છું કે આપણે આ આંદોલનને શાંતિપૂર્વક રીતે આગળ વધારવાનું છે અને આજે સાંજે 5:00 વાગે તિરંગો લહેરાવીને આપણે સરકારની તાનાશાહીનો વિરોધ કરવાનો છે અને જ્ઞાનેશ કુમારનું રાજીનામું માંગી રહેલા યુવાનોનું સમર્થન કરવાનું છે.

### ગોપાલ ઇટાલીયાને નહીં, ગુજરાતના બુટલેગરોને લકવો થાય તો અનેક પરિવારો બચી જાત: ગોપાલ ઇટાલીયા

# ભવાન ભરવાડના તદ્દન બિનજવાબદાર નિવેદન પર ગોપાલ ઇટાલીયાએ આપી સમજણપૂર્વકની પ્રતિક્રિયા

**ગોપાલ ઇટાલીયાને નહીં, ગુજરાતના બુટલેગરોને લકવો થાય તો અનેક પરિવારો બચી જાત, ભવાનભાઈ ભરવાડે 'વાણીયાના છોકરા' ની હાજરીમાં એના મોઢા પર કહેવાનું હતું કે "તું આ બધી ફાંકા ફોજદારી રહેવા દે અને પશુઓ માટે ઘાસચારાની અને પાણીની વ્યવસ્થા કર", ગોપાલ ઇટાલીયા ખેડૂતો, ખેતમજૂરો અને પશુપાલકો માટે બોલે છે એટલે તેમને લકવો થવાની વાતો થાય છે, ગૌચર પર ગેરકાયદે બાંધકામ કરનારાઓ સામે નહીં, ખેડૂતો માટે અવાજ ઉઠાવનાર ગોપાલ ઇટાલીયા સામે નિવેદનો અપાય છે, લડવાવાળા લોકોને લકવો થશે તો શું ચાપલુસી કરનારાઓને મેડલ મળશે?: ગોપાલ ઇટાલીયા**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, "ગોપાલ ઇટાલીયાને લકવો થઈ જશે" 'વાણીયાના છોકરા' ની હાજરીમાં ભરવાડના છોકરાએ આવું સ્ટેટમેન્ટ આપ્યું. વાણીયાનો છોકરો ગૃહમંત્રી છે, તો ભરવાડના છોકરાએ કહેવાનું હતું કે આખા ગુજરાતના બુટલેગરોને લકવો થઈ જાય. તો કેટલાય દીકરાઓ બચી જાય. કેટલીય બહેનોના પતિ બચી જાય. વારંવાર લઠ્ઠાકાંડ થાય છે તેના કારણે કોઈએ પતિ, કોઈએ બાપ, કોઈએ ભાઈ ગુમાવવો પડે છે. ગોપાલ ઇટાલીયાને નહિ પરંતુ બુટલેગરોને લકવો થાત તો ગુજરાતને એનો કંઈ ફાયદો થાત. અમે એવું શું બોલી નાખ્યું જેના કારણે તમે અમારા મોઢા બંધ કરાવવા માંગો છો? હજુ તો અમે દેશના યુવાન તરીકે ઉગીને ઉભા થયા છીએ અને અમને લાગ્યું કે અમારા માવતર જેવા ખેડૂતો, ખેત મજૂરો અને પશુપાલકો વિશે મારે બોલવું જોઈએ તો અમે બોલ્યા અને અમને લકવો થવાની વાત આવી. આખા ગુજરાતમાં ગામડે ગામડે ભાજપના ગુંડાઓએ ગૌચર પર મકાનો બનાવી દીધા છે. પણ એ લોકોને લકવો થશે એની વાતો નહીં થાય. પણ ગોપાલને લકવો થાય એવી વાત કરવામાં આવશે કારણ કે ગોપાલ બોલે છે અને લડે છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ



ઇટાલીયાએ જણાવ્યું હતું કે, લડવાવાળા લોકોને લકવો થશે તો શું ચાપલુસી કરનાર લોકોને મેડલ મળશે? હું વિધાનસભા સત્રમાં ઘાસના પૂળા લઈને પહોંચ્યો હતો અને માંગ કરી કે ખેડૂતો, પશુપાલકો, માલધારીઓને દુષ્કાળ પેકેજ અંતર્ગત રાહત આપો. ભવાનભાઈ ભરવાડે વાણીયાના છોકરાની હાજરીમાં એના મોઢા પર કહેવાનું હતું કે "વરસાદ ન પડવાના કારણે અમારા માલધારીઓએ હિજરત કરવી પડે છે, એવો માહોલ છે ગુજરાતમાં, તું આ બધી ફાંકા ફોજદારી રહેવા દે અને પશુઓ માટે ઘાસચારાની અને પાણીની વ્યવસ્થા કર.." હું ભણી ગણીને, ઉતાર ચડાવ જોઈને રાજનીતિમાં આવ્યો, સમાજ અને ખેડૂતોના આશીર્વાદથી ધારાસભ્ય બન્યો. તો ભરવાડ સમાજના પણ બે-ચાર યુવાનો ધારાસભ્ય બને, બોર્ડ નિગમના ચેરમેન બને એવો પ્રયત્ન કરવો જોઈએ. તમારે ત્યાં કહેવાનું હતું કે "ક્યાં સુધી અમારો સમાજ જેસીબીના દાંડિયા હલાવશે? અમારે પેન ચલાવવી છે, અમારે કમિશનર બનવું છે, મંત્રી બનવું છે, અધિકારી બનવું છે" પરંતુ ભરવાડના છોકરાએ આવું ન કીધું. વાણીયાનો છોકરો મંત્રી બન્યો તો ભરવાડનો છોકરો પણ મંત્રી બને એવી માંગણી - એવી લાગણી કેમ સ્ટેજ પરથી રજૂ કરવામાં ન આવી? આવી કોઈ માંગણી કરી હોત તો પાંચ પચ્ચીસ ભણેલા ગણેલા સંઘર્ષ કરતા યુવાનોને કંઈ તક મળી હોત. તો આપણે તમામ લોકો ભેગા મળીને સમાજમાં ભણેલા ગણેલા સક્ષમ યુવાનોને રાજનીતિમાં અને વહીવટી તંત્રમાં કઈ રીતે આગળ વધવા મળે ચાલો એવી કઈ ચર્ચા કરીએ અને સાથે મળીને પ્રયત્ન કરીએ. તમે મને આમંત્રણ આપો હું તમારા ઘરે આવું, હું તમારા અનુભવનું માર્ગદર્શન લઉં, યુવાન તરીકે મારા અનુભવ તમારી સાથે શેર કરું અને સાથે મળીને નવી પેઢીના યુવાનોને રાજનીતિમાં અને વહીવટી તંત્રમાં આગળ વધવા માટેનો રસ્તો કઈ રીતે મળે એનું કોઈ આયોજન કરીએ.

# જૂનાગઢ અધિક્ષક ઈજનેર (SE) કચેરીએ અધિકારીઓને ફાનસ આપીને AAP નેતાનો અનોખો વિરોધ



જૂનાગઢ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, છેલ્લા ૧૫-૨૦ દિવસથી ગામડાઓમાં વીજળીની એટલી ભયંકર સમસ્યા ઊભી થઈ છે કે જાણે દેશમાં અંધકાર યુગ કે ફાનસ યુગ પાછો આવી ગયો હોય. હિન્દુઓના સૌથી પવિત્ર તહેવાર નવરાત્રી દરમિયાન સાંજ પડે અને માતાજીની આરતી ચાલુ થાય ત્યારે જ સમગ્ર જૂનાગઢ જિલ્લામાં લાઈટ જતી રહે છે. જો હિન્દુઓના તહેવારોમાં પણ સરકાર વીજળી આપી શકતી નથી, તો તે કયા મોઢે હિન્દુત્વની વાતો કરે છે? અત્યારે શિયાળુ વાવેતર અને ખેતરોમાં પાકને પાણી પાવા માટે તથા તહેવારો માટે વીજળીની ભારે જરૂરિયાત છે, છતાં જેવી સાંજ પડે કે લાઈટ કાપી નાખવામાં આવે છે. વિજ ડિપાર્ટમેન્ટમાં ફોન કરીએ તો પહેલાં ફોન ઉપાડતા નથી અને ઉપાડે તો સીધો જવાબ આપવાને બદલે લોડ શેટિંગનું બહાનું બતાવે છે. ગોપાલ ઈટાલિયાએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે ખેડૂતોના ખેતરે લોડ શેટિંગ કરવાને બદલે ભાજપ પોતાના 'કમલમ' કાર્યાલયો અને અમદાવાદ એરપોર્ટ પર લોડ શેટિંગ કરે અને ત્યાંના કનેક્શન કાપી નાખે. સરકાર પાસે આયોજન અને આવડતનો અભાવ હોવાથી લોકો જમવા બેસે ત્યારે મોઢા સુધી કોળિયો પહોંચે તે પહેલાં જ લાઈટ જતી રહે છે.આ વીજ સંકટ અને વહીવટી ધાંધિયા સામે જૂનાગઢ જિલ્લાના હજારો ખેડૂતો સાથે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા જૂનાગઢ ચીફ અધિક્ષક ઈજનેર (SE) ની કચેરીએ પહોંચ્યા હતા અને અધિકારીઓને ફાનસ આપીને અનોખો વિરોધ નોંધાવ્યો હતો. તેમણે અધિકારીઓ પાસે લોડ શેટિંગના નામે લાઈટ કાપવાના ધંધા બંધ કરવા અને નાના-મોટા વીજ પ્રશ્નોના કાયમી ઉકેલ માટે ચોક્કસ તારીખની માંગ કરી હતી, પરંતુ અધિકારીઓએ તારીખ આપવાની ના પાડી દીધી હતી. આઝાદીના ૭૫ વર્ષ પછી પણ જો વીજળી મેળવવા માટે પ્રજાએ આ રીતે ટોળાં વળીને રજૂઆતો કરવી પડતી હોય, તો પછી આપણે ચંદ્ર પર ક્યારે પહોંચીશું? હાથમાં ફાનસ પકડાવીને ભાજપ સરકાર ભારતને વિશ્વગુરુ બનાવવાની મોટી મોટી વાતો કરે છે, પણ વાસ્તવિકતામાં પ્રજા પર આફત આવી પડી છે.

# સોફ્ટવેર બનાવવાના નામે ઘોડાસરના વેપારી સાથે છેતરપિંડી, સુરતની IT કંપનીના ડિરેક્ટર સામે ફરિયાદ

અમદાવાદ: અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા વેપારી સાથે સોફ્ટવેર ડેવલપમેન્ટના નામે 2.86 લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. સુરતની એક આઈટી કંપનીના ડિરેક્ટરે સોફ્ટવેર બનાવવાનો કોન્ટ્રાક્ટ લઈ સમયસર કામ પૂરું ન કરી અને ખામીયુક્ત સિસ્ટમ બનાવી રૂપિયા ઓળવી જતાં વટવા પોલીસે વેપારીની ફરિયાદ ના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, ઘોડાસરમાં રહેતા ઋષિક બારોટે પોતાની કંપની માટે ડેશબોર્ડ, માર્કેટ પેલેસ અને ડિલિવરી ડ્રાઈવર એમ ત્રણ પ્રકારના સોફ્ટવેર બનાવવા માટે મિત્ર મારફતે સુરતના મોટા વરાછા સ્થિત પ્રગતિ આઈટી પાર્કમાં આવેલી 'દુરવાસા ઈન્ફોટેક પ્રા.લી'ના ડિરેક્ટર દર્શન ચૌહાણનો સંપર્ક કર્યો હતો. બંને પક્ષો વચ્ચે 3.70 લાખ રૂપિયામાં સોફ્ટવેર બનાવી આપવાનો એગ્રીમેન્ટ થયો હતો અને નવેમ્બર 2025 સુધીમાં સોફ્ટવેર તૈયાર કરી આપવાની ખાતરી અપાઈ હતી.

વેપારીએ ટુકડે-ટુકડે કરીને કુલ 2.86 લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. જોકે, માર્ચ 2026માં દર્શન ચૌહાણે જે ડેમો સોફ્ટવેર આપ્યો હતો તેમાં સિસ્ટમ બરાબર ચાલતી નહોતી. ફરિયાદીએ તેમાં સુધારો કરવા કહેવા છતાં કોઈ કામ ન થતાં આખરે એગ્રીમેન્ટ કેન્સલ કરી રૂપિયા પરત માંગવામાં આવ્યા હતા. આરોપીએ રૂપિયા પાછા આપવાના બદલે 'તમને એક રૂપિયો પણ પાછો નહીં મળે, અમારે ઉપર સુધી પહોંચ છે, થાય તે કરી લેજો' તેવી ધમકી આપી હતી. આ મામલે વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દર્શન ચૌહાણ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# અમદાવાદમાં હવે નકલી કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સ ઝડપાઈ, ઘી કાંટા રોડની બે દુકાનોએ દરોડા

અમદાવાદ| અમદાવાદના ઘી કાંટા રોડ પર આવેલી બે જાણીતી કોસ્મેટિક દુકાનોમાં એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડીને જાણીતી મેટ્રિક્સ કંપનીની કોપીરાઇટનો ભંગ કરતી 6.90 લાખ રૂપિયાની કિંમતની 1,221 નંગ નકલી પ્રોડક્ટ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે માય બ્યુટી સેન્ટ્રલ અને લક્ષ્મી બ્યુટી શોપના સંચાલકો યશ પ્રભુલાલ ઠક્કર તથા રીષભ અગ્રવાલ સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, નવી દિલ્હી ખાતે નિઝામુદ્દીન પૂર્વમાં આવેલી જાણીતી મેટ્રિક્સ કંપનીના અધિકૃત પ્રતિનિધિ નૃપેન્દ્ર શૈલેન્દ્રકુમાર કશ્યપને બાતમી મળી હતી કે અમદાવાદના ઘી કાંટા રોડ પર નકલી કોસ્મેટિક્સનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પારેખ ઈન્ટેલેક્ચ્યુઅલ સર્વિસીસના પ્રોપરાઈટર દર્શક પારેખ અને એસઓજી ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ.એ. વ્યાસ સહિતના સ્ટાફે પંચોને સાથે રાખી સંયુક્ત રેઈડ કરી હતી. તપાસ દરમિયાન ઘી કાંટા રોડ, પંચભાઈની પોળ પાસે આવેલ 'માય બ્યુટી સેન્ટર'માંથી યશ પ્રભુલાલ ઠક્કરપાસેથી શેમ્પૂ, ક્રીમ, ડેવલપર અને માસ્ક મળી કુલ 4.44 લાખ રૂપિયાની કિંમતનો 775 નંગ બનાવટી જથ્થો મળ્યો હતો. જ્યારે પાંચુ મીયાના ડહેલા પાસે આવેલ 'લક્ષ્મી બ્યુટી શોપ'માંથી રીષભ અગ્રવાલ પાસેથી 2.46 લાખ રૂપિયાની કિંમતનો 446 નંગ ડુપ્લીકેટ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તમામ પ્રોડક્ટ્સમાંથી સેમ્પલ લઈને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.

પોલીસ પૂછપરછમાં આરોપી યશ ઠક્કરે જણાવ્યું હતું કે તે ક્રોફર્ડ માર્કેટ મુંબઈ ખાતે આવેલ નવ્યા એન્ટરપ્રાઈઝિસના માલિક દિનેશ પાસેથી કાલબાદેવીના યશ ટ્રાન્સપોર્ટ મારફતે આ જથ્થો મંગાવતો હતો. જ્યારે રિષભ અગ્રવાલે આ જથ્થો ક્રોફર્ડ માર્કેટના આર.કે. બ્યુટીના માલિક વિજય પાસેથી રૂબરૂ મુંબઈ જઈ ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. આ બંને વેપારીઓ અમદાવાદના નારણપુરા ખાતે આવેલી ક્રિષ્ના એન્ટરપ્રાઈઝના સેલ્સમેન લક્ષ્મણ પાસેથી નકલી માલની ડિલિવરી મેળવી સ્થાનિક ગ્રાહકોને પધરાવતા હતા.

# નિકોલમાં 4500ના ભાડે મકાન રાખી પચાવી પાડ્યું, માતા અને પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

**અમદાવાદના નિકોલ વિસ્તારમાં ભાડે આપેલું મકાન ખાલી ન કરી ગેરકાયદે કબજો જમાવવા બદલ માતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. સિંગરવાનાં અમરનાથપાર્કમાં 2019થી માસિક 4500 રૂપિયામાં ભાડે રાખેલું મકાન ખાલી ન થતાં માલિકે કલેક્ટર સમિતિમાં અરજી કરી હતી. કલેક્ટરની મંજૂરી બાદ નિકોલ પોલીસે શારદાબહેન અને પિન્ટુ રાવળ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

અમદાવાદના નિકોલ વિસ્તારમાં ભાડે આપેલું મકાન ખાલી ન કરી તેના પર ગેરકાયદે કબજો જમાવી લેવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. સીંગરવા વિસ્તારમાં આવેલા અમરનાથપાર્કમાં માસિક 4500 રૂપિયામાં ભાડે રાખેલું મકાન ખાલી ન કરવા બદલ તથા ભાડું ન ચૂકવી ગેરકાયદે કબજો જાળવી રાખવા બદલ માતા અને પુત્ર સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

બાપુનગરની ઈન્ડિયા કોલોનીમાં રહેતા અને સુમેલ-7માં ટૂલ્સનો વેપાર કરતા જિતેન્દ્રકુમાર વસોયાએ વર્ષ 2018માં સીંગરવા ખાતે આવેલું અમરનાથપાર્કનું મકાન નંબર 15 દસ્તાવેજથી ખરીદ્યું હતું. ત્યારબાદ તેમણે વર્ષ 2019માં આ મકાન શારદાબહેન રાવળને રહેણાંક હેતુ માટે માસિક 4500 રૂપિયાના ભાડે આપ્યું હતું. વર્ષ 2019થી 2023 સુધી સમયાંતરે ભાડા કરાર કરીને આ પરિવાર નિયમિતપણે ભાડું ચૂકવતો હતો.

જોકે, જાન્યુઆરી 2024થી શારદાબહેન અને તેમના પુત્ર પિન્ટુ રાવળે મકાનનું ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું. મકાનમાલિક જિતેન્દ્રકુમારે રૂબરૂ જઈને બાકી નીકળતું ભાડું ચૂકવવા તેમજ મકાન ખાલી કરી દેવા વારંવાર રજૂઆતો કરી હતી. પરંતુ બંને મા-દીકરાએ મકાન ખાલી કરવાનો સાફ ઈનકાર કરી દઈને મકાન પર ગેરકાયદે કબજો જાળવી રાખ્યો હતો.

મકાન ખાલી ન થતાં આખરે જિતેન્દ્રકુમારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબિંગ સમિતિ સમક્ષ અરજી દાખલ કરી હતી. કલેક્ટરની અધ્યક્ષતાવાળી કમિટી દ્વારા સમગ્ર મામલે તપાસ કરાયા બાદ હકારાત્મક અભિપ્રાય આપવામાં આવ્યો હતો. જે સરકારી મંજૂરીના આધારે નિકોલ પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ) કાયદાની વિવિધ કલમો હેઠળ શારદાબહેન અને પિન્ટુ રાવળ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કલોલમાં ટપોરી ગેંગે આતંક મચાવ્યો...!

**હેલીપેડ પાસે પાસ લેવા ગયેલા બે યુવકોને પટ્ટા-ધોકાથી ફટકાર્યા, પાલતુ શ્વાન પાછળ છોડી ગાડી સળગાવી દીધી**



ગાંધીનગર | કલોલ તાલુકાના બોરીસણા પંચવટી વિસ્તારમાં આવેલા હેલીપેડ પાસે ગત રાત્રે એક હિંસક ઘટના સામે આવી છે. ગરબાના પાસ મેળવવા માટે નીકળેલા બે મિત્રોની પાછળ શ્વાન છોડી એક જૂથે માર માર્યો હતો. તેમજ તેમની સ્વિફ્ટ કારને સળગાવી મૂકી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ચાર શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

બોરીસણા રોડ પર આવેલી વૈજનાથ સોસાયટીમાં રહેતા અને ચામુંડા હેન્ડીક્રાફ્ટના મંદીરો બનાવવાનો ધંધો કરતો 20 વર્ષીય આસીક દીપક ચૌહાણ ગત રાત્રે આશરે સાડા નવ વાગ્યાના અરસામાં સ્વિફ્ટ કાર લઈને પોતાના મિત્ર કુપેશ ભરત પ્રજાપતિ સાથે નીકળ્યો હતો. ગુરુકુળ કોલેજ બહાર ચોકડી પર પોતાના ભાઈ મિતેશ પાસેથી પાસ લીધા બાદ કુપેશ માટે અર્થ એલીગન્સ પાછળ આવેલી હેલીપેડ ખાતે કિશન તિવારી પાસેથી પાર્ટી પ્લોટના પાસ લેવા બંને જણા જઈ રહ્યા હતા.

આ દરમિયાન હેલીપેડ તરફ જતા કાચા રસ્તા પર એક સિલ્વર રંગની સફારી ગાડી ઉભી હતી. ગાડી પાસે ઉભેલા શખ્સોએ આસીકની કારને અચાનક રોકી કાચ નીચે ઉતારવા કહ્યું હતું. જેણે કાચ ઉતારતાં તે શખ્સો અચાનક અપશબ્દો બોલવા લાગ્યા હતા. આસીક અને કુપેશ કારમાંથી નીચે ઉતરતા જ હુમલાખોરોએ પોતાની પાસેનો પાલતું શ્વાન આસીક તરફ છોડી દીધો હતો. શ્વાન પાછળ પડતાં આસીક પોતાનો જીવ બચાવવા ત્યાંથી ભાગી છૂટ્યો હતો અને રસ્તામાં એક અજાણ્યા વ્યક્તિ પાસેથી ફોન મેળવી પોતાના ભાઈ આશીષને જાણ કરી બોલાવ્યો હતો.બીજી તરફ હેલીપેડ પર એકલા રહી ગયેલા કુપેશ પર ટપોરી ગેંગે હુમલો કર્યો હતો. હુમલાખોરો પૈકી અભિ નામના શખ્સે શ્વાનને બાંધવાના પટ્ટા વડે કુપેશને આડેધડ ફટકાર્યો હતો. જ્યારે પાર્થ નામના શખ્સે સ્વિફ્ટ કારના કાચ તોડી નાખ્યા હતા અને આસીકને પાછો બોલાવવા ધમકી આપી હતી કે જો તે નહીં આવે તો ગાડી સળગાવી દેવામાં આવશે.

# ગુજરાતમાં કાયદાનું રાજ છે કે પછી જંગલરાજ?: મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વિડીયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં કાયદાનું રાજ છે કે પછી જંગલરાજ? રાજકોટમાં 48 કલાકમાં બે મર્ડર અને લૂંટના બનાવ આપણે જોયા. રાજકોટમાં ભારેલો અગ્નિ છે, આવી જ રીતે સુરતમાં એવરેજ રોજ એક હત્યા થાય છે. દારૂ અને ડ્રગ્સનું વેચાણ ગુજરાતમાં બેફામ વેચાણ થઈ રહ્યું છે. અને સરકાર ફાંકા ફોજદારી કરવામાં અને ગરબા



રમવામાં વ્યસ્ત છે. જ્યારે પણ આવો કોઈ ક્રાઈમ થાય છે ત્યારે "કોઈપણ ચમરબંધીને છોડવામાં આવશે નહીં" એવી વાતો આપણે છેલ્લા કેટલાય સમયથી વારંવાર સાંભળીએ છીએ પરંતુ ગ્રાઉન્ડ ઉપર આવું કોઈ મજબૂત કામ જોવા મળતું નથી.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ચાર પાંચ પાકીટમારને પકડીને એમને માર મારીને, વરઘોડા કાઢીને, તેમની રીલ બનાવવાનું કામ કરી તાયફા કરવાનું કામ સરકારે કર્યું છે. તો ગુજરાતની આ પરિસ્થિતિ માટે અત્યારે કોણ જવાબદાર છે? હર્ષ સંઘવી વારંવાર ફાંકા ફોજદારી કરે છે અને મોટી મોટી વાતો કરે છે પરંતુ ગુજરાતની આ સ્થિતિ પાછળ જે જવાબદાર છે એ જવાબદારોને પકડવાનું કામ ક્યારે કરશે? ગુજરાતમાં ગુનેગારોના મનમાં કાયદાનો ડર ક્યારે બેસશે? અમે માંગ કરી રહ્યા છીએ કે રાજકોટમાં જે ઘટના ઘટી છે એના દોષિતોને ઝડપથી પકડવામાં આવે. હાલ સરકારનું નાક કપાઈ રહ્યું છે અને લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. આજે ગુજરાતમાં જંગલરાજ જેવી કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ બની ગઈ છે, તમે ગુજરાતને જે સ્થિતિમાં લાવી દીધું છે એના માટે તમને ભગવાન પણ માફ નહીં કરે, લાનત છે તમારા પર.

# સરથાણામાં લોકાર્પણના અભાવે ધૂળ ખાતી લાઈબ્રેરીનું દશેરાના દિવસે લોકાર્પણ કરવાની AAP ના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘણની મેયરને ચીમકી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના સુરત મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર મહેશભાઈ અણઘણે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના નેતાઓના વાંકે અને એમના સમયના અભાવે જે વાંચનાલય બનીને તૈયાર છે, એ બે મહિનાથી ધૂળ ખાય છે. ભાજપના નેતાઓ પાસે તાયફાઓ કરવાનો સમય છે પરંતુ શિક્ષણ પાછળ જવાબદારી નિભાવવાનો જરા પણ સમય નથી. જ્યારે અમે ચૂંટાઈને આવ્યા ત્યારે વરાછાના સરથાણા વિસ્તારમાં એક વ્યક્તિએ અમને જણાવ્યું હતું કે આ વિસ્તારમાં લાઈબ્રેરી નથી તો વર્ષ 2024



ના બજેટમાં અમે એ જોગવાઈ કરાવડાવી, 2025 માં એ કામ શરૂ થયું અને એનું ખાતમુહૂર્ત પણ અમે કર્યું અને 2026 ના અંત સુધીમાં આખી સરસ મજાની લાઈબ્રેરી બનીને તૈયાર છે. પરંતુ છેલ્લા બે મહિનાથી આ લાઈબ્રેરી લોકોના ઉપયોગમાં આવી શકતી નથી જેના કારણે આ વિસ્તારના વિદ્યાર્થીઓને અગવડતા પડે છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મહેશભાઈ અણઘણે જણાવ્યું હતું કે, આ વાંચનાલય કોન્ટ્રાક્ટરો માટે નહીં પરંતુ લોકો અને વિદ્યાર્થીઓ માટે બનાવ્યું છે. તો આ બાબતે હું મેયરને સખત શબ્દોમાં ચેતવણી આપું છું કે, આ લાઈબ્રેરી બાબતે મેં તમને 14 તારીખે જાણ કરી હતી કે જો તમારી પાસે સમય ન હોય તો દશેરાના દિવસે લોકોને સાથે રાખીને લોકોના હસ્તે અને વિદ્યાર્થીઓના હસ્તે અમે આ લાઈબ્રેરીનું લોકાર્પણ કરી દઈશું. જો તમારી પાસે સમય ન હોય તો અમારે મજબૂરીમાં આ લોકાર્પણ કરવું પડશે. દશેરા સુધીમાં તમે આ લાઈબ્રેરીનું લોકાર્પણ કરો એવી અમારી વિનંતી છે અને જો તમે આ લાઈબ્રેરીને ખુલ્લી નહી મૂકો, તો અમે ખુલ્લી મુકશું અને જો એ દરમિયાન કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ઊભી થશે અથવા તો તમારા લોકો દ્વારા જો કોઈ અવ્યવસ્થા ઊભી કરવામાં આવશે, તો એની સંપૂર્ણ જવાબદારી મેયરની રહેશે. આ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં જે પણ લોકઉપયોગી કામ થયા છે, એ કામોને એળે જવા દેવાના નથી.



## સુરતમાં હવે તિરંગો લહેરાવી પણ ગુના સમાન; સુરતમાં તિરંગો લહેરાવનાર AAP કાર્યકર્તાઓની અટકાયત

સુરત | સુરત ખાતે આજે આમ આદમી પાર્ટીએ તિરંગો લહેરાવીને જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી. આ દરમિયાન પ્રદેશ ઉપાધ્યક્ષ રામ ધડુક, પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણ, પ્રદેશ મહિલા મોરચા અધ્યક્ષા પાયલ સાકરીયા, શહેર પ્રમુખ પંકજ આંબલીયા, સુરત લોકસભા પ્રમુખ વિપુલ સુહાગીયા, સુરત લોકસભા સંગઠન મંત્રી તુલસી લાલૈયા, વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી, કોર્પોરેટર પંકજ ચાવડા, કોર્પોરેટર અસ્મિતા ધોરાજીયા, પૂર્વ કોર્પોરેટર કુંદનબેન કોઠીયા, મહિલા મોરચાના કાર્યકર્તા શિલ્પા મારકણા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ તિરંગો લહેરાવ્યો હતો, પરંતુ ભાજપ સરકારથી જાણે આ પણ સહન ન થતું હોય તેમ પોલીસ મોકલીને આમ આદમી પાર્ટીના આ તમામ નેતાઓની તથા કાર્યકર્તાઓની તાનાશાહી ઢબે બળજબરીપૂર્વક અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીના નેતાઓએ "વોટ ચોર ગદ્દી છોડ", "ઈન્કલાબ જિંદાબાદ" અને "વંદે માતરમ"ના નારા લગાવ્યા હતા અને આ દરમિયાન તેમની અટકાયત કરવામાં આવી હતી.આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રામ ધડુકે આ દરમિયાન જણાવ્યું હતું કે, જ્ઞાનેશકુમારનું રાજીનામું લેવાને બદલે આજે ભારત દેશના જે નાગરિક દેશનો તિરંગો લહેરાવે છે એવા લોકોની પણ અટકાયત કરવામાં આવે છે, લોકો તિરંગો લહેરાવે છે એ પણ ભાજપથી સહન થતું નથી. આપણા દેશમાં લોકશાહી છે પરંતુ આપણા દેશના લોકોનો મતદાનનો અધિકાર છીનવી લેવામાં આવી રહ્યો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હસ્તે, એકતાનગર નાઈટ ટુરિઝમ ઝળહળશે

# એકતા પ્રકાશપર્વનો ભવ્ય શુભારંભ થતાં હરખ છવાયો

(એજન્સી) રાજપીપળા | તા. 16








નર્મદા નદીના પવિત્ર તટે અને વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલ પ્રતિમાના સાન્નિધ્યમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ પ્રવાસી ધામ એકતાનગર ખાતે આજે એક અત્યંત સુવર્ણ, ઐતિહાસિક અને આકર્ષક પર્વનો સત્તાવાર પ્રારંભ થઈ રહ્યો છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતિની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીના અવિભાજ્ય ભાગરૂપે સમગ્ર એકતાનગર પરિસરમાં અદ્ભુત 'એકતા પ્રકાશ પર્વ'નું અત્યંત ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે ૧૭મી ઓક્ટોબર ૨૦૨૬ શનિવારના રોજ આ ત્રિમાસિક આંતરરાષ્ટ્રીય સ્તરના મહા-મહોત્સવનું પોતાના વરદ હસ્તે વિધિવત ઉદ્ઘાટન કરી સમગ્ર દેશ-વિદેશના પ્રવાસીઓ માટે એક નવું નજરાણું ખુલ્લું મૂકશે.

અખંડ ભારતના શિલ્પી અને દેશને એકતાના તાંતણે બાંધનાર અમર સરદાર સાહેબની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે યોજાઈ રહેલું આ આયોજન કોઈ સામાન્ય તહેવારથી કમ નથી. આ ખાસ આયોજન ૧૭મી ઓક્ટોબર ૨૦૨૬થી શરૂ થઈને આગામી ૧૫મી જાન્યુઆરી ૨૦૨૭ સુધી એટલે કે સતત ૯૦ દિવસ સુધી અવિરતપણે ચાલશે. સમગ્ર ત્રણ મહિના દરમિયાન એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓ માટે દરરોજ સાંજે એક અલગ જ રોમાંચક અને દિવ્ય અનુભવ ઊભો કરવામાં આવશે. તહેવારો અને રજાઓની મોસમ દરમિયાન રાજ્ય સરકારની આ પહેલથી સ્થાનિક પ્રવાસન ઉદ્યોગને એક અભૂતપૂર્વ ઊંચાઈ પ્રાપ્ત થશે અને પ્રવાસીઓને અદ્ભુત સાંસ્કૃતિક વિરાસતનો અનુભવ થશે.

આ પ્રકાશ પર્વની સૌથી મોટી વિશિષ્ટતા તેની તકનીકી અને કલાત્મક સજાવટ છે. વહીવટી તંત્ર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના આશરે ૭.૬ કિલોમીટરના વિશાળ ભૌગોલિક ક્ષેત્રને અત્યાધુનિક, ઉર્જા-બચત કરતી લેઝર અને થીમ આધારિત ખાસ લાઈટિંગથી ઝળહળતું કરી દેવામાં આવ્યું છે. આ ૭.૬ કિમી લાંબા સમગ્ર રૂટ પર રાષ્ટ્રીય એકતા, ભારતીય સનાતન સંસ્કૃતિ, વિવિધતામાં એકતા અને દેશભક્તિના અમર ભાવોને ઉજાગર કરતી ખાસ કલ્પનાત્મક થીમ આધારિત રોશની ગોઠવવામાં આવી છે. રાત્રિના અંધકારમાં આ આખો વિસ્તાર આકાશી રોશનીથી ઝળહળી ઉઠશે અને પ્રવાસીઓને એક કાલ્પનિક માયાનગરીમાં હોવાનો આહલાદક અહેસાસ કરાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શુભારંભ પ્રસંગને અનુલક્ષીને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના પ્રધાનમંડળના સભ્યો, સ્થાનિક સાંસદો, ધારાસભ્યો અને વિશિષ્ટ મહેમાનોની હાજરીમાં આયોજિત કરાયેલા આ ઉદ્ઘાટન સમારોહ માટે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. સુરક્ષાની દ્રષ્ટિએ સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ અને ટ્રાફિક નિયંત્રણની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી બહારથી આવતા હજારો પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની અસુવિધાનો સામનો કરવો ન પડે.

આજે સાંજે ઉદ્ઘાટન થયા બાદ દરરોજ રાત્રે ૭.૬ કિમી ક્ષેત્રમાં વિવિધ રંગબેરંગી લાઈટો દ્વારા ભારતની પ્રાચીન સભ્યતા અને અર્વાચીન આધુનિકતાના દર્શન કરાવવામાં આવશે. વિદેશી પ્રવાસીઓ માટે પણ આ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહેશે. ગુજરાત સરકાર અને સ્થાનિક તંત્રના આ ભગીરથ પ્રયાસથી નર્મદા જિલ્લાનો આ સમગ્ર પહાડી વિસ્તાર આગામી ત્રણ મહિના સુધી રાત્રિના સમયે રોશનીથી ઝળહળતો રહેશે.

## વડોદરા મગર રેસ્ક્યુ અભિયાન સફળતાપૂર્વક પાર પડ્યું, દેણા ગામ તબેલામાં સીડા પાંચ ફૂટનો મગર ઘૂસ્યો



વડોદરા | વડોદરા શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વન્યજીવો ખાસ કરીને મગરો રહેણાંક વિસ્તારોમાં આવી ચઢવાના બનાવો હવે સામાન્ય બનતા જઈ રહ્યા છે. તાજેતરની આવી જ એક ઘટનામાં વડોદરા નજી આવેલા દેણા ગામે પશુપાલકના ગાય-ભેંસના તબેલામાં રાત્રે અચાનક સાડા પાંચ ફૂટ લાંબો મગર ઘૂસી જતાં ભારે હડકંપ મચી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, દેણા ગામે રાત્રીના સુમારે તબેલામાં મગર આવી પહોંચતા પશુઓમાં ગભરાટ ફેલાયો હતો અને ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. વડોદરા અને આસપાસના વિસ્તારોમાં અવારનવાર મગરો નદી કિનારેથી બહાર આવી જતા હોય છે. આ ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાની કે પશુને નુકસાન થયું ન હતું. સ્થાનિક ગ્રામજનો દ્વારા તુરંત જ જીવદયા કાર્યકરોને આ અંગેની જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ જીવદયા કાર્યકર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પોતાની સૂઝબૂઝ તથા સાવચેતીથી મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું.

## વડોદરા આગ ઘટનાથી મુજમહુડામાં મચી ગઈ ભારે અફરાતફરી, ફાયર બ્રિગેડ સમયસૂચકતાથી જાનહાનિ ટળી

(એજન્સી) વડોદરા | તા. 16

ગુજરાતના સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરના વ્યસ્ત મુજમહુડા વિસ્તારમાં આવેલી જાણીતી કાન્હા સ્વીટ્સ એન્ડ ફરસાણની દુકાનના ઉપરના માળે અચાનક આગ ફાટી નીકળતાં આસપાસના વેપારીઓ અને રાહદારીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. દુકાનના અંદરના ભાગમાંથી અચાનક ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા આકાશમાં વળવા લાગતા સ્થાનિક નાગરિકોમાં ગભરાટ ફેલાયો હતો. આ ભયાનક ઘટનાની જાણ થતાં જ ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ટીમ સાયરન વગાડતી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળ રહી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી, પરંતુ દુકાનદારને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વડોદરા શહેરના મુજમહુડા વિસ્તારમાં આજે બનેલી આ ઘટનાને કારણે થોડા સમય માટે સમગ્ર માર્ગ પર વાહનવ્યવહાર અટકી ગયો હતો. કાન્હા સ્વીટ્સ એન્ડ ફરસાણની દુકાનના ઉપરના માળેથી અચાનક ધુમાડો નીકળતો જોઈને ત્યાંથી પસાર થતા લોકો એકત્રિત થઈ ગયા હતા. આગે ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કરવાનું શરૂ કરતાની સાથે જ આસપાસની દુકાનોના વેપારીઓએ પોતાની દુકાનોના શટર નીચે પાડી દીધા હતા અને સલામત સ્થળે ખસી ગયા હતા. ધુમાડાનું પ્રમાણ વધુ હોવાને કારણે આખો વિસ્તાર થોડીવાર માટે ધૂમ્રસેર બની ગયો હતો, જેનાથી સ્થાનિક રહેવાસીઓમાં ડરનો માહોલ ઊભો થયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકો દ્વારા તુરંત જ ફાયર બ્રિગેડને ફોન કરીને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ગાડીઓ તાત્કાલિક સાયરન સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાનોએ સમય બગાડ્યા વિના તાત્કાલિક પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું.

## એકતાનગર નો ફ્લાય ઝોન જાહેર કરાયો મોટો આદેશ, વડાપ્રધાનની સુરક્ષા માટે આદેશ થયો

(એજન્સી) રાજપીપળા | તા. 16

નર્મદા જિલ્લાના વિશ્વપ્રસિદ્ધ પ્રવાસી ધામ એકતાનગર ખાતે આગામી દિવસોમાં આયોજિત થનારા અત્યંત ભવ્ય અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે એક મોટો અને અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના વડાપ્રધાનની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસના ત્રિદિવસીય મહોત્સવને લઈને સમગ્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના તમામ વિસ્તારોમાં ચુસ્ત સલામતી છત્ર ઊભું કરી દેવામાં આવ્યું છે. સુરક્ષાની અત્યંત સંવેદનશીલ જરૂરિયાતોને પ્રાથમિકતા આપીને કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સીઓ દ્વારા સમગ્ર વિસ્તારને ચોક્કસ સમયગાળા માટે હવાઈ ગતિવિધિઓથી મુક્ત રાખવા માટેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવાયું છે.

આગામી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે રાષ્ટ્રપિતા અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની અત્યંત ભવ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરની ઉજવણી થવાની છે. આ ગૌરવશાળી પ્રસંગે દેશના વડાપ્રધાન પોતે ખાસ હાજરી આપવાના છે અને દેશવાસીઓને સંબોધિત કરવાના છે. વડાપ્રધાનની સુરક્ષા પ્રોટોકોલ અને અતિ-મહત્વના વિઆઈપી કવરેજને ધ્યાનમાં રાખીને નર્મદાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી. કે. ઉંધાડ દ્વારા તેમને મળેલી વિશેષ કાનૂની સત્તાની રૂએ આકરી સુરક્ષા નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. ગરૂડેશ્વર તાલુકામાં આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ગવર્નન્સ ઓથોરિટીના સમગ્ર ભૌગોલિક અને પ્રવાસી વિસ્તારને આદેશ હેઠળ આવરી લેવાયો છે.

જિલ્લા પ્રશાસન દ્વારા બહાર પાડવામાં આવેલા આ કડક સત્તાવાર આદેશ અનુસાર, નિર્ધારિત સમયગાળા દરમિયાન એકતાનગરના આકાશમાં કોઈપણ પ્રકારની શંકાસ્પદ કે બિન-અધિકૃત વસ્તુઓ ઉડાડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવી દેવામાં આવી છે.

## વડોદરામાં લાંચ કેસમાં ત્રણ વર્ષની સજા થઈ ગઈ આજે, એસીબીના છટકામાં ઝડપાયા આરોપીઓ

(એજન્સી) વડોદરા | તા. 16

ગુજરાતના સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાં ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં ન્યાયતંત્ર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને દાખલારૂપ ચુકાદો આપવામાં આવ્યો છે, જેમાં વર્ષ ૨૦૧૮ના લાંચ રૂશ્વતના એક ચર્ચાસ્પદ કેસમાં વડોદરા મહાનગરપાલિકાના બે જવાબદાર કર્મચારીઓને અદાલતે કસૂરવાર ઠેરવીને ત્રણ વર્ષની સાદી કેદ અને દંડની સજા ફટકારી છે. પશુ ચરાવવા દેવાની અવેજમાં ગેરકાયદેસર રીતે પંદર હજાર રૂપિયાની માગણી કરીને લાંચ લેવાના આ ગંભીર પ્રકરણમાં લાંચ પ્રિવેન્શન બ્યુરોની સફળ કાર્યવાહી બાદ અદાલતે પુરાવાઓ અને સાક્ષીઓની ગ્રાહ્યતાને આધારે આ કડક આદેશ આપતા વહીવટી બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મીડિયા અહેવાલ મુજબ, આ સમગ્ર પ્રકરણની શરૂઆત આશરે આઠ વર્ષ પૂર્વે એટલે કે ૧૬ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ થઈ હતી. ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા એક સામાન્ય પશુપાલક તે દિવસે વિશ્વામિત્રી નદીના કોતરોમાં પોતાના મૂંગા પશુઓને ચરાવવા માટે લઈ ગયા હતા. તે સમયે વડોદરા મહાનગરપાલિકાની ઢોર પાર્ટીના સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા આરોપી વિક્રમસિંહ મારુતિરાવ બોરાડે ત્યાં અચાનક આવી પહોંચ્યા હતા. તેમણે પશુપાલકને ધમકી આપી હતી કે જો નિયમ મુજબ નહીં ચાલો તો તમારા તમામ પશુઓને પકડીને ડબ્બે પૂરી દઈશું અને ભારે દંડ વસૂલ કરીશું.

પશુપાલકને ડરાવીને ધાકધમકી આપ્યા બાદ સુપરવાઈઝરે શરૂઆતમાં વીસ હજાર રૂપિયાની તોતિંગ રકમની ગેરકાયદેસર લાંચની માગણી કરી હતી. ત્યારબાદ મામલો થાળે પાડવા માટે ફરિયાદીના જ એક ઓળખીતા અને મહાનગરપાલિકાના વેરા વિભાગમાં નોકરી કરતા આરોપી ગોપાલભાઈ ઉર્ફે ગોવિંદભાઈ શંકરભાઈ રબારીની મધ્યસ્થી કરાવવામાં આવી હતી. આ સિપાઈ મારફતે ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં એક મુલાકાત ગોઠવવામાં આવી હતી, જ્યાં લાંબી રકઝકના અંતે આખી રકમ ઘટાડીને પંદર હજાર રૂપિયા નક્કી કરવામાં આવી હતી.

## વડોદરા હોર્ડિંગ મુક્ત બનાવવાનો દાવો કાગળ પર રહ્યો, કોર્પોરેશન ઠરાવ છતાં હોર્ડિંગ્સને મંજૂરી અપાઈ




વડોદરા | સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરને હોર્ડિંગમુક્ત, કામચલાઉ પ્રવેશદ્વારમુક્ત અને કમાનમુક્ત બનાવવાનો ઠરાવ માત્ર કાગળ પર જ સીમિત રહી ગયો હોય તેમ લાગી રહ્યું છે. અગાઉ હાઈકોર્ટના આદેશ બાદ શહેરમાંથી હોર્ડિંગ્સ હટાવવાની કામગીરી કરાઈ હતી, પરંતુ હવે ધાર્મિક ઉત્સવોના નામે ફરીથી હોર્ડિંગ્સ અને કમાનો લગાવવાની મંજૂરી આપવામાં આવતા મોટો વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, ગણેશોત્સવ બાદ હવે આગામી નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો માટે પણ ધાર્મિક હોર્ડિંગ્સ લગાવવાની મંજૂરી સ્થાયી સમિતિ અને સામાન્ય સભા દ્વારા આપવામાં આવી છે. આ નિર્ણય સામે વિરોધ દર્શાવતા કોંગ્રેસના કાઉન્સિલર પુષ્પા વાઘેલાએ સામાન્ય સભામાં દરખાસ્ત રજૂ કરી હતી, પરંતુ સત્તાપક્ષે પોતાની બહુમતીના જોરે આ દરખાસ્ત ફગાવીને હોર્ડિંગ્સ મંજૂર કરાવી લીધી હતી. અગાઉ થયેલા ઠરાવ મુજબ આ મંજૂરીઓ વર્ષ ૨૦૨૫ સુધી જ સીમિત હતી, છતાં વર્ષ ૨૦૨૬માં પણ નિયમોને બાજુ પર મૂકીને મંજૂરીઓ અપાઈ રહી છે.

## માત્ર પાંચ રૂપિયામાં પૌષ્ટિક ભોજન

# શ્રમિક અન્નપૂર્ણા યોજના નર્મદા શરૂ થતાં ભારે રાહત



(એજન્સી) રાજપીપળા | તા. 16

ગુજરાત સરકાર અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા રાજ્યના પરિશ્રમી બાંધકામ શ્રમિકો અને તેમના આશ્રિત પરિવારજનોના આરોગ્ય તથા સુખાકારીને પ્રાથમિકતા આપીને નર્મદા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના નર્મદા શરૂ કરવામાં આવી છે. આ મહત્વકાંક્ષી કલ્યાણકારી અભિયાન અંતર્ગત જિલ્લાના ત્રણ વ્યાપચારિક અને વ્યસ્ત સ્થળો પર નવા ભોજન વિતરણ કેન્દ્રોનો અત્યંત ભવ્ય અને આત્મીય વાતાવરણમાં સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ લોકઉપયોગી વ્યવસ્થાના કારણે હવે કડિયાનાકા અને વિવિધ બાંધકામ સાઈટો પર પરસેવો પાડતા ગરીબ અને શ્રમજીવી વર્ગના નાગરિકોને પોતાના ઘરની નજીક જ પૌષ્ટિક અને ગુણવત્તાસભર ભોજન અત્યંત રાહત દરે પ્રાપ્ત થશે.

નર્મદા જિલ્લાના ભૌગોલિક અને ઔદ્યોગિક મહત્વને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા શ્રમિકોની વધુ અવરજવર ધરાવતા વિસ્તારોની પસંદગી કરવામાં આવી છે. વિશ્વપ્રસિદ્ધ પ્રવાસી ધામ અને નિર્માણ ક્ષેત્રે ઝડપથી વિકસતા એકતાનગર વિસ્તારમાં વિવિધ બાંધકામ સાઈટ પર દિવસ-રાત કામ કરતા શ્રમિકો માટે રામચોક ખાતે રાજ્યસભાના સાંસદ ડૉ. મુકેશભાઈ રાઠવાના વરદ હસ્તે વિશેષ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. આ ઉપરાંત રાજપીપળા શહેરના White Tower વિસ્તારમાં આવેલા મુખ્ય કડિયાનાકા ખાતે નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની ખાસ ઉપસ્થિતિમાં બીજા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ બે મુખ્ય શહેરી વિસ્તારો ઉપરાંત નાંદોદ તાલુકાની જીતનગર શ્રમિક વસાહત ખાતે પણ ત્રીજું ભોજન વિતરણ કેન્દ્ર કાર્યરત કરી દેવામાં આવ્યું છે.

આ શુભારંભ પ્રસંગે હાજર રહેલા રાજકીય અગ્રણીઓ, લોકપ્રતિનિધિઓ અને સરકારી વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ કડિયાનાકા પર એકત્રિત થયેલા શ્રમિક ભાઈઓ અને બહેનો સાથે અત્યંત સાદગીપૂર્ણ અને આત્મીય સંવાદ સાધ્યો હતો. મહાનુભાવોએ સ્વહસ્તે શ્રમિકોને ગરમાગરમ પૌષ્ટિક ભોજન પીરસીને યોજનાની વાસ્તવિક ઉપયોગિતા અંગે વિગતવાર સમજ આપી હતી. ઉપસ્થિત વક્તાઓએ શ્રમિકોને વિનંતી કરી હતી કે તેઓ માત્ર પોતાના રોજિંદા ભોજન માટે જ નહીં, પરંતુ રાજ્ય સરકાર દ્વારા શ્રમિક કલ્યાણ બોર્ડ મારફતે ચલાવવામાં આવતી આરોગ્ય તપાસ, શિક્ષણ સહાય, અકસ્માત વિમા યોજના અને આવાસ સહાય જેવી અન્ય તમામ મહત્વપૂર્ણ કલ્યાણકારી યોજનાઓનો પણ પૂરતો લાભ લેવા માટે પોતાના નામની નોંધણી કરાવે.

## કલેક્ટર ગંગા સિંઘની સમીક્ષા યોજાઈ, આદિજાતિ ખેડૂતો માટે બેઠક યોજાઈ છે

# વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના નર્મદામાં શરૂ થઈ

(એજન્સી) રાજપીપળા | તા. 16



નર્મદા જિલ્લાના આદિજાતિ અને અંતરિયાળ પ્રદેશમાં વસતા વનબંધુ ખેડૂતોના સર્વાંગી આર્થિક ઉત્થાન અને કૃષિ ક્ષેત્રે સ્વનિર્ભરતા સુનિશ્ચિત કરવાના ઉમદા હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ વહીવટી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘના પ્રમુખસ્થાને આયોજિત આ જિલ્લા કક્ષાની સમિતિની સમીક્ષા બેઠકમાં વન અધિકાર અધિનિયમ હેઠળ સત્તાવાર હકપત્રો ધરાવતા તમામ આદિજાતિ ખેડૂતો સુધી રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી નીતિઓના લાભો સમયસર, સરળતાથી અને સંપૂર્ણ પારદર્શી રીતે પહોંચાડવા માટે વિગતવાર આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. વહીવટી તંત્રની આ નવી પહેલથી વનવિસ્તાર નજીક ખેતી કરતા હજારો ગરીબ ખેડૂત પરિવારના જીવનધોરણમાં મોટો સકારાત્મક બદલાવ આવવાની પૂરેપૂરી આશા જાગી છે.

ઐતિહાસિક વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અનન્વયે જમીનના સત્તાવાર અધિકાર પત્રો મેળવનારા આદિજાતિ ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન હાથ ધરવાના થતા વિવિધ યોજનાકીય કામકાજો, લક્ષ્યાંકો અને બજેટની ફાળવણી અંગે બેઠકમાં બારીકાઈથી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટર ગંગા સિંઘે સભામાં ઉપસ્થિત તમામ અમલીકરણ અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે જમીન મેળવનારા ખેડૂતો માત્ર જમીનધારક ન રહેતાં પોતાના ખેતરમાંથી ઉત્કૃષ્ટ પાક ઉત્પાદન મેળવીને આર્થિક રીતે સધ્ધર બને તે સરકારનો મુખ્ય ધ્યેય છે.

યોજનાની મૂળભૂત જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપતાં સમિતિના સભ્યોએ જણાવ્યું હતું કે, આદિજાતિ ખેડૂતોને પરંપરાગત ખેતીમાંથી બહાર લાવી આધુનિક કૃષિ પદ્ધતિ તરફ વાળવા માટે જમીન સુધારણાના કાર્યો, ઉત્તમ ગુણવત્તા ધરાવતા બિયારણ અને રાસાયણિક તથા જૈવિક ખાતર સહાય પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત સૌથી મહત્વપૂર્ણ એવી સિંચાઈ સુવિધા માટે ઊંડા બોરવેલ, ઊર્જા બચાવતા સોલાર પંપ તથા ખેતરો સુધી પાણી પહોંચાડવા માટે પાઈપલાઈન સિસ્ટમ ઊભી કરવા માટે મોટી નાણાકીય સબસીડી આપવામાં આવશે. આધુનિક કૃષિ સાધનોની ફાળવણી, આવક વધારવા માટે ફળઝાડનું વાવેતર અને પૂરક રોજગારી માટે પશુપાલન સંબંધિત કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધારવા અંગે ભાર મૂકવામાં આવ્યો હતો.

### પારિવારિક વિવાદમાં સુખદ ઉકેલ આવ્યો

## નર્મદામાં 181 અભયમ ટીમે પતિ પત્ની અને સાસુ વચ્ચે સુમેળ થયો

(એજન્સી) રાજપીપળા | તા. 16




નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના એક શાંત અને અંતરિયાળ ગ્રામીણ વિસ્તારમાં તાજેતરમાં બનેલી એક ગંભીર અને સંવેદનશીલ ઘટનામાં રાજ્ય સરકારની જાણીતી મહિલા સુરક્ષા અને સહાયતા સેવા દ્વારા અત્યંત સરાહનીય કામગીરી કરવામાં આવી છે. લગ્નના અત્યંત ટૂંકા ગાળામાં ગૃહકલેશ અને વચગાળાના મતભેદોના કારણે ભાગી જવાના આરે પહોંચેલા એક નવપરિણીત યુગલ અને સાસુ વચ્ચેના કડવાશભર્યા સંબંધોને યોગ્ય સમયે કાઉન્સેલિંગ આપીને તૂટતા પરિવારને બચાવી લેવામાં આવ્યો છે. પિયરથી પરત આવ્યા બાદ સાસરીમાં પ્રવેશવા બાબતે સર્જાયેલા તીવ્ર પારિવારિક વિવાદમાં પિડિત મહિલાની સમયસૂચકતા અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમની બહેતરીન સમજાવટના પરિણામે સમગ્ર મામલાનું સુખદ અને શાંતિપૂર્ણ સમાધાન શક્ય બન્યું છે. પીડિત મહિલાના લગ્ન તાજેતરમાં જ એટલે કે આશરે પાંચેક મહિના અગાઉ થયા હતા. તેનો પતિ એક ખાનગી કંપનીમાં નિયમિત નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે, જ્યારે મહિલા પોતે સાસરીમાં રહીને તમામ ઘરકામ સંભાળતી હતી. તાજેતરમાં પિતૃપક્ષના શ્રાદ્ધ પ્રસંગ હોવાથી મહિલા પોતાના પતિની પૂર્વ સંમતિ મેળવીને થોડા દિવસો માટે પિયર ગઈ હતી.

## સમંડા ખાતે શ્રી ગોગા મહારાજનો ભવ્ય પાટોત્સવ યોજાયો



### મહાઆરતી, ભવ્ય રમેલ અને ભોજન સમારંભનું આયોજન; સેવાભાવી દાતાઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરાયો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના અબડાસા તાલુકાના સમંડા ગામે શ્રી રામીમાંના ગોગા મહારાજના પવિત્ર સ્થાનકે તા. 15 ઓક્ટોબર, 2026ના રોજ પાંચમના શુભ દિવસે ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહી શ્રી ગોગા મહારાજનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પાટોત્સવ નિમિત્તે સાંજે 6 વાગ્યે ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. ત્યારબાદ રાત્રિના સમયે શ્રી ગોગા મહારાજની ભવ્ય રમેલ અને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીગર ભુવાજીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ભક્તજનો માટે ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.સેવાભાવી દાતાઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરાયો.આ કાર્યક્રમ અંગે માહિતી આપતાં દલપત રાણવા (શિવ શક્તિ હેર સલૂન, દેશલપર-ગુંતલી)એ જણાવ્યું હતું કે, શ્રી ગોગા મહારાજના પાટોત્સવને સફળ બનાવવા અનેક સેવાભાવી મિત્રો અને કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.તેમણે દલપત રાણવા, દીપક રાણવા સોઢા, વિજય રાણવા, મહિપતસિંહ, કિરીટ ભટ્ટી, જીગર રાઠોડ, પ્રજ્ઞેશ રાઠોડ, ભાવેશ રાણવા વાળંદ યુવક મંડળ નખત્રાણા ના સભ્યો તેમજ લાઈટિંગ અને ફિટિંગની સેવા આપનાર ભરત આહીર સહિત તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.આ ઉપરાંત, ભોજન સમારંભના દાતાશ્રી સોની ઉમંગનો પણ વિશેષ આભાર માન્યો હતો. રાજેશભાઈ ભાવાણી ઐયર સહિત તમામ સેવાભાવી મિત્રો અને ભક્તજનોના સહકારથી પાટોત્સવ ભક્તિમય વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. અંતમાં દલપત રાણવાએ સૌ સહયોગીઓ અને ભક્તજનોનો આભાર વ્યક્ત કરી શ્રી ગોગા મહારાજ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરી હતી.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 17-10-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો.

**વૃષભ : બ. વ. ઉ.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

**મિથુન : ક. છ. ઘ.**

વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**કર્ક : ડ. હ.**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી.

**સિંહ : મ. ટ.**

મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**તુલા : ર. ત.**

અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિર્ણય થોપવાનો પ્રયાસ કરશો.

**મકર : ખ. જ.**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈઓ તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. તમારૂં પ્રિયપાત્ર થોડુંક ચીડાયેલું લાગે છે.

**મીન : દ.ચ. ઝ. થ.**

સાંજે થોડીક હળવાશ માણો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે.

## નાની બાળાઓની ગરબા

### માથે ગરબો, કાંડામાં કંગન ને હાથે ચુંદડી... દેશલપરમાં બાળાઓએ જીવંત રાખી ગામડાની નવરાત્રિની પરંપરા!

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામમાં નવરાત્રિના પર્વ નિમિત્તે બાળાઓ દ્વારા માતાજીના ગરબા સાથે પરંપરાગત રીતે આરાધના કરવામાં આવતી હોવાનો સુંદર નજારો સામે આવ્યો છે. "માથે ગરબો માવડી હેત્યાં રે, કાંડામાં કંગન, હાથે ચુંદડી" ગરબાની આ મધુર પંક્તિઓ ગામડાની નવરાત્રિની આગવી ઓળખ અને પરંપરાની યાદ અપાવે છે. નવરાત્રિનો પર્વ એટલે શક્તિની ઉપાસના, ભક્તિ અને શ્રદ્ધાનો ઉત્સવ. શહેરોમાં મોટા આયોજનો અને આધુનિક ગરબાની રમઝટ વચ્ચે આજે પણ ગામડાઓમાં



પરંપરાગત રીતે માતાજીની આરાધના કરવાની પ્રથા જોવા મળે છે. નવરાત્રિના પ્રારંભથી જ સાંજના સમયે નાની બાળાઓ માથે ગરબો લઈને પોતાના ફળિયામાં અને ઘેર-ઘેર જાય છે. ગરબાનાં ગીતો ગાઈને માતાજીની આરાધના કરે છે અને પરિવારજનો પાસેથી આશીર્વાદ મેળવે છે.દેશલપર (ગુંતલી) ગામમાં પણ નાની બાળાઓ દ્વારા ગરબા સાથે માતાજીની આરાધના કરતું મનમોહક દૃશ્ય જોવા મળ્યું હતું. બાળાઓની શ્રદ્ધા, ઉત્સાહ અને પરંપરા પ્રત્યેનો લગાવ ગામડાની સંસ્કૃતિની સુંદર ઝલક રજૂ કરે છે.આવી પરંપરાઓ માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતીક જ નથી, પરંતુ નવી પેઢીને સંસ્કાર, સંસ્કૃતિ અને વારસાનું જતન કરવાની પ્રેરણા પણ આપે છે. બાળપણથી જ માતાજીની ભક્તિ અને ગરબાની પરંપરા સાથે જોડાતી દીકરીઓ ગામડાની સંસ્કૃતિને જીવંત રાખવામાં મહત્ત્વનો ફાળો આપે છે.આધુનિકતાના પ્રવાહ વચ્ચે પણ દેશલપર (ગુંતલી) ગામની નાની બાળાઓએ ગરબા અને ભક્તિ દ્વારા નવરાત્રિની પરંપરાને જીવંત રાખી છે, જે ખરેખર આનંદ અને ગૌરવની વાત છે.

### મોરબીના વાંકાનેર તાલુકામાં મારામારીના ૩ બનાવ

# વાકાનેરમાં ઓર્ડર મુજબ ફુલહાર ન બનતાં ચાર શખ્સોનો વેપારી પર હુમલો

(એજન્સી) મોરબી | તા.16

વાકાનેર તાલુકામાં ત્રણ જગ્યાએ ઝઘડા,મારામારીના બનાવ બન્યા છે.જેમાં વાકાનેરમાં ફુલહાર બાબતની બોલાચાલીમાં ચાર શખ્સોએ સંપ કરી વેપારીને ઢોર માર મારવાની ઘટના બની છે. બીજા બનાવમાં વાકાનેરમાં જૂની અદાવતમાં બે વ્યકિત પર દસ શખ્સોએ લોખંડના પાઈપ અને ધોકાથી હુમલો કરવાની ઘટના બની છે. અન્ય બનાવમાં વાંકાનેર તાલુકાના મેસરિયા ગામે દારૂના કેસમાં મુળમાલિક દરજ્જે કાર છોડાવવા ન જવાની બાબતે બોલાચાલી બાદ બે શખ્સોએ ઝઘડો કરી કારના કાચમાં પાઈપ મારી દેર્વાનો બનાવ બન્યો છે.

બનાવની વધુ વિગત મુજબ વાકાનેરમાં જૂની અદાવતનો ખાર રાખી જુદા જુદા વાહનોમાં આવેલા દસ જેટલા શખ્સોએ એક સંપ કરી કાર આડે બાઈક નાજી લખુભા ગઢવી અને તેના મિત્ર દેવભાઈ



સુરેશભાઈ ચૌહાણ પર લાકડાના ધોકા અને પાઈપથી હુમલો કરી કોણી નજીક, અને ડાબા પગમાં ફ્રેક્ચર જેવી ઈજા કરતા દસ સામે ફરિયાદ નોંધાવાઈ છે.બીજા બનાવમાં વાકાનેરના આરોગ્યનગર વિસ્તારમાં રહેતા વિવેકભાઈ વિનોદભાઈ કુણપરાની ફુલહારની દુકાને મુન્નાભાઈ કારિયાએ ફુલહાર બનાવાવ આપ્યો હતો પણ ઓર્ડર મુજબ ફુલહાર ન બનતા આ બાબતે બોલાચાલી કરીને ઉશ્કેરાઈને મુન્નાભાઈ, તેનો પુત્ર દેવ, શનિભાઈ અને ધનાભાઈ કારિયા નામના ચાર શખ્સોએ ગાળો ભાંડી વિવેકભાઈ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાવાઈ હતી.ત્રીજા બનાવમાં મેસરિયા ગામે અર્શદભાઈ હૈયાતભાઈ વડાવિયાએ એમની જૂની અર્ટીગા કાર રફીકભાઈ પીપરવાડિયાને વેચી હતી. જેની લોન ચાલુ હોવાથી મૂળમાલિક અર્શદભાઈના નામ પર કાર હતી એ કાર દારૂના કેસમાં પકડાઈ જતાં અર્શદભાઈ જૂના માલિક તરીકે છોડાવવા ન જતાં એ મનદુખમાં અમનભાઈ પીપરવાડિયા, સાકીરભાઈ પીપરવાડિયા તલવાર અને પાઈપ લઈને મારવા આવ્યા હતા. આથી અર્શદભાઈ જીવ બચાવવા દોલુભાઈની કારમાં બેસી ગયા હતા. આ દરમિયાન સાકીરે લોખંડનો પાઈપ ક્રેટા કારમાં મારી દેતાં નુકસાન થયું હતું

## છોટા ઉદેપુર: બોડેલી રેલવે ફાટક નજીકથી અજાણ્યા અધેડનો મૃતદેહ મળી આવતાં ચકચાર

(એજન્સી) છોટા ઉદેપુર | તા.16

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલી રેલવે ફાટક નજીકથી એક અજાણ્યા અધેડ વયના પુરુષનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનીક લોકો એકઠા થઈ ગયા હતા, પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.મળતી માહિતી અનુસાર, રેલવે ફાટક નજીક અજાણ્યા અધેડનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી મળતાં જ બોડેલી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે પ્રાથમિક પંચનામું કરીને મૃતદેહને કબ્જે લીધો હતો અને મોતનું સાચું કારણ જાણી શકાય તે માટે તેને પોસ્ટમોર્ટમ અર્થે બોડેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. સ્થાનિક સ્તરે ચાલતી ચર્ચાઓ મુજબ મૃતક અધેડ નજીકના તંબોળિયા ગામના રહેવાસી હોવાનું કહેવાઈ રહ્યું છે. જોકે, આ અંગે સચોટ માહિતી મેળવવા માટે પોલીસ તેમના પરિવારજનોનો સંપર્ક કરવાની કોશિશ કરી રહી છે. અધેડનું મોત કયા સંજોગોમાં થયું છે? કોઈ અકસ્માત સર્જાયો છે કે અન્ય કોઈ કારણ છે, તે અંગે પોલીસે તમામ દિશામાં ઘેરાણપૂર્વક તપાસ શરૂ કરી છે.છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલી રેલવે ફાટક નજીકથી એક અજાણ્યા અધેડ વયના પુરુષનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનીક લોકો એકઠા થઈ ગયા હતા, પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

## ખાંભા ગ્રામ પંચાયત: હસમુખભાઈ પીપલીયાને સરપંચ પદના ઉમેદવાર જાહેર કરાયા

ખાંભાની સોમનાથ હોટલ' ખાતે પ્રજાપતિ સમાજ દ્વારા આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને એક અગત્યની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મીટિંગમાં ખાંભાના પ્રજાપતિ સમાજના આગેવાનો અને પ્રજાપતિ સમાજના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાં પ્રજાપતિ સમાજની અખંડ એકતા અને મજબૂત સંગઠનના દર્શન પણ થયા હતા.બેઠકમાં ચૂંટણી લક્ષી ચર્ચાઓ બાદ સમાજના તમામ લોકો દ્વારા એકસુરે નિર્ણય લેવામાં આવ્યો હતો કે, પ્રજાપતિ સમાજના પ્રમુખ શ્રી હસમુખભાઈ અમરશીભાઈ



પીપલીયા આવતી ખાંભા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે પોતાની ઉમેદવારી નોંધાવશે અને ફોર્મ ભરશે.મીટિંગ દરમિયાન પ્રજાપતિ સમાજના લોકોએ હસુભાઈને સરપંચ પદના ઉમેદવાર તરીકે પૂર્ણ સમર્થન આપ્યું હતું અને આગામી ચૂંટણીમાં સમાજ એકજૂથ થઈને તેમને વિજય બનાવશે તેવી ખાતરી આપી હતી.

## માનનીય ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે એવોર્ડ આપી સન્માન





માતુશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઈસ્કુલમાં ભારતીય માનક બ્યુરો (bis),ભારત સરકાર દ્વારા સંચાલિત સ્ટાન્ડર્ડ ક્લબ માં શાળાના આચાર્ય શ્રી નરેન્દ્રસિંહ દેવડા સાહેબેશ્રી ના માર્ગદર્શન હેઠળ ગુજરાત કક્ષા એ શ્રેષ્ઠ કામગીરી બદલ કલબ ના મેન્ટ્રોર્સ અને શાળા ના શિક્ષક શ્રી રાજેશભાઈ બી ભાટિયા તથા શાળા ના વિધાર્થી નિકુલ એન પરમાર નું ગાંધીનગર ખાતે. 14 ઓક્ટોબર 2026 ના"વિશ્વ માનક દિવસ ""રોજ માનનીય ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી સાહેબ શ્રી ના હસ્તે એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું તે બદલ સરસ્વતી શાળા પરિવાર અને શ્રી રાજપૂત કેળવણી સહાયક મંડળ હર્ષ ની લાગણી અનુભવે છે

## જામનગરના પૂર્વ ડેપ્યુટી મેયરની બાઈક સળગાવાઈ હોવાનો આક્ષેપ : રૂ.40 લાખની લોનના વિવાદમાં એક શખ્સ સામે ફરિયાદ

જામનગર : જામનગરના પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ ડેપ્યુટી મેયર તપનભાઈ જસરાજભાઈ પરમારની ઘર બહાર પાર્ક કરેલી મોટરસાઈકલમાં આગ ચાંપવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સમાજમાંથી રૂ.40 લાખની લોન અપાવવાના મુદ્દે થયેલી બોલાચાલીની અદાવત રાખીને મોટરસાઈકલ સળગાવવામાં આવી હોવાના આક્ષેપ સાથે સિટી 'બી' ડિવિઝન પોલીસ મથકમાં એક શખ્સ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.પોલીસ ફરિયાદની વિગતો મુજબ, જામનગરના ગુલાબનગર વિસ્તારમાં પોસ્ટ ઓફિસ સામે બજરંગ ચોક નજીક રહેતા 36 વર્ષીય પૂર્વ કોર્પોરેટર તપનભાઈ જસરાજભાઈ પરમારે ગુલાબનગરની સરસ્વતી સ્કૂલવાળી શેરીમાં રહેતા મેહુલ ડોલરભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી છે.ગત તા.15 ઓક્ટોબરના વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાના અરસામાં તપનભાઈ પોતાના ઘરે સૂતા હતા. તે દરમિયાન પાડોશીએ ફોન કરીને ઘર બહાર પાર્ક કરેલી તેમની મોટરસાઈકલમાં આગ લાગી હોવાની જાણ કરી હતી. તપનભાઈ બહાર દોડી આવતાં મોટરસાઈકલ સળગતી જોવા મળી હતી. પાડોશીની મદદથી પાણી છાંટી આગ



બુઝાવવામાં આવી હતી. આગના કારણે મોટરસાઈકલની સીટ અને વાયરિંગ બળી જતાં અંદાજે રૂ.15 હજારનું નુકસાન થયું હતું. બનાવ બાદ ઘરના સીસીટીવી ફૂટેજ તપાસતાં મેહુલ ડોલરભાઈ પરમારની સંડોવણી જણાઈ હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, અગાઉ મેહુલ પરમારે સમાજમાંથી રૂ.40 લાખની લોન અપાવવા માટે તપનભાઈનો સંપર્ક કર્યો હતો. જોકે, આવી કોઈ લોન મળતી ન હોવાનું જણાવતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતની અદાવત રાખીને મેહુલે અગાઉ ધમકી આપી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.આ અદાવતના કારણે મોટરસાઈકલ સળગાવવામાં આવી હોવાના આક્ષેપ સાથે પૂર્વ કોર્પોરેટરે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં સિટી 'બી' ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 326(એફ), 324(2), અને 351(2) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરવા તાલુકામાં શૈક્ષણિક ક્ષેત્રે આ પ્રકારની રજત જયંતિ ઉજવણી

| દિપક રાવલ | દાહોદ

મોરવા હડફ તાલુકામાં પ્રથમ વખત રજત જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી: શિક્ષક શ્રી અભેસિંગભાઈ રાવળનું બહુમાન કરાયું. મોરવા હડફ તાલુકાના મેખર પગાર કેન્દ્ર ની ઝાબ બંગલી વર્ગ પ્રાથમિક શાળા ખાતે ૨૫ વર્ષની અવિરત અને ઉત્કૃષ્ટ સેવાઓ બદલ આચાર્ય શ્રી અભેસિંગભાઈ કાળુભાઈ રાવળની 'રજત જયંતિ મહોત્સવ' તરીકે ઉજવણી કરવામાં આવી હતી. મોરવા તાલુકામાં શૈક્ષણિક ક્ષેત્રે આ પ્રકારની રજત જયંતિ ઉજવણીનો પ્રથમ પ્રસંગ હોઈ સમગ્ર પંથકમાં આકર્ષણ અને ગૌરવનું કેન્દ્ર બન્યો હતો.કાર્યક્રમની વિધિવત શરૂઆત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ અને હારમાળા પહેરાવીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.જુદી જુદી શાળાના બાળકો દ્વારા મનમોહક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યા હતા તેમજ ભજન-સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો.પ્રસંગને યાદગાર





બનાવવા માટે શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ (યુનિફોર્મ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય શૈક્ષણિક મહા સંઘના અધ્યક્ષ શ્રી જીતુભાઈ બામણીયા, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના સિનિયર મંત્રી શ્રી પી.ખાંટ, રાષ્ટ્રીય શૈક્ષણિક મહ સંઘ ના મહામંત્રી શ્રી હસમુખભાઈ ડામોર, મોરવા હડફ તાલુકા ઘટક સંઘના ખજાનચી ખાતુભાઈ પારગી, પગાર કેન્દ્રના આચાર્ય શ્રી અજીતભાઈ બામણીયા, સી.આર.સી ભુપેન્દ્રભાઈ, એસ.એમ.સી અધ્યક્ષ ઈશ્વરભાઈ પટેલિયા , શાળા સ્ટાફગણ, શાળાના ભૂલકાઓ, ગ્રામજનો, વાલીઓ, બહેનો તેમજ રાવળ સમાજના પ્રમુખ શ્રી નરવતભાઈ રાવળ, પંચમહાલ ગોધરાના એડવોકેટ શ્રી જીતુભાઈ રાવળ, લીમખેડાના પત્રકાર શ્રી અભેસિંગભાઈ રાવળ, પત્રકાર શ્રી દીપકભાઈ રાવળ અને સંતરોડથી શ્રી ધર્મપાલભાઈ રાવળ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ અતિથિઓ, ગ્રામજનો અને બાળકો માટે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સંઘ અને શાળા પરિવાર દ્વારા આ ઉત્સવને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## મહુવામાં બાઈક ભટકાડી યુવકને ત્રણ શખ્સે પાઈપ વડે માર માર્યો

ભાવનગર : મહુવામાં ઝઘડો કરવાના ઈરાદે બાઈક ભટકાડયા બાદ યુવાન ઉપર ત્રણ શખ્સે લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. મહુવાના વાસીતળાવ, વાલા હેમાના ખાંચામાં રહેતા વિવેકભાઈ અશોકભાઈ જેઠવાએ અગાઉ જીજ્ઞેશ ભીલ નામના શખ્સના પારિવારિક પ્રશ્નમાં મદદ કરી હોય, તે બાબતનું મનદુ:ખ રાખી ગઈકાલે બુધવારે મોડીરાત્રિના સમયે વિવેકભાઈ પોતાનું બાઈક લઈને એલઆઈસી ઓફિસની સામે રાજાણી મોટર્સથી દૂર વળાંકમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક શખ્સે બાઈક ભટકાડી ઝઘડો શરૂ કર્યો હતો. આ સમયે જીજ્ઞેશ ભીલ અને કિશોર ગેલાભાઈ મકવાણાએ લોખંડના પાઈપ લઈ આવી જીજ્ઞેશે 'તું મારી પત્ની સાથે વાત કરે છે' તેમ કહીં ગાળો દઈ શખ્સોએ પાઈપ વડે અને ઢીકાપાટુંથી માર મારી શખ્સો નાસી ગયા હતા. મારામારીમાં ઈજાગ્રસ્ત થયેલા યુવકે તેના મિત્ર અને જનરક્ષક ૧૧૨માં જાણ કરતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી.

### જામનગરમાં ચાર દાયકાથી સળગતા ગરબાની અનોખી પરંપરા જીવંત

# યુવાનોએ સળગતી ઈંઢોણી સાથે ગરબા રમી માતાજીની આરાધના કરી

જામનગર : નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે ગુજરાતભરમાં અવનવી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ જોવા મળે છે, ત્યારે જામનગરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં છેલ્લા 40 વર્ષથી ચાલી આવતી સળગતા ગરબાની અનોખી પરંપરા આજે પણ અવિરત જળવાઈ રહી છે. ચામુંડા ગરબી મંડળ દ્વારા નિભાવવામાં આવતી આ પરંપરામાં યુવાનો સળગતી ઈંઢોણી સાથે ગરબા રમીને માતાજીની આરાધના કરે છે. આગની જ્વાળાઓ વચ્ચે ભક્તિ અને પરંપરાનો અદભુત સંગમ સર્જાતો હોવાથી આ ગરબી જામનગરવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.આધુનિક યુગમાં પણ પોતાની પ્રાચીન સંસ્કૃતિ, ધાર્મિક આસ્થા અને લોકવારસાને જીવંત રાખવાની દિશામાં પંચેશ્વર ટાવર વિસ્તારના યુવાનો દ્વારા કરવામાં આવતો પ્રયાસ નોંધપાત્ર



છે. છેલ્લા ચાર દાયકાથી ચાલી આવતી આ ગરબીમાં આશરે 18 જેટલા યુવાનો સળગતા ગરબા અને ઈંઢોણી સાથે રાસ રમી માતાજીની આરાધના કરે છે. આગની વચ્ચે તાલબદ્ધ રીતે ગરબા રમતા યુવાનોની આ અનોખી રજૂઆત નિહાળવા જામનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

### શક્તિ ઉપાસનાની દિવ્ય પરંપરા આ વર્ષે પણ પૂર્ણ આસ્થા અને પવિત્રતા સાથે ઉજવાઈ

# ચુંવાળ પ્રદેશના ઐતિહાસિક ડાંગરવા ગામમાં અવિચળ વિરાસત સમો નવરાત્રી મહોત્સવ: પૌરાણિક પરંપરા અને આસ્થાનો અદ્ભુત ત્રિવેણી સંગમ

ડાંગરવા: "જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી" ના ઉદ્ઘોષ સાથે ચુંવાળ પ્રદેશના પવિત્ર અને ઐતિહાસિક ડાંગરવા ગામમાં અનાદિ કાળથી ચાલી આવતી શક્તિ ઉપાસનાની દિવ્ય પરંપરા આ વર્ષે પણ પૂર્ણ આસ્થા અને પવિત્રતા સાથે ઉજવાઈ રહી છે. આદ્યાશક્તિ શ્રી અંબાજી માતાજીની આરાધનાના મહાપર્વ નવરાત્રી દરમિયાન આખું ગામ ભક્તિમય વાતાવરણમાં લીન બન્યું છે.

ડાંગરવા ગામના બ્રાહ્મણ વાસ સ્થિત મેલડી માતાના ચોકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે લાકડાની અદ્ભુત અને કલાત્મક માંડવીની સ્થાપના કરવામાં આવી છે. નવરાત્રી દરમિયાન અહીં દરરોજ યોજાતી ૪૫ મિનિટની દિવ્ય અને





ભવ્ય મહાઆરતી શ્રદ્ધાળુઓમાં અલૌકિક ઊર્જાનો સંચાર કરે છે. માત્ર ગરબા જ નહીં, પરંતુ પ્રાચીન સંસ્કૃતિને જીવંત રાખતા પૌરાણિક નાટકોનું આયોજન પણ આ મહોત્સવનું વિશેષ આકર્ષણ છે, જેને જોવા માટે આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડે છે.

આગામી પવિત્ર આસો સુદ આઠમના દિવસે ગામમાં શક્તિ યજ્ઞ (હવન)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમજ વિજયાદશમી (દશેરા) ના પવિત્રદિને પૌરાણિક પરંપરા મુજબ યોજાનાર 'મહિષાસુર વધ'નો કાર્યક્રમ અને ત્યારબાદ અશ્રુભીની આંખે આપવામાં આવતી વિદાય એ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ સમસ્ત ડાંગરવા ગામની એકતા, સંસ્કાર અને ભક્તિનો જીવંત વારસો છે.

આ ધાર્મિક મહોત્સવ પ્રસંગે નવરાત્રી મહોત્સવ મંડળ તથા સમસ્ત ગ્રામજનો દ્વારા ગામના તમામ નગરજનો, બહારગામ તેમજ વિદેશમાં વસતા માતૃભૂમિપ્રેમી ગ્રામજનોને આસો આઠમના હવન તથા વિજયાદશમીના પવિત્ર પ્રસંગોએ ઉપસ્થિત રહી દિવ્ય દર્શનનો લાભ લેવા અને માતૃભૂમિના આ સાંસ્કૃતિક વારસાની અખંડિતતાના સાક્ષી બનવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### રાજપીપલા માં ધારાસભ્ય ના હસ્તે લોકાર્પણ

# નર્મદા જિલ્લામાં ત્રણ અન્નપૂર્ણા કેન્દ્રોનો પ્રારંભ

રાજપીપલા : રાજપીપલા સહીત નર્મદા જિલ્લા માં ત્રણ સ્થળે શ્રમિકો ના લાભાર્થે અન્નપૂર્ણા કેન્દ નો પ્રારંભ થયો છે જ્યાં શ્રમિકોને રૂ . પાંચ ના રાહતદરે પૌષ્ટિક ભોજન મળી રહેશે. ગુજરાત સરકાર અને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સહયોગથી શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત સમગ્ર રાજ્યમાં નવા ૧૦૧ ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આ યોજના ના ભાગરૂપે નર્મદા જિલ્લામાં એકતાનગર, રાજપીપળા અને જીતનગર શ્રમિક વસાહત ખાતે એમ ત્રણ સ્થળોએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.એકતાનગર વિસ્તારમાં વિવિધ બાંધકામ સાઈટ



પર કામ કરતા શ્રમિકો અને તેમના પરિવારજનોને પૌષ્ટિક ભોજન મળી રહે તેવા આશયથી રામચોક ખાતે રાજ્યસભાના સાંસદશ્રી ડૉ. મુકેશભાઈ રાઠવાના હસ્તે કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જ્યારે રાજપીપળા શહેરના સફેદ ટાવર વિસ્તારના પાસે ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજપીપલા નજીક જીતનગર શ્રમિક વસાહત ખાતે પણ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે.

# મહિન્દ્રાએ XUV 3XO ZNG લોંચ કરી

(એજન્સી) મુંબઈ | તા.16

ભારતની અગ્રણી SUV ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે એનું પ્રથમ મુખ્ય પ્રવાહનું CNG પેસેન્જર વાહન XUV 3XO ZNG લોંચ કરવાની જાહેરાત કરી હતી, જેની પ્રારંભિક કિંમત 9.99 લાખ (એક્સ-શોરૂમ) છે. CNG સેગમેન્ટમાં XUV 3XO ZNG કોઈ પણ પ્રકારનું સમાધાન કર્યા વિના ડ્રાઈવિંગનો રોમાંચ આપે છે. CNG અને પેટ્રોલ એમ બંને મોડલમાં 82 kWનો પાવર અને 200 Nmનો ટોર્ક આપતા ટર્બોચાર્જ એન્જિનથી સંચાલિત આ વાહન 24.7 કિલોમીટર/કિલોગ્રામની સર્ટિફાઇડ કાર્યદક્ષતા સાથે જબરદસ્ત પર્ફોર્મન્સ આપે છે, જે ગ્રાહકોને ડ્રાઈવિંગનાં રોમાંચ સાથે સમાધાન કર્યા વિના ઓછા રનિંગ ખર્ચને પસંદ કરવાની ફ્લેક્સિબિલિટી આપે છે. સંપૂર્ણ રેન્જમાં XUV 3XO ZNG ફક્ત CNGની બચત કરતી નથી, પરંતુ તેમાં ટર્બોચાર્જ પર્ફોર્મન્સ, આકર્ષક ડિઝાઈન, વિશાળ જગ્યા, અત્યાધુનિક ટેકનોલોજી, સુવિધા અને સલામતી પણ મળે છે. આ તમામ ખાસિયતો પ્રારંભિક કિંમત પર મળે છે, જે એને CNG SUV ખરીદીનો એક આકર્ષક વિકલ્પ બનાવે છે.SUVની ખરીદીને XUV 3XO



ZNG વધારે સરળ બનાવે છે, ખાસ કરીને પહેલી વાર SUV ખરીદવા આતુર તથા પાવરફૂલ અને શ્રેષ્ઠ ખાસિયતો ધરાવતી કાર શોધતા ગ્રાહકો માટે. એન્ટ્રી વેરિઅન્ટમાં પણ અનેક પ્રીમિયમ ખાસિયતો મળે છે, જેમ કે 26.03 સેમીની HD ટચસ્ક્રીન, ક્રૂઝ કન્ટ્રોલ, રિઅર AC વેન્ટ અને 60:40 સ્પ્લિટ રિઅર સીટ, જેથી ગ્રાહકો XUV 3XOની વિશિષ્ટ ખાસિયતો, ટેકનોલોજી અને વ્યવહારિકતાની સાથે દરરોજ CNGની બચતનો લાભ લઈ શકે છે - તે પણ ડ્રાઈવિંગના રોમાંચ સાથે સમાધાન કર્યા વિના.મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના ઓટોમોટિવ બિઝનેસના પ્રેસિડન્ટ ડૉ. વેલુસામી આરે કહ્યું હતું, 'XUV 3XO ZNG સ્પષ્ટ ખાતરી આપે છે : ઝીરો સમાધાન. હાલ ગ્રાહકો CNGના ઓછા રનિંગ ખર્ચ સાથે સ્પેસ, ટેકનોલોજી, સલામતી અને ડ્રાઈવિંગ અનુભવ આપતી SUV ઈચ્છે છે. XUV 3XO ZNG કેટેગરીમાં સૌથી વધુ ટોર્ક સાથે ટર્બોચાર્જ પર્ફોર્મન્સ અને પ્રભાવશાળી કાર્યદક્ષતા સાથે CNGની વ્યવહારિકતા અને SUVનો રોમાંચ એખસાથે આપે છે, જે CNG SUVમાં ગ્રાહકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા નવા માપદંડો સ્થાપિત કરે છે. '

# Viએ ભારતનો પ્રથમ પ્રીપેઇડ ફેમિલી પ્લાન પ્રસ્તુત કરીને નવી શરૂઆત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.16

Viમાં 'Vi પે સબ હૈ VIP'નો વિચાર એ માન્યતા પર આધારિત છે કે અર્થપૂર્ણ ફાયદા તમામને મળવા જોઈએ. જીવનમાં આ વચનને પૂર્ણ કરીને Viએ આજે Vi પ્રીપેઈડ ફેમિલી પ્લાન જાહેર કર્યો છે, જે ભારતનો સૌપ્રથમ પ્લાન છે, જે પરંપરાગત પ્લાન્સથી અલગ છે, કારણ કે તેમાં પરિવારના સભ્યો દેશમાં કોઈ પણ જગ્યાએથી એકબીજાનો ડેટા શેર કરી શકે છે. આ નવો પ્લાન પ્રીપેઈડના ઉપયોગની જૂની રીતને બદલી શકે છે, જેથી યુઝરને પોતાના પરિવારના સભ્યો સાથે ડેટા શેર કરવાની સુવિધા મળે છે - ખાસ કરીને જ્યારે કોઈનો ડેટા પૂરો થાય ત્યારે.હાલની ડિજિટલ-ફર્સ્ટ દુનિયામાં ડેટા પૂર્ણ થવાથી કોઈ જરૂરી વીડિયો કોલ મિસ થઈ જાય છે, ઓનલાઈન ક્લાસ અટકી જાય છે, મેપ્સ ન હોવાથી ક્યાંક ફસાઈ જવાય છે, કે જરૂરી એપ અને સેવાઓનો ઉપયોગ થઈ શકતો નથી. સામાન્ય રીતે પરિવારના સભ્યો દરરોજ એકબીજાની મદદ કરે છે, પરંતુ મોબાઈલ ડેટા અત્યાર સુધી એક વ્યક્તિગત ચીજ છે. Vi પ્રીપેઈડ પ્લાન એને બદલે છે.Viના તમામ એક્ટિવ પ્રીપેઈડ સબસ્ક્રાઈબર Vi એપનો ઉપયોગ કરીને ચાર સભ્ય સુધીનું એક ફેમિલી ગ્રૂપ બનાવી શકે છે. તેમાં એક મુખ્ય સભ્ય અને ત્રણ ગૌણ સભ્ય હોઈ શકે છે. દરેક સભ્યનો પોતાનો પ્રીપેઈડ પ્લાન અને તેની વેલિડિટી હોય છે. સાથે સાથે, તેઓ તેમને ડેટા શેર કરવાની સુવિધા પણ મળે છે, જેથી સંપૂર્ણ પરિવાર એકબીજા સાથે જોડાયેલો રહી શકે છે. Vi પ્રીપેઈડ ફેમિલીના સભ્ય એકસાથે 500 MBનો ડેટા શેર કરી શકે છે, જેથી પરિવારના કોઈ એવા સભ્યની મદદ કરી શકાય છે, જેનો ડેટા પૂરો થવાનો છે.

# શિશુ આરોગ્ય વિશે માહિતગાર કરવા હિમાલયા બેબીકેર અને સ્માઈલ ફાઉન્ડેશને અમદાવાદમાં હેલ્થી બેબી કોન્ટેસ્ટ્સનું આયોજન કર્યું



અમદાવાદ | હિમાલયા બેબીકેર એ સ્માઈલ ફાઉન્ડેશનની સાથે સહયોગમાં એક હેલ્થી બેબી કોન્ટેસ્ટનું આયોજન પીએચસી અમદાવાદ, ગુજરાત ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં 85થી વધુ માતા અને બાળકોને આવરી લઈને સમુદાયીક સ્તરે આરોગ્યપ્રત્યે જાગૃત થાય તે રીતની પ્રવૃતિ અને ચર્ચા કરવામાં આવી હતી. આ પહેલ એ માતા અને બાળકના આરોગ્યની જાળવણીને પ્રોત્સાહન આપવા તથા બાળકના જીવનના શરૂઆતના વર્ષોમાં આરોગ્યપ્રદ અને વિકાસ વિશેની જાગૃતિ લાવવા માટેની સંસ્થાઓની આ સહિયારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવામાં આવી હતી.હેલ્થી બેબી સ્પર્ધાનું આયોજન પીએચસી અમદાવાદ, ગુજરાત ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં 85થી પણ વધુ રેકોર્ડજનક સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પહેલ દ્વારા માતા અને બાળકોને એક સાથે સમુદાયીક સ્તરે એકત્ર કરીને શિશુ માટેની આરોગ્યપ્રદ કાળજી કઈ રીતે લઈ શકાય અને તેના જીવનની શરૂઆતના વર્ષોમાં સ્વાસ્થ્યના મહત્વ વિશે જાગૃતિ લાવવામાં આવી હતી. તેની પ્રવૃતિ દ્વારા ગુજરાતના અમદાવાદ સ્થિત પીએચસી ખાતે હેલ્થી બેબી કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 85 થી વધુ માતાઓ અને શિશુઓએ ભાગ લીધો હતો. આ પહેલ દ્વારા માતાઓ અને શિશુઓને સમુદાય સ્તરે એકસાથે લાવવામાં આવ્યા હતા જેથી સ્વસ્થ બાળ સંભાળ પ્રથાઓ અને જીવનની સ્વસ્થ શરૂઆતના મહત્વ વિશે જાગૃતિ લાવવામાં આવે. આ પ્રવૃતિ દ્વારા, માતાઓને પોષણ, સ્વચ્છતા, આરોગ્યનીસંભાળ અને નિયમિત રીતે બાળકોની કઈ રીતે સંભાળ રાખવી તે વિશે ચર્ચા કરી અને તેમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેમાં નાના બાળકોની સુખાકારી અને વિકાસને ટેકો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.આ પહેલ વિશે, ડો. ચક્રવર્થી એન.વી., ડિરેક્ટર- બેબીકેર, હિમાલયા વૉલનેસ, કહે છે, "દરેક બાળકને જીવનની શરૂઆતમાં એક આરોગ્યપ્રદ અને પોષણ મળવાને હકદાર છે અને માતા-પિતામાં આ વિશે જાગૃતિ લાવવી એ તેને સક્ષમ બનાવવનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે. હેલ્થી બેબી કોન્ટેસ્ટ દ્વારા અમે માતાઓ અને બાળકોની સાથે સીધા જોડાઈ શક્યા તથા પોષણ, સ્વચ્છતા, આરોગ્યની જાળવણી અને બાળકોની નિયમિત રીતે કઈ રીતે સંભાળ રાખી શકાય તે અંગે ચર્ચા કરી હતી. સ્માઈલ ફાઉન્ડેશન સાથેનો અમારો સહયોગ બેબીકેર ઉત્પાદનથી આગળ વધારીને નવજાતની સુખાકારી પ્રત્યેની વધુ જાગૃતિ લાવવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. અમને આશા છે કે, આ બધી બાબતો સાથે જોડાઈને જો બાળકના જીવનના શરૂઆતના તબક્કામાં માતા-પિતા તેમના બાળકો માટે યોગ્ય પસંદગી કરે તો, તેઓ માહિતી સાથે યોગ્ય આત્મવિશ્વાસથી ઉછેર કરી શકશે."આ સહયોગ વિશે શ્રી સતનામ સિંઘ, સિનિયર જનરલ મેનેજર- હેલ્થ અને ડિઝાસ્ટર રિસ્પોન્સ, સ્માઈલ ફાઉન્ડેશન કહે છે, "સ્માઈલ ફાઉન્ડેશનનો સ્વાભિમાન પ્રોગ્રામ માતા અને બાળકના સ્વાસ્થ્યની જાળવણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યાં પ્રારંભિક પોષણ, સંભાળ અને જાગૃતિ જીવનભરનું પરિવર્તન લાવી શકે છે. અમદાવાદ, ગુજરાતની આ પ્રવૃતિ દ્વારા, હિમાલય વેલનેસ સાથે સહયોગમાં, અમે 85થી વધુ માતાઓ અને તેમના બાળકો સાથે સીધા જોડાયા હતા અને તેમની સાથે જીવનના શરૂઆતના વર્ષોમાં સ્વસ્થતાની જાળવણી કેટલી જરૂરી છે, તેનું મહત્વ સમજાવ્યું હતું.હેલ્થી બેબી કોન્ટેસ્ટ દ્વારા શીશુને શરૂઆતથી જ સ્વસ્થ્ય પ્રેક્ટિસને અપનાવવાના મહત્વને મજબૂત કરવાની તક પૂરી પાડી છે. આ સ્પર્ધામાં માતા અને અન્ય કાળજી રાખનારા લોકોને શરૂઆતના પોષણ, સ્વચ્છતા, નિયમિત આરોગ્યસંભાળ તથા સચેત બાળકની સંભાળની ભૂમિકાને સમજવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

## News Brief

### તહેવારોમાં ગ્રાહકોને લોન માટે આકર્ષવા બેંકોએ લાલ જાજમ બિછાવી

અમદાવાદ : ક્રેડિટ કાર્ડ કેશબેક અને વ્યાજદરમાં રાહતથી લઈને પ્રોસેસિંગ ફી માફી અને ઓનલાઈન શોપિંગ ઓફર્સ સુધી, ધિરાણકર્તાઓ (બેંકો) એ સુનિશ્ચિત કરી રહ્યા છે કે ગ્રાહકો આ તહેવારોની મોસમમાં ખરીદી કરતા અચકાય નહીં. કાર હોય, ઘર હોય, વોશિંગ મશીન હોય કે સ્માર્ટફોન હોય-દરેક માટે આકર્ષક ઓફર ઉપલબ્ધ છે. લોનના વ્યાજદરમાં થોડો વાધારો હોઈ શકે છે, પરંતુ બેંકર્સ ઉધાર લેનારાઓ પરનો બોજ હળવો કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહ્યા છે.

ગયા વર્ષ, ૧૯ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન બેંકો દ્વારા વિતરણ કરવામાં આવેલી રિટેલ લોન રૂ. ૨ લાખ કરોડને વટાવી ગઈ હતી, જેમાં હોમ લોનનો હિસ્સો લગભગ રૂ. ૫૫,૦૦૦ કરોડ હતો. બેંકર્સ માને છે કે આ વર્ષના આંકડા તેના કરતાં પણ સારા હોઈ શકે છે. ઓટોમોબાઈલ વેચાણ અને ઈ-વે બિલ્સ જેવા ઉચ્ચ-આવૃત્તિ સૂચકાંકો દર્શાવે છે કે આર્થતંત્રએ તેની ગતિ જાળવી રાખી છે, અને બેંકિંગ સિસ્ટમમાંથી ધિરાણ વાર્ષિક ધોરણે ૧૭-૧૮% ના મજબૂત દરે વધ્યું છે. આ પરિસ્થિતિ બેંકો માટે અનુકૂળ છે, જેમણે ગ્રાહકો માટે લાલ જાજમ બિછાવી દીધી છે. અર્ધ-શહેરી અને ગ્રામીણ બજારોમાં અપેક્ષાઓ હજુ પણ ઊંચી છે. વ્યક્તિગત ગ્રાહકો અને નાના ઉદ્યોગો બંને પોતાની સંપત્તિ વસાવવા માંગે છે. તહેવારોની મોસમ સામાન્ય રીતે વ્હીકલ ફાઈનાન્સ, એફોર્ડેબલ હાઉસિંગ અને વપરાશ-આધારિત કેટેગરીમાં માંગમાં વાધારો લાવે છે, અને આ વર્ષે પણ અંતર્ગત સૂચકાંકો પ્રોત્સાહક છે. ગ્રાહકો ધિરાણ ખર્ચ પ્રત્યે સભાન છે.

### ટાટા મ્યુચ્યુઅલ ફંડે 16 ઓક્ટોબર, 2026 થી ગોલ્ડ FoF માં નવા રોકાણ પર રોક લગાવી છે

# તહેવારની સિઝન વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીનો મોટો નિર્ણય, તમામ ગોલ્ડ ફંડ ઓફ ફંડ્સમાં નવું રોકાણ બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા.16

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે સેબીના નિર્દેશ બાદ તમામ ગોલ્ડ ફંડ ઓફ ફંડ્સ (FoFs)માં નવું રોકાણ બંધ કર્યું છે. આ FoFs ગોલ્ડ ETF માં રોકાણ કરે છે. જોકે, ગોલ્ડ ETFs શેરબજારમાં ટ્રેડ થતા રહેશે. કુલ 1.7 લાખ કરોડના ગોલ્ડ ETF માંથી 1/3 FoF દ્વારા આવે છે. સોનાની માંગ પર મોટી અસર નહીં થાય. ટાટા મ્યુચ્યુઅલ ફંડે 16 ઓક્ટોબર, 2026 થી ગોલ્ડ FoF માં નવા રોકાણ પર રોક લગાવી છે.ફેસ્ટિવ સિઝન વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીએ એક મોટો નિર્ણય લીધો છે. માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI)ના મૌખિક નિર્દેશો બાદ મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીએ તમામ ગોલ્ડ ફંડ ઓફ ફંડ્સ (FoFs)માં નવું રોકાણ લેવાનું બંધ કરી દીધું છે. આ FoFs પોતાનું નાણું ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ETFs)માં



રોકે છે. જોકે, અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ ફંડ હાઉસીસના તમામ ગોલ્ડ ETFs અગાઉની જેમ જ શેરબજારમાં ટ્રેડ થતા રહેશે. એક અનુમાન મુજબ ગોલ્ડ ETFsનું કુલ ઈન્ડસ્ટ્રી કદ આશરે 1.7 લાખ કરોડ રૂપિયા છે, જેમાંથી એક તૃતિયાંશ હિસ્સો FoF રૂટ દ્વારા આવે છે. એક ટોચના ફંડ મેનેજરે જણાવ્યું હતું કે ETFs મુખ્ય ફંડ હોય છે અને FoFs પોતાનું નાણું તેમાં જ રોકે છે. ઈન્ડસ્ટ્રીના જાણકારોનું માનવું છે કે ભારતમાં ગોલ્ડ ETFsનું કદ કુલ મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીના એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM)ના આશરે 2% જેટલું છે.

તેથી, ગોલ્ડ FoFsમાં નવા રોકાણ પર રોક લગાવવાના આ નિર્ણયથી ભારતમાં સોનાની માંગ પર કોઈ મોટો પ્રભાવ પડવાની સંભાવના નથી. તાજેતરમાં દેશે કિંમતી વિદેશી મુદ્રા ભંડારને બહાર જતા અટકાવવા માટે સોના પરનો આયાત શુલ્ક (Import Duty) વધારીને 15% કરી દીધો છે.ગુરુવારે મોડી સાંજે ટાટા મ્યુચ્યુઅલ ફંડ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તે ટાટા ગોલ્ડ ETF ફંડ ઓફ ફંડમાં એક સાથે રોકાણ (Lump-sum), નવા સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) અને સિસ્ટેમેટિક ટ્રાન્સફર પ્લાન (STP) રજીસ્ટ્રેશન પર કામચલાઉ રોક લગાવી રહ્યું છે, જે 16 ઓક્ટોબર, 2026 એટલે કે આજથી જ લાગુ થઈ ગયું છે.ફંડ હાઉસે સ્પષ્ટ કર્યું છે કે હાલના SIP/STP રજીસ્ટ્રેશન હેઠળ હપ્તાઓ ચાલુ રહેશે અને તેને લાગુ નેટ એસેટ વેલ્યુ (NAV) મુજબ પ્રોસેસ કરવામાં આવશે. આ રોકાણ રોક દરમિયાન પણ રિડેમ્પશન, સ્વિચ-આઉટ અને ચાલુ સિસ્ટેમેટિક વિડ્રોઅલ પ્લાન (SWP)ની સુવિધા પહેલાની જેમ જ ચાલુ રહેશે.

# પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે? મોડી રાતે સરકારે વિન્ડફોલ ટેક્સમાં કર્યો મોટો ફેરફાર!



(એજન્સી) નવી દિલ્હી | તા.16

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સ (અપ્રત્યાશિત કર)માં મોટો ફેરફાર કર્યો છે. 16 ઓક્ટોબર 2026થી અમલમાં આવેલી નવી દરો મુજબ, સરકાર દ્વારા પેટ્રોલના નિકાસ પરનો ટેક્સ વધારીને 2.50 રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે, જ્યારે ડીઝલના નિકાસ પરના ટેક્સમાં 7.50 રૂપિયા પ્રતિ લીટરનો મોટો ઘટાડો કરીને તેને 16 રૂપિયાથી ઘટાડીને 8.50 રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. જો કે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના નિકાસ શુલ્કમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.સરકારના આ નિર્ણયથી સામાન્ય નાગરિકોના મનમાં સવાલ થાય કે શું દેશમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે? તો સ્પષ્ટતા એ છે કે આ ફેરફાર માત્ર 'નિકાસ' (Export) પર લાગુ થાય છે, તેથી દેશમાં ઘરેલુ વપરાશ માટે મળતા પેટ્રોલ-ડીઝલની કિંમતો પર તેની કોઈ સીધી અસર પડશે નહીં. દિલ્હી સહિત દેશના મુખ્ય શહેરોમાં ઈંધણના ભાવ યથાવત રહ્યા છે. ભારતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સરકારી નિયંત્રણ હેઠળ ઈંધણના ભાવ નક્કી થતા હોય છે.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવના ઉતાર-ચઢાવ પર નજર રાખવા માટે સરકાર દર 15 દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરતી હોય છે. ભારતમાં જુલાઈ 2022માં પ્રથમવાર ફ્યુઅલ એક્સપોર્ટ પર આ ટેક્સ લાગુ કરવામાં આવ્યો હતો, અને તાજેતરમાં માર્ચ 2026માં મધ્ય પૂર્વના તણાવ અને ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળાને કારણે તેને ફરીથી અમલમાં મૂકવામાં આવ્યો છે.

# કોકા-કોલા ઈન્ડિયાના ફાઉન્ડેશન આનંદનાએ વડોદરામાં નવરાત્રિની ઉજવણી દરમિયાન જવાબદાર રીતે પીઈટી વેસ્ટ મેનેજમેન્ટને ટેકો આપ્યો

(એજન્સી) વડોદરા | તા.16

ભારતના સાંસ્કૃતિક ઉત્સવોમાં કચરાનો જવાબદારીપૂર્વક નિકાલ કરવાની વ્યવસ્થાને વણી લેવાના પ્રયાસોના ભાગરૂપે, કોકા-કોલા ઈન્ડિયાના આનંદના ફાઉન્ડેશને, હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ (એચસીસીબી) અને સ્વૈચ્છિક સંસ્થા લક્ષ્યના સહયોગથી, વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ હેરિટેજ પંડાલમાં 11થી 19 ઓક્ટોબર, 2026 દરમિયાન પીઈટી કચરાને ભેગો કરવા માટેનું અભિયાન ચલાવી રહ્યું છે. મેદાન સાફ અભિયાન હેઠળ હાથ ધરવામાં આવેલી આ પહેલનો હેતુ પીઈટી કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરવાનો અને ઉત્સવમાં ભાગ લેવા આવતા મુલાકાતીઓમાં વેસ્ટ



મેનેજમેન્ટ અંગે વધુ જાગૃતિ ફેલાવવાનો છે. આ સ્થળે દરરોજ અંદાજે 35,000 મુલાકાતીઓ આવે તેવી અપેક્ષા છે. આ પહેલનો હેતુ મોટી સંખ્યામાં એકત્રિત થતા લોકોને ધ્યાનમાં રાખી સાંસ્કૃતિક કાર્યક્રમમાં કચરાના જવાબદારીપૂર્વક નિકાલની વ્યવસ્થા ઊભી કરવાનો છે. આ સાથે મુલાકાતીઓને ઉત્સવના સ્થળોને સ્વચ્છ રાખવામાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સ્થળ પર કચરો એકત્ર કરવાની કામગીરી અને લોકો સાથેના સંવાદ દ્વારા, મોટા પાયે યોજાતા જાહેર ઉત્સવો દરમિયાન કચરાનો યોગ્ય નિકાલ કરવાનું મહત્વ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.કોકા-કોલા ઈન્ડિયા અને સાઉથવેસ્ટ એશિયાના પબ્લિક અફેર્સ, કમ્યૂનિકેશન્સ અને સસ્ટેનેબિલિટીના વાઈસ પ્રેસિડેન્ટ દેવયાની આર. એલ. રાણાએ જણાવ્યું હતું કે, "ભારતના સાંસ્કૃતિક ઉત્સવોમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થાય છે. તેથી આવા કાર્યક્રમોનું આયોજન કરતી વખતે જવાબદારીપૂર્વક કચરો એકત્રિત કરવાની કામગીરી એક મહત્ત્વનો મુદ્દો બની જાય છે. મેદાન સાફ અભિયાન દ્વારા અમે સ્થાનિક ભાગીદારો સાથે મળીને મોટી સંખ્યામાં લોકો આવતા કાર્યક્રમોમાં કચરાના જવાબદારીપૂર્વક નિકાલની વ્યવસ્થા ઊભી કરવા અને કચરાના યોગ્ય નિકાલ અંગે વધુ જાગૃતિ ફેલાવવા માટે કામ કરી રહ્યા છીએ.

# વિનિવેશ તથા એસેટ મોનેટાઇઝેશનની આવક રૂ. એક લાખ કરોડને પાર થશે




અમદાવાદ : આઈડીબીઆઈ બેન્કમાં પોતાના ૩૦.૪૮% હિસ્સાના વેચાણથી કેન્દ્ર સરકારને રૂ. ૨૬,૫૪૩ કરોડ મળવાના હોવાથી, ડિસઈન્વેસ્ટમેન્ટ (વિનિવેશ)માંથી થતી આવક રૂ. ૮૨,૩૦૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. આ રકમ નાણાકીય વર્ષ ૨૭ માટે ડિસઈન્વેસ્ટમેન્ટ અને એસેટ મોનેટાઈઝેશનના સંયુક્ત બજેટ અંદાજ રૂ. ૮૦,૦૦૦ કરોડ કરતાં પણ વાધુ છે. અત્યાર સુધી એસેટ મોનેટાઈઝેશન પેટે મળેલી રૂ. ૬,૩૬૭ કરોડની રકમ ઉમેરીએ તો ડિસઈન્વેસ્ટમેન્ટ અને મોનેટાઈઝેશન દ્વારા થતી પરચૂરણ મૂડી આવક રૂ. ૮૮,૬૬૮ કરોડ પર પહોંચી ગઈ છે.નાણાકીય વર્ષ ૨૭નો લગભગ અડાધો સમય હજુ બાકી છે ત્યારે ડિસઈન્વેસ્ટમેન્ટ અને એસેટ મોનેટાઈઝેશન પેટેની કુલ આવક વર્ષ દરમિયાન રૂ. ૧ લાખ કરોડને વટાવી જવાની પૂરી સંભાવના છે. આનાથી પશ્ચિમ એશિયાના સંઘર્ષના કારણે ઊભા થયેલા તણાવ અને ટેક્સ વાધારવાની મર્યાદિત તકો વચ્ચે કેન્દ્રની નાણાકીય સ્થિતિ વધુ મજબૂત થશે. જોકે ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન સારું ચાલી રહ્યું છે, તેમ છતાં વાહનોના ઈંાધણ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડા જેવા વિવાધ પરિબળોને લીાધે કુલ કરવેરાની આવક સામાન્ય બજેટ અંદાજ કરતાં ઓછી રહી શકે છે.આઈડીબીઆઈ બેન્કના સોદાની જાહેરાત પહેલાં, નાણાકીય વર્ષ ૨૭માં કેન્દ્ર સરકારની ડિસઈન્વેસ્ટમેન્ટ આવક રૂ. ૫૫,૭૫૭ કરોડ નોંાધાઈ હતી, જેમાં આગસ્ટ ૨૦૨૬માં ઑફર ફોર સેલ મારફતે એલઆઈસીનો ૬.૫% હિસ્સો વેચીને મેળવેલા રૂ. ૩૧,૫૧૫ કરોડનો મોટો ફાળો હતો.

# મિડ અને સ્મોલકેપ ફંડની એસેટ્સ રૂ. ૧૦ લાખ કરોડને આંબી ગઈ

અમદાવાદ : મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં મિડ અને સ્મોલકેપ સ્કીમ્સ હવે રૂ. ૧૦ લાખ કરોડનું સેગમેન્ટ બની ગયું છે, જેની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) પાંચ વર્ષમાં ચાર ગણી થઈ છે. આ વૃદ્ધિ રોકાણકારોના મજબૂત મૂડીપ્રવાહ અને બ્રોડર માર્કેટમાં સતત જોવા મળતી તેજીના કારણે માર્ક-ટુ-માર્કેટ લાભથી શક્ય બની છે.સપ્ટેમ્બર ૨૦૨૬ના અંતે એક્ટિવ મિડ અને સ્મોલકેપ ફંડ્સની સંયુક્ત એયુએમ રૂ. ૯.૮ લાખ કરોડ હતી, જે સપ્ટેમ્બર ૨૦૨૧માં રૂ. ૨.૫ લાખ કરોડ હતી. આ જ સમયગાળા દરમિયાન, એક્ટિવ ઈક્વિટી એયુએમમાં તેમનો સંયુક્ત હિસ્સો ૧૯.૬ ટકાથી વાધીને ૨૬ ટકા થયો છે.નિષ્ણાતો માને છે કે આ ગતિ આગળ પણ જળવાઈ રહેશે. ઉદ્યોગ હાલમાં પેસિવ મિડ અને સ્મોલકેપ ફંડ્સ દ્વારા અન્ય રૂ. ૩૫,૦૦૦ કરોડનું સંચાલન કરે છે. આ બંને પ્રમાણમાં વાધુ જોખમી કેટેગરીઓ પ્રત્યે રોકાણકારોનો રસ છેલ્લા ચાર વર્ષમાં મજબૂત વળતરને કારણે વધ્યો છે.માર્ચ ૨૦૨૬ પછી બ્રોડર માર્કેટમાં તીવ્ર સુધારો જોવા મળતાં તાજેતરના મહિનાઓમાં રોકાણકારોનો ઉત્સાહ વાધુ તેજ બન્યો છે. સપ્ટેમ્બરમાં, સ્મોલકેપ ફંડ્સમાં રૂ. ૯,૦૩૯ કરોડનો રેકોર્ડ નેટ ઈનફ્લો (ચોખ્ખો પ્રવાહ) જોવા મળ્યો હતો, જ્યારે મિડકેપ ફંડ્સે રૂ. ૭,૮૩૫ કરોડ આકર્ષ્યા હતા.આ વર્ષે અત્યાર સુધીમાં, સ્મોલકેપ ફંડ્સમાં રૂ. ૫૫,૩૦૦ કરોડનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો છે, જ્યારે મિડકેપ્સમાં રૂ. ૫૧,૨૯૫ કરોડનો પ્રવાહ આવ્યો છે. તેની સરખામણીમાં, લાર્જકેપ ફંડ્સે માત્ર રૂ. ૧૧,૬૯૦ કરોડ આકર્ષ્યા છે.સ્મોલકેપ બેન્ચમાર્ક નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ ઈન્ડેક્સ હાલમાં તેના છેલ્લા ૧૨ મહિનાના પ્રાઈસ-ટુ-અનર્ગ્સના ૩૦.૯ ગણા સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે, જે તેના પાંચ વર્ષના સરેરાશ ૨૮.૨ ગણા પી/ઈ કરતાં ઊંચો (પ્રીમિયમ પર) છે.

# અમેરિકાના એક નિર્ણયથી દુનિયાભરના અર્થતંત્ર પર ખતરો, ભારત પર પણ તોળાશે મોટું સંકટ!

(એજન્સી) નવી દિલ્હી | તા.16

વૈશ્વિક વ્યાજદરમાં 1% વધારો થાય તો વિકસિત દેશોના GDPમાં 0.6% ઘટાડો અને કંપનીઓના મૂડીરોકાણમાં સરેરાશ 1.8% ઘટાડાનું જોખમ છે. ગોલ્ડમેન સૅક્સના અભ્યાસ મુજબ, હોમલોન મોંઘા થતાં ગ્રાહક ખર્ચ 0.2% ઘટશે. યુરોપમાં રોકાણ ઘટતાં ભારતીય એન્જિનિયરિંગ નિકાસને અસર થઈ શકે છે. આનાથી ભારત પર પણ પરોક્ષ અસર પડશે. વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં વધારો થાય તો તેની અસર કંપનીઓના મૂડીરોકાણ, ગ્રાહકોના ખર્ચ અને સરકારોના નાણાકીય વ્યવહાર પર પડી શકે છે. ગોલ્ડમેન સૅક્સના ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચના અભ્યાસ મુજબ, વ્યાજદરમાં 100 બેસિસ પોઈન્ટ એટલે કે એક ટકાનો વધારો થાય તો આગામી વર્ષે વિકસિત દેશોના કુલ ઘરેલુ ઉત્પાદન(GDP)માં 0.6 ટકાનો ઘટાડો થઈ શકે છે. અર્થશાસ્ત્રીઓ જોસેફ બ્રિગ્સ અને જોહાન એલનના સંશોધનમાં રહેઠાણ, ગ્રાહક ખર્ચ, કંપનીઓનું મૂડીરોકાણ અને સરકારી દેવા એમ ચાર ક્ષેત્રોમાં ઊંચા વ્યાજદરની અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જોકે, આ અંદાજ સંભવિત વધારાની અસર દર્શાવે છે, વ્યાજદર વધવાની આગાહી નથી.અભ્યાસ પ્રમાણે, વ્યાજદરમાં એક ટકાનો વધારો થાય તો વિકસિત દેશોમાં કંપનીઓનું મૂડીરોકાણ સરેરાશ 1.8 ટકા ઘટી શકે છે. નેધરલૅન્ડ્સમાં 3.5 ટકા, સ્વીડનમાં 3.1 ટકા અને જર્મનીમાં 2.1 ટકાના ઘટાડાની શક્યતા છે.

### 8 ડૉલરથી 52,878 કરોડ સુધીની સફર... એક સામાન્ય યુવાનથી લઈને કેનેડાના 'વોરેન બફેટ' બનવા સુધીની તેમની સંઘર્ષની સંપૂર્ણ કહાની

# IDBI બેંકના નવા માલિક પ્રેમ વત્સાની પ્રેરણાદાયી સંઘર્ષગાથા

(એજન્સી) નવી દિલ્હી | તા.16

હૈદરાબાદના પ્રેમ વત્સા, જેઓ 8 ડૉલર સાથે કેનેડા ગયા હતા, તે હવે IDBI બૅંકને 52,878 કરોડમાં ખરીદી રહ્યા છે. IIT મદ્રાસના સ્નાતક વત્સાએ 'ફેરફેક્સ ફાઈનાન્સિયલ' સ્થાપી, જેની સંપત્તિ $109.1 બિલિયન છે. ભારતમાં CSB બૅંક અને થોમસ કૂક સહિત અનેક રોકાણો ધરાવતા વત્સા, IDBI બૅંક સાથે ભારતીય બૅંકિંગમાં મોટો પાયો જમાવશે. ખિસ્સામાં માત્ર 8 ડૉલર લઈને તેઓ એક સાવ અજાણ્યા દેશમાં પોતાનું ભવિષ્ય બનાવવા પહોંચ્યા હતા. વાત છે હૈદરાબાદના પ્રેમ વત્સાની. કોઈ જમાનામાં ઘેર-ઘેર ફરીને ઘરમાં કામ લાગે એવા સાધનો વેચનારી વ્યક્તિ આજે ભારતની મોટી બૅંકોમાંની એક એવી IDBI બૅંકને



રૂપિયા 52,878 કરોડમાં ખરીદીને તેના માલિક બનવા જઈ રહ્યા છે. ચાલો જાણીએ એક સામાન્ય યુવાનથી લઈને કેનેડાના 'વોરેન બફેટ' બનવા સુધીની તેમની સંઘર્ષની સંપૂર્ણ કહાની.

પ્રેમ વત્સાનો જન્મ 1950 માં હૈદરાબાદમાં થયો હતો. બાળપણથી જ ભણવામાં તેજસ્વી એવા પ્રેમ વત્સાએ 1971માં IIT મદ્રાસમાંથી કેમિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ પિતાની સલાહ માનીને તેઓ વધુ અભ્યાસ માટે કેનેડા ગયા, જ્યાં તેમણે યુનિવર્સિટી ઑફ વેસ્ટર્ન ઓન્ટારિયોની બિઝનેસ સ્કૂલમાંથી MBAનો અભ્યાસ કર્યો.

કેનેડા પહોંચ્યા ત્યારે તેમની પાસે માત્ર 8 ડૉલર હતા. એક નવા દેશમાં પગભર થવું સરળ ન હતું. અભ્યાસની સાથે સાથે રહેવા-જમવાનો ખર્ચ કાઢવા માટે તેમણે ઘરે ઘરે ફરીને હોમ એપ્લાયન્સીસ વેચવાનું કામ શરૂ કર્યું. આ સંઘર્ષના દિવસોએ તેમને બજારની સમજ અને મજબૂત વ્યવસાયિક દૃષ્ટિકોણ આપ્યો.

વર્ષ 1974માં પ્રેમ વત્સાએ 'કન્ફેડરેશન લાઈફ ઈન્શ્યોરન્સ કંપની'માં સ્ટોક પોર્ટફોલિયો મેનેજર તરીકે નોકરી શરૂ કરી, જ્યાં તેમને વીમા અને રોકાણના જોખમો વિશે ઊંડું જ્ઞાન મળ્યું. બરાબર 10 વર્ષ પછી, 1984માં તેમણે પોતાની ઈન્વેસ્ટમેન્ટ કંપની 'હેમ્બલિન વત્સા ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ' શરૂ કરી.1985માં તેમણે કેનેડાની એક નાની વીમા કંપની ખરીદી લીધી અને તેનું નામ 'ફેરફેક્સ ફાઈનાન્સિયલ' (Fairfax Financial) રાખ્યું. ફેરફેક્સનો અર્થ 'વાજબી અને મૈત્રીપૂર્ણ સંપાદન' એવો થાય છે. લાંબા ગાળાના રોકાણ અને ભવિષ્યની સંભાવનાઓ જોઈને રોકાણ કરવાની તેમની સ્માર્ટ વ્યૂહરચનાને કારણે દુનિયા તેમને 'કેનેડાના વોરેન બફેટ' તરીકે ઓળખવા લાગી. 30 જૂન, 2026 સુધીના આંકડા મુજબ, તેમની કંપની ફેરફેક્સની કુલ સંપત્તિ 109.1 બિલિયન ડૉલર સુધી પહોંચી ગઈ છે.ફેરફેક્સ ગ્રૂપ ભારતમાં પહેલાથી જ સક્રિય છે. તેમણે બેંગલુરુ ઍરપૉર્ટ મેનેજમેન્ટ, થોમસ કૂક ઈન્ડિયા (ટ્રાવેલ કંપની), IIFL કેપિટલ સર્વિસીસ, વીમા કંપની ગો ડિજિટ અને CSB બૅંકમાં મોટું રોકાણ કરેલું છે. 2018માં નિયમનકારી મંજૂરીઓ સાથે તેમણે CSB બૅંકમાં 51% હિસ્સો ખરીદ્યો હતો.હાલમાં કેન્દ્ર સરકાર અને LIC સંયુક્ત રીતે IDBI બૅંકમાં રહેલો પોતાનો 60.72% હિસ્સો વેચી રહ્યા છે. આ માટે ફેરફેક્સ કંપનીની પેટાકંપની '10955230 કેનેડા ઈન્ક.' ને સરકાર તરફથી મંજૂરી મળી ગઈ છે. આ ડીલ માટે કોટક મહિન્દ્રા અને એમિરેટ્સ NBD જેવી બૅંકોએ પણ દાવેદારી નોંધાવી હતી, પરંતુ ફેરફેક્સે 52,878 કરોડ રૂપિયાની સૌથી મોટી બોલી લગાવીને આ ડીલ પોતાના નામે કરી છે. કંપનીએ પ્રતિ શેર 75.99 રૂપિયાના બેન્ચમાર્ક સામે 81 રૂપિયાની ઊંચી બોલી લગાવી હતી.IDBI બૅંકનું કદ ઘણું વિશાળ છે. 2025-26ના નાણાકીય વર્ષમાં બૅંકનો ચોખ્ખો નફો 27% વધીને 9,513 કરોડ રૂપિયા થયો હતો. બૅંક 6 લાખ કરોડ રૂપિયાથી વધુનો વ્યવસાય કરે છે. દેશભરમાં તેની 2,174 શાખાઓ અને 3,011 ATM છે. તેની સરખામણીમાં ફેરફેક્સની પોતાની CSB બૅંકનો વ્યવસાય જૂન 2026ના ક્વાર્ટરમાં માત્ર 86,282 કરોડ રૂપિયા હતો. IDBI બૅંક મળવાથી ભારતના બૅંકિંગ સેક્ટરમાં ફેરફેક્સ ખૂબ મોટો પાયો જમાવી શકશે.આ અગાઉ 2019માં LIC એ 21,624 કરોડ રૂપિયા ચૂકવીને IDBI બૅંકનો 51% હિસ્સો ખરીદ્યો હતો અને તેને ખાનગી બૅંક બનાવી હતી.

# હેમા માલિનીના સ્ટારડમે પિતાનો જીવ લીધો!

## 13 વર્ષની ઉંમરે ડિરેક્ટરે ધુત્કારીને કાઢી મૂક્યાં, 'રાજ કપૂરની ડ્રીમ ગર્લ' પહેલી નજરમાં જ ધર્મેન્દ્રને દિલ દઈ બેઠી

(એજન્સી) મુંબઈ | તા.16



આજથી 78 વર્ષ પહેલાં તમિલનાડુના અમ્માનકુડીમાં જયા લક્ષ્મી પ્રસૂતિના અંતિમ તબક્કામાં હતાં. પહેલેથી બે દીકરા હતા, તેથી ત્રીજા બાળકના જન્મ પહેલાં જ તેમણે પોતાના પતિ વી.એસ.આર. ચક્રવર્તીને કહ્યું- 'જો જો, દીકરી જ થશે. હું તેનું નામ હેમા માલિની રાખીશ, જે મોટી થઈને ક્લાસિકલ ડાન્સર બનશે.' રૂમમાં મા દુર્ગા અને સરસ્વતીનાં મોટાં-મોટાં પોસ્ટર લગાવવામાં આવ્યાં.

જયા લક્ષ્મીએ કહેલી વાત સાચી સાબિત થઈ, હોસ્પિટલમાં બાળકીના રડવાનો અવાજ ગૂંજી ઊઠ્યો, દીકરીનો જન્મ થયો હતો. તેનું નામ હેમા માલિની રાખવામાં આવ્યું, જેને આજે આખો દેશ 'ડ્રીમ ગર્લ'ના નામથી પણ ઓળખે છે.

માતાના નિર્ણય મુજબ, હેમા માલિની પહેલાં ક્લાસિકલ ડાન્સર બન્યાં અને ત્યારબાદ હિરોઈન, પરંતુ આ જ સ્ટારડમ તેમના પિતાને ગુમાવવાનું કારણ બન્યું. કારણ બન્યો એક પાકિસ્તાની ચાહકનું ઘરમાં ઘૂસી આવવું અને પછી રસોડાની છરી વડે ભય ફેલાવવો.

હેમા માલિનીએ હોશ સંભાળ્યો જ હતો કે માતાએ તેમનું નામ ક્લાસિકલ ડાન્સિંગમાં લખાવી દીધું. રમવા-કૂદવાની કોઈ તક જ નહોતી. શાળામાંથી પરત ફરતાં જ હેમા ક્યારેક ડાન્સ ક્લાસમાં, તો ક્યારેક સિંગિંગ ક્લાસમાં જતાં. કોઈ શિક્ષક શીખવવામાં બેદરકારી રાખે, તો માતા તરત જ ક્લાસ બદલી નાખતાં.

થોડાં વર્ષો બાદ પરિવાર દિલ્હીમાં આવીને સ્થાયી થયો. ક્લાસિકલ ડાન્સની તાલીમ અહીં પણ ચાલુ રહી. દરેક સામાન્ય બાળકની જેમ હેમા પણ આખો દિવસ રમવા માંગતી હતી, પરંતુ માતાએ કંઈક અલગ વિચારી રાખ્યું હતું. તેઓ હેમાના વાળમાં તેલ નાખીને ચોટલો વાળતાં, વાળમાં ફૂલો લગાવતાં અને આંખોમાં કાજળ આંજતાં. એકદમ મદ્રાસી છોકરીની જેમ ઘાઘરા-ચોલી પહેરાવતાં. માતા તેમને યોગ્ય રીતે કપડાં પહેરવા અને હાવભાવની સમજ આપતાં.

જ્યારે તેઓ આ રીતે ક્યારેક દિલ્હીના રસ્તા પર નીકળતાં, ત્યારે આસપાસથી પસાર થતા લોકો તેમની મજાક ઉડાવતા. હેમા તેનાથી નારાજ થતાં, ત્યારે માતા કહેતાં- 'તેઓ તમને સાઉથ ઈન્ડિયન કહે છે, તો તેમાં વાંધો શું છે, તમે સાઉથ ઈન્ડિયન જ છો.'

થોડાં વર્ષો જ વીત્યાં હતાં કે, ક્લાસિકલ ડાન્સની યોગ્ય તાલીમ ન મળી શકવાના ડરથી જયા લક્ષ્મીએ પતિને સ્પષ્ટ કહી દીધું કે, તેઓ પોતાનું ટ્રાન્સફર મદ્રાસ કરાવી લે. પરિવાર મદ્રાસ આવી ગયો. ટૂંક સમયમાં જ હેમા સ્ટેજ શો કરવા લાગ્યાં.

### 13 વર્ષની ઉંમરે ડિરેક્ટરે ધુત્કારીને ફિલ્મોમાંથી કાઢી મૂક્યાં

આવા જ એક સ્ટેજ શોમાં 13 વર્ષની હેમા પર તમિલ ડિરેક્ટર સી.વી. શ્રીધરની નજર પડી. તેમણે તરત જ હેમાને પોતાની આગામી ફિલ્મમાં કાસ્ટ કરી લીધી. શૂટિંગ શરૂ થયું. હેમા ખૂબ ઉત્સાહ સાથે 2 દિવસ સુધી શૂટિંગના સેટ પર ગઈ. ડિરેક્ટર તેના નામથી ખુશ નહોતા. સૂચન મળ્યું કે, હેમા માલિનીની જગ્યાએ નામ સુજાતા રાખવામાં આવે.

પછી ત્રીજા દિવસે તેમને એમ કહીને ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવ્યાં કે, 'તું બહુ દુબળી-પાતળી છે, ક્યારેય હિરોઈન બની શકીશ નહીં.' 13 વર્ષની બાળકી માટે આ અસ્વીકાર ખૂબ ભાવનાત્મક હતો. ત્યારે માતાએ મનોબળ વધારતાં કહ્યું- 'આ તો માત્ર એક પડકાર છે, જેને સ્વીકારવો જ પડશે.' હેમા ફરી મંચ પર પાછા ફર્યાં.

થોડા સમય બાદ 1962ની ફિલ્મ 'ઈન્દુ સથિયમ'માં હેમા માલિનીને એક ગીતમાં ડાન્સ કરવાની તક મળી. ત્યારબાદ તેમને ઘણી તમિલ ફિલ્મોમાં નાના રોલ મળવા લાગ્યા. સાઉથ ફિલ્મમેકર અને પ્રોડ્યુસર બી. અનંત સ્વામીએ હેમા માટે નવા રસ્તા ખોલ્યા. તેઓ તેમને ફિલ્મમેકર્સ સાથે મુલાકાત કરાવતા અને રોલ અપાવતા.

# 'જેલર 2' પહેલા દિવસે ₹125 કરોડ કમાણી

## સુપરસ્ટાર રજનીકાંતના સ્વેગ સામે રણબીર-રણવીર ટૂંકા પડ્યા! 'એનિમલ'-'ધુરંધર 2'ના રેકોર્ડ તોડ્યા...!

**નિવૃત્ત જેલર 'ટાઈગર મુથુવેલ પાંડિયન'ની વાર્તા** નેલ્સન દિલીપકુમારના ડિરેક્શનમાં બનેલી 'જેલર 2'માં રજનીકાંત ફરી એકવાર નિવૃત્ત જેલર ટાઈગર મુથુવેલ પાંડિયનના પાત્રમાં જોવા મળી રહ્યા છે. વાર્તામાં અંડરવર્લ્ડ તરફથી નવી પડકાર સામે આવ્યા બાદ તેમને પોતાના પરિવાર અને વારસાની રક્ષા માટે જૂનો હિંસક રસ્તો અપનાવવો પડે છે. આ એક્શન થ્રિલર ફિલ્મમાં રજનીકાંત સાથે મોહનલાલ અને વિદ્યા બાલને મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે.




(એજન્સી) મુંબઈ | તા.16

સાઉથ સુપરસ્ટાર રજનીકાંતની એક્શન-ડ્રામા ફિલ્મ 'જેલર 2'એ બોક્સ ઓફિસ પર રેકોર્ડ બ્રેકિંગ શરૂઆત કરી છે. નેલ્સન દિલીપકુમારના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે 15 ઑક્ટોબરે રિલીઝના પહેલા દિવસે ભારતમાં 59.70 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે.

ટ્રેડ વેબસાઈટ સૅકનિલ્કના જણાવ્યા મુજબ, ફિલ્મે દેશભરમાં 16,599 શોમાંથી 70.25 કરોડ રૂપિયાનું ડોમેસ્ટિક ગ્રોસ અને 55 કરોડ રૂપિયાનું ઓવરસીઝ ગ્રોસ કલેક્શન કર્યું છે. આ સાથે જ ફિલ્મનું પહેલા દિવસનું વર્લ્ડવાઈડ કલેક્શન 125.25 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

વિદેશોમાં કમાણીના મામલે 'જેલર 2'એ આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ધુરંધર 2'નો રેકોર્ડ તોડી દીધો છે. 'ધુરંધર 2'એ પહેલા દિવસે ઓવરસીઝમાં 52 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું હતું, જ્યારે 'જેલર 2'એ 55 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે.

વળી, 125.25 કરોડ રૂપિયાના કુલ વર્લ્ડવાઈડ કલેક્શન સાથે તેણે રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ' (116 કરોડ રૂપિયા વર્લ્ડવાઈડ ઓપનિંગ)નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો છે. ફિલ્મને પહેલા દિવસે સિનેમાઘરોમાં આશરે 37.46 લાખ (37,46,734) દર્શકો મળ્યા. ફિલ્મની ચાર ભાષાઓના આંકડાઓ પર નજર કરીએ તો તમિલ વર્ઝનનો દબદબો સૌથી વધુ રહ્યો. તમિલમાં ફિલ્મે 9,326 શોથી 43.35 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું, જ્યાં કુલ ઓક્યુપન્સી 70.8% નોંધાઈ. તેલુગુ વર્ઝને 2,792 શોથી 12.50 કરોડ રૂપિયા કમાયા. જ્યારે હિન્દી વર્ઝનથી 4,371 શોમાં 3.50 કરોડ રૂપિયા અને કન્નડ વર્ઝનથી 110 શોમાં 35 લાખ રૂપિયાનું નેટ કલેક્શન થયું. આ ચારેય ભાષાઓને મળીને ભારતમાં કુલ નેટ કમાણી 59.70 કરોડ રૂપિયા રહી. નેલ્સન દિલીપકુમારના ડિરેક્શનમાં બનેલી 'જેલર 2'માં રજનીકાંત ફરી એકવાર નિવૃત્ત



# ઈમરાન ખાન મુદ્દે બોલિવૂડમાં ઘમાસાણ : પૂર્વ મામી કિરણ રાવ ને સબા આઝાદ તંત્ર પર ભડક્યાં, ગજેન્દ્ર ચૌહાણે દેશદ્રોહી ગણાવ્યો; આદેશ સામે હાઈકોર્ટમાં જશે

મુંબઈ | મુંબઈમાં CJP (કોકરોચ જનતા પાર્ટી) પ્રદર્શન દરમિયાન કસ્ટડીમાં લેવામાં આવેલા બોલિવૂડ એક્ટર અને આમિર ખાનના ભાણેજ ઈમરાન ખાનને ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઑફિસ (FRRO)એ 28 ઑક્ટોબર સુધીમાં ભારત છોડવાની નોટિસ જારી કરી છે.

અમેરિકન નાગરિકતા અને OCI કાર્ડ ધરાવતા ઈમરાન ખાન આ આદેશ વિરુદ્ધ બોમ્બે હાઈકોર્ટમાં જવાની તૈયારી કરી રહ્યો છે. તેના વકીલોનું કહેવું છે કે તે પ્રદર્શનનો ભાગ નહોતો, પરંતુ રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો.

આ કાર્યવાહી અંગે ફિલ્મ ઈન્ડસ્ટ્રી બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. ઈમરાન ખાનની પૂર્વ મામી અને ફિલ્મ મેકર કિરણ રાવ અને હૃતિક રોશનની ગર્લફ્રેન્ડ સબા આઝાદે પોલીસની કાર્યવાહી પર પ્રશ્નો ઉઠાવ્યા છે, જ્યારે ગજેન્દ્ર ચૌહાણ અને રઝા મુરાદે સરકારના નિર્ણયનું સમર્થન કર્યું છે.

FRROની નોટિસના સમાચાર સામે આવ્યા બાદ બોલિવૂડ સેલિબ્રિટીઝની પ્રતિક્રિયાઓ પણ સામે આવી છે. ફિલ્મમેકર અને આમિર ખાનની પૂર્વ પત્ની કિરણ રાવે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ સમાચાર શેર કરતાં લખ્યું, 'વાહ, હવે આ મુંબઈ પોલીસ કરી રહી છે?'

દરમિયાન એક્ટ્રેસ સબા આઝાદે પણ પોલીસની આ કાર્યવાહી પર નારાજગી વ્યક્ત કરતાં લખ્યું, 'શું!? આ સંપૂર્ણપણે ખોટું છે.' નોંધનીય છે કે, 10 ઓક્ટોબરે મુંબઈના ઑગસ્ટ ક્રાંતિ મેદાનમાં કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રદર્શન દરમિયાન પોલીસે ઈમરાન ખાન, તેની પાર્ટનર લેખા વૉશિંગ્ટન અને કઝિન ઝૈન મેરી ખાન સહિત 400થી વધુ લોકોને કસ્ટડીમાં લીધા હતા અને બાદમાં છોડી દીધા હતા.

'નશા-મુક્ત ભારત અભિયાન' અને 'ડ્રગ્સ-મુક્ત મુંબઈ' અભિયાનના ભાગરૂપે, મુંબઈ પોલીસે ૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ એક વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ડ્રગ્સની હેરાફેરી પર લગામ લગાવવી, ગુનાખોરીમાં સંડોવાયેલા ટેવાયેલા ગુનેગારો પર કડક કાર્યવાહી કરવી અને નાગરિકોમાં નશીલા પદાર્થોના સેવનથી થતા જોખમો અંગે જાગૃતિ લાવવાનો હતો. આ બે દિવસ દરમિયાન, પોલીસે NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ) એક્ટ હેઠળ ૭૨ કેસ નોંધ્યા અને ૬૧ વ્યક્તિઓની ધરપકડ કરી.મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી રાજ તિલક રોશન અને એન્ટી-નાર્કોટિક્સ સેલના ડીસીપી પૂર્ણિમા ચોગુલેના જણાવ્યા અનુસાર, NDPS સંબંધિત કેસોમાં વોન્ટેડ અથવા ફરાર ૨૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત, આવા જ કેસોમાં સંડોવાયેલા અન્ય ૪૦ શંકાસ્પદ વ્યક્તિઓને પણ પકડી પાડવામાં આવ્યા છે. આ વિશેષ કાર્યવાહી દરમિયાન ૧૫.૮૭ કરોડ રૂપિયાના નશીલા પદાર્થો અને અન્ય પ્રતિબંધિત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. જપ્ત કરાયેલા પદાર્થોમાં ગાંજો, હેરોઈન, ચરસ, બ્રાઉન સુગર, એલએસડી (LSD), કોકેઈન,




હશીશ અને હાઈડ્રોપોનિક કેનાબીસનો સમાવેશ થાય છે. પોલીસે કુલ ૪૬.૧૬ કિલોગ્રામ નશીલા પદાર્થો જપ્ત કર્યા છે. આ ઉપરાંત, કોડીનયુક્ત કફ સિરપની ૯,૫૪૦ બોટલો પણ મળી આવી છે. NDPS કેસોમાં MCOCA (મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ) હેઠળ કાર્યવાહી. ડીસીપી રાજ તિલક રોશને જણાવ્યું હતું કે, ડ્રગ્સના વેપારમાં સંડોવાયેલા સંગઠિત ગુનેગારો સામેની કડક કાર્યવાહીના ભાગરૂપે, પોલીસે NDPS સંબંધિત એક કેસમાં પાંચ આરોપીઓ સામે 'મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ' (MCOCA) હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત, નશીલા પદાર્થોની ગેરકાયદેસર હેરફેરને રોકવા માટે બનાવવામાં આવેલા 'પ્રિવેન્શન ઓફ ઈલિસિટ ટ્રાફિક ઈન નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સીસ' (PIT NDPS) કાયદા હેઠળ, એક ટેવાયેલા ગુનેગારને નાસિક જેલમાં એક વર્ષ માટે અટકાયતમાં લેવામાં આવ્યો છે. ગુનેગારો સાથે સંકળાયેલી ૨૦ મિલકતો તોડી પાડવામાં આવી:વધુમાં, ટેવાયેલા ગુનેગારો સામેના નિવારક પગલાંના ભાગરૂપે, તેમની મિલકતો કે જગ્યાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ગુનેગારો સાથે સંકળાયેલી ૨૦ મિલકતો તોડી પાડવામાં આવી હતી અને ૧૪૫ ગેરકાયદેસર પાન તથા તમાકુના સ્ટોલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. (નોંધ: તોડફોડ/ખાલી કરાવવાની આ કાર્યવાહીનું ચોક્કસ કાનૂની સ્વરૂપ સંબંધિત પોલીસ અધિકારી પાસેથી ચકાસી લેવું જોઈએ.

# ન્યાય તંત્રને કોઈ ડરાવી નહીં શકે : સીજેઆઈએ રાહુલ ગાંધીને ઝાટક્યા



નવી દિલ્હી : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષની અરજી મુદ્દે સુપ્રીમ કોર્ટે સીઈસી જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરોને નોટિસ પાઠવી જવાબ માગ્યો છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, મહુઆ મોઈત્રા અને અન્ય નેતાઓને નોટિસ ફટકારી છે.જોકે, આ સાથે સુપ્રીમે રાહુલ ગાંધીના સુપ્રીમ કોર્ટ પરિસર સુધીની માર્ચને ટાંકીને મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે ન્યાયતંત્રને કોઈ ડરાવી કે ધમકાવી શકે નહીં. ચૂંટણી પંચના મતદાર યાદીમાં સુધારા કાર્યક્રમ 'સર' હેઠળ મતદારોના નામ હટાવવાના પગલાંના વિરોધમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજી પર ગુરુવારે સુનાવણી હાથ ધરાઈ હતી. આ સમયે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે માર્ચ અને તે સમયે સર્જાયેલી અવ્યવસ્થા અંગે સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું કે, અરજદાર રાહુલ ગાંધીએ આ અંગે ખુલાસો આપવો પડશે. સીજેઆઈ સૂર્યકાંત અને ન્યાયાધીશો જોયમાલ્યા બાગચીની બેન્ચે સીઈસી જ્ઞાનેશ કુમાર, અન્ય ચૂંટણી કમિશનરો સુખબીરસિંહ સંધૂ અને વિવેક જોશીને નોટિસ પાઠવી છે. સાથે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તાકીદ કરી કે અમે નોટિસ પાઠવી રહ્યા છીએ અને તેને અગાઉથી પેન્ડિંગ કેસો સાથે જોડી રહ્યા છીએ. ચૂંટણી પંચ તરફથી કોઈ આ નોટિસ સ્વીકારે નહીં તો ચૂંટણી કમિશનરોને મોકલાશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષે સોમવારે કોનોટ પ્લેસથી સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કરી હતી અને ચૂંટણી પંચની સર પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ તથા વોટ ચોરીના આક્ષેપો કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ અરજી કરી હતી. આ કેસની સુનાવણી ગુરુવારે થઈ હતી. બીજીબાજુ રાહુલ ગાંધીની સુપ્રીમ કોર્ટ સુધીની માર્ચના વિરોધમાં પણ એક અરજી થઈ હતી, જેની સુનાવણી વખતે વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટિયાએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટની અંદર સોમવારે જે ઘટના થઈ તે થવી જોઈતી નહોતી. લગભગ ૨૦૦ વકીલોએ એક દાવા પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં તેમણે વકીલોને ડરાવવા-ધમકાવવાના કથિત પ્રયત્નો પર ચિંતા વ્યક્ત કરાઈ હતી.

## News Brief

### હિમાચલ-કાશ્મીરમાં હિમવર્ષા : દિલ્હી-રાજસ્થાનમાં વરસાદ

નવી દિલ્હી : હવામાન વિભાગના કહેવા પ્રમાણે દેશમાંથી દક્ષિણ-પશ્ચિમનું ચોમાસું વિદાય લઈ રહ્યું છે. વિદાય પહેલાં અમુક રાજ્યોમાં વાતાવરણ પલટાયું હતું. ઉત્તર ભારતના ઘણાં રાજ્યોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. તો દક્ષિણના રાજ્યોમાં ચોમાસું જતા પહેલાં હળવા વરસાદી ઝાપટાં કરે તેવી શક્યતા છે.હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં બરફવર્ષા થઈ હતી. જમ્મુ-કાશ્મીરમાં તો અમુક વિસ્તારોમાં વરસાદ પણ પડયો હતો. હિમાચલ પ્રદેશમાં છ કલાકમાં જ ચાર ઈંચ સુધી બરફવર્ષા થઈ હતી. બરફવર્ષના કારણે ઘણાં રસ્તાનો વાહન-વ્યવહાર ખોરવાયો હતો. મનાલી-લેહનો હાઈવે બંધ થઈ ગયો હતો. હિમાચલ પ્રદેશની પહાડીઓમાં બરફની ચાદર પથરાઈ ગઈ હતી. અમુક સ્થળોએ તાપમાનનો પારો માઈનસ ૪ ડિગ્રી પહોંચી ગયો હતો એટલે શીતલહેરનો અનુભવ થયો હતો. એવું જ જમ્મુ-કાશ્મીરમાં પણ બન્યું હતું. જમ્મુ અને તેની આસપાસમાં ભારે વરસાદ થતાં અમુક નીચાણવાળા વિસ્તારોમાં તો પાણી ભરાઈ ગયા હતા. તે ઉપરાંત પહાડી વિસ્તારોમાં બરફવર્ષા થતાં તાપમાનનો પારો ગગડયો હતો. સોનમર્ગ અને ગુલમર્ગમાં રસ્તાઓ બંધ થઈ ગયા હતા. આખાય વિસ્તારમાં બરફનું લેયર પથરાયું હતું.પાટનગર દિલ્હીમાં તેજ હવા ફૂંકાઈ હતી. એકાએક વાતાવરણ પલટાયા પછી વરસાદ થતાં ઘણાં વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયો હતો. વરસાદ થતાં હવાની ગુણવત્તા સુધરે તેવી શક્યતા છે.

"અમારો હેતુ સત્તા બદલવાનો નથી" દિલ્હી પોલીસનું કડક પહેરો અને સુરક્ષા વ્યવસ્થા

# 'અમે સત્તા પરિવર્તન નથી ઈચ્છતા, પરંતુ...', અભિજિત દીપકેએ મોડી રાતે CJPનું લક્ષ્ય જણાવી દીધું

(એજન્સી) નવી દિલ્હી | તા.16

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા કનૉટ પ્લેસ ખાતે 'લહેરા દો તિરંગા' અભિયાનની જાહેરાતથી રાજકીય ગરમાવો વધ્યો છે. પાર્ટીના નેતાઓ આશુતોષ રાંકા અને સૌરવ દાસની અટકાયત તેમજ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે CJP પ્રમુખ અભિજિત દીપકેએ મધરાત્રે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે જણાવ્યું કે, તેમનો હેતુ સત્તા બદલવાનો નથી, પરંતુ લોકશાહીમાં પારદર્શિતા લાવવાનો છે. દિલ્હી પોલીસે 27000 સુરક્ષા જવાનો તૈનાત કર્યા છે. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા કનૉટ પ્લેસ (Connaught Place) ખાતે 'લહેરા દો તિરંગા' અભિયાન હેઠળ ઝંડો ફરકાવવાની જાહેરાત બાદ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. પાર્ટીના નેતાઓ આશુતોષ રાંકા અને સૌરવ દાસની અટકાયતના વિરોધમાં અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે CJP હવે આક્રમક મૂડમાં છે. આ તમામ હિલચાલ વચ્ચે CJP પ્રમુખ અભિજિત દીપકે (Abhijeet Dipke) એ મધરાત્રે એક અર્જન્ટ પ્રેસ કોન્ફરન્સ યોજીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અભિજિત દીપકેએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેમની પાર્ટી કોઈ સત્તા પરિવર્તન કે સરકાર ઉથલાવવા માંગતી નથી. તેમણે કહ્યું, "અમે બસ એટલી જ જવાબદાઈ માંગી રહ્યા છીએ કે જ્ઞાનેશ કુમારે ચૂંટણીમાં જે રીતે હેરાફેરી કરી છે અને સુપ્રીમ કોર્ટની મંજૂરી વિના ફોર્મ-6 માં ફેરફાર કર્યા છે, તેના પર સ્પષ્ટતા કરવામાં આવે. અન્ય બે ચૂંટણી કમિશનરોએ પણ જ્યારે આ નિર્ણયોનો વિરોધ કર્યો હતો, ત્યારે અમારું માત્ર એટલું જ કહેવું છે કે જ્ઞાનેશ કુમારને હટાવીને કોઈ અન્ય યોગ્ય વ્યક્તિને CEC બનાવો. શું લોકશાહીમાં આટલી માંગ કરવી પણ પાપ થઈ ગયું છે?"દીપકેએ વધુમાં જણાવ્યું કે અમે મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોને અનુસરનારા લોકો છીએ. અમેકોઈ હિંસા કે ગેરબંધારણીય કામમાં માનતા નથી. તેમણે સવાલ કર્યો કે, "અમે એક ભારતીય નાગરિક તરીકે શાંતિપૂર્વક જઈને તિરંગો લહેરાવવા માંગીએ છીએ, તો સરકાર કે પોલીસ અમને તિરંગો લહેરાવવાથી કેવી રીતે રોકી શકે?"CJP ના આ એલાન બાદ દિલ્હી પોલીસ અને વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર છે. તહેવારોની મોસમ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને લુટિયન્સ દિલ્હી (Lutyens Delhi) અને કનૉટ પ્લેસ વિસ્તારમાં અંદાજે 27000 સુરક્ષા જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની ધારા 163 લાગુ કરી દેવામાં આવી છે.

દિલ્હી પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કે, પોલીસે એક વૈકલ્પિક દરખાસ્ત પણ મૂકી છે કે જો કેટલાક વ્યક્તિઓ ચોક્કસ નિયમો અને ગરિમા સાથે માત્ર રાષ્ટ્રગાન અને તિરંગાનું પ્રદર્શન કરવા માંગતા હોય, તો તેમને યોગ્ય સ્થાને તેની મંજૂરી આપી શકાય છે. હાલ તો સમગ્ર દિલ્હીમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે તણાવપૂર્ણ શાંતિ જોવા મળી રહી છે.

## બાંગ્લાદેશ જેવું સપનું જોઈ રહી છે કોંગ્રેસ, રાજનાથસિંહનો રાહુલ ગાંધી પર વાર

(એજન્સી) નવી દિલ્હી | તા.16

કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે વિપક્ષ દ્વારા કરવામાં આવેલા એસઆઈઆરના વિરોધને લઈને વળતો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીના આરોપો જુઠ્ઠા અને રાજકીય નાટક છે. . દેશમાં વોટીંગ આઈડી વિના ચૂંટણીઓ થતી હતી. રાહુલ અને કોંગ્રેલ જનતાને ગુમરાહ કરે છે. ચૂંટણી પંચ અંગે વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવી રહેલા પ્રશ્નોની વચ્ચે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) આજે દેશભરમાં પત્રકાર પરિષદો યોજી રહી છે. લખનૌમાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં જે બન્યું તે મુજબ સત્તા પરિવર્તનની વાતો થઈ રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ચાલી રહેલા આંદોલનોનો ઉદ્દેશ્ય દેશના યુવાનો માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવાનો નથી. પરંતુ તે સત્તા પરિવર્તન લાવવાનો પ્રયાસ છે. એટલે કે સત્તા હસ્તગત કરવાનું એક ષડયંત્ર છે. તેમણે ઉમેર્યું કે સરકારને ઉથલાવી દેવા વિશે ખુલ્લેઆમ ચર્ચાઓ પણ થઈ રહી છે.ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધતા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ટિપ્પણી કરી કે કોંગ્રેસ અને તેના રાજકીય સાથી પક્ષો યુવાનોની ઊર્જાને જે રાષ્ટ્રનિર્માણમાં વપરાવી જોઈએ. તેઓ રાજકીય સંઘર્ષ અને અરાજકતા તરફ વાળવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે "સત્તા પરિવર્તન" (regime change) જેવા શબ્દોનો ઉપયોગ એ દર્શાવે છે કે વિપક્ષનો સંઘર્ષ ચૂંટણી સુધારાઓ કે ચૂંટણી કમિશનરો (જેમ કે જ્ઞાનેશ કુમાર) વિશે નથી, પરંતુ અરાજકતા ફેલાવીને સત્તા મેળવવાનો એક સુનિયોજિત પ્રયાસ છે.મતદાર ઓળખ કાર્ડ (વોટર આઈડી કાર્ડ) દાખલ થયા ત્યારથી કોંગ્રેસે લોકસભામાં સરકાર બનાવી નથી. કોંગ્રેસનો દાવો છે કે તેમના મતો "ચોરાઈ" ગયા હતા_જોકે, ઉત્તર પ્રદેશમાં છેલ્લી વખત તેમને 1995માં જીત મળી હતી, જ્યારે ભાજપ પાસે માત્ર બે બેઠકો હતી. રાહુલ ગાંધીએ હવે જવાબ આપવો જોઈએ: શું આ "મતોની ચોરી"નો મામલો હતો, કે પછી "કામચોરી"નો? રાહુલ ગાંધીએ મતોની આ કથિત "ચોરી"ને "હાઈડ્રોજન બોમ્બ" ગણાવીને દેશભરમાં હોબાળો મચાવ્યો હતો.

# દિવાળી પહેલા મોટો નિર્ણય, કેન્દ્ર સરકારે કર્મચારીઓ માટે 30 દિવસનું બોનસ મંજૂર કર્યું, કોને-કોને મળશે



(એજન્સી) નવી દિલ્હી | તા.16

કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2025-26 માટે તેના પાત્ર સરકારી કર્મચારીઓ માટે 30 દિવસના નોન-પ્રોડક્ટિવિટી લિંક્ડ (એડ-હોક) બોનસની જાહેરાત કરી છે. નાણા મંત્રાલય હેઠળના ખર્ચ વિભાગ (Department of Expenditure) દ્વારા 15 ઓક્ટોબર, 2026ના રોજ આ અંગેનો ઓફિસ મેમોરેન્ડમ જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણય હેઠળ કર્મચારીઓને મહત્તમ 6908 રૂપિયા સુધીનું બોનસ મળશે. આ લાભ ગ્રુપ 'સી' અને બિન-ગેઝેટેડ ગ્રુપ 'બી'ના કર્મચારીઓને મળશે, જેઓ પ્રોડક્ટિવિટી-લિંક્ડ બોનસ સ્કીમ હેઠળ આવરી લેવાયેલા નથી. આ સિવાય સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (CAPF) અને સશસ્ત્ર દળોના પાત્ર જવાનો તેમજ કેન્દ્ર સરકારનું પગાર માળખું ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશોના કર્મચારીઓને પણ આ લાભ આપવામાં આવશે.આ એડ-હોક બોનસ મેળવવા માટે કર્મચારીએ વર્ષ 2025-26 દરમિયાન ઓછામાં ઓછી 6 મહિનાની સતત સેવા પૂર્ણ કરેલી હોવી જરૂરી છે અને તેઓ 31 માર્ચ, 2026ના રોજ સેવામાં હોવા જોઈએ. જેમણે 6 મહિનાથી 1 વર્ષ વચ્ચે સેવા આપી છે, તેમને સેવાની અવધિ મુજબ પ્રો-રાટા (પ્રમાણસર) આધારે બોનસ ચૂકવાશે. આ ઉપરાંત, વિશેષ કિસ્સા તરીકે, 31 માર્ચ, 2026 પહેલાં નિવૃત્ત થયેલા, મેડિકલ આધારે નિવૃત્તિ લીધેલા અથવા અવસાન પામેલા કર્મચારીઓ જો વર્ષ દરમિયાન ઓછામાં ઓછી 6 મહિનાની નિયમિત સેવા ધરાવતા હશે તો તેઓ પણ આ બોનસ માટે પાત્ર રહેશે. રાજ્ય સરકારો અથવા પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSU)માં ડેપ્યુટેશન પર ગયેલા કર્મચારીઓને આ બોનસ જે-તે સંસ્થાના નિયમો મુજબ મળશે.બોનસની ગણતરી માટે માસિક વેતન મર્યાદા 7,000 રૂપિયા નક્કી કરવામાં આવી છે.

# નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે માલીગાંવમાં તેના મુખ્યાલયમાં EV ચાર્જિંગ સુવિધાઓ સ્થાપિત કરે છે

(એજન્સી) માલીગાંવ | તા.16

16 ઓક્ટોબર, 2026 ના રોજ, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ ગુવાહાટીના માલીગાંવમાં તેના મુખ્યાલયમાં ઈલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ સુવિધાઓ સ્થાપિત કરી. આ સુવિધાનું ઉદ્ઘાટન નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવ દ્વારા NFR મુખ્યાલયના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ પહેલ ટકાઉ ગતિશીલતાને પ્રોત્સાહન આપવા અને ઈલેક્ટ્રિક વાહનો અપનાવવાને પ્રોત્સાહન આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. નવી સુવિધા ચાર પૈડાવાળા અને બે પૈડાવાળા વાહનો બંનેને પૂરી પાડે છે, જે કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે અનુકૂળ ચાર્જિંગ વિકલ્પ પ્રદાન કરે છે, જ્યારે સ્વચ્છ, પર્યાવરણને અનુકૂળ પરિવહન તરફના સંક્રમણને ટેકો આપે છે.ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ચાર પૈડાવાળા વાહનો માટે 60 kW DC ફાસ્ટ ચાર્જરનો સમાવેશ થાય છે, જે બે ચાર્જિંગ



ગનથી સજ્જ છે. તેમાં CCS2 કનેક્ટર્સ છે, જે વિવિધ ઉત્પાદકો અને મોડેલોની ઈલેક્ટ્રિક કાર સાથે સુસંગત છે. આ ચાર્જર લગભગ 30 થી 40 મિનિટમાં કારને સંપૂર્ણપણે ચાર્જ કરી શકે છે, જે ઝડપી ચાર્જિંગ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે અને વપરાશકર્તાઓ માટે રાહ જોવાનો સમય ઘટાડે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ સુવિધા કાર માલિકો માટે EV ચાર્જિંગને વધુ સુલભ બનાવશે, જેનાથી ઈલેક્ટ્રિક વાહનો અપનાવવાનું પ્રોત્સાહન મળશે.વધુમાં, બે પૈડાવાળા ઈલેક્ટ્રિક વાહનો માટે યુનિવર્સલ સોકેટ સાથે 3.3 kW ચાર્જર સ્થાપિત કરવામાં આવ્યું છે. વાહનના પ્રકાર અને મોડેલના આધારે, સંપૂર્ણ ચાર્જ થવામાં 1.5 કલાક જેટલો સમય લાગી શકે છે. આ દૈનિક મુસાફરો અને અન્ય વપરાશકર્તાઓ માટે વ્યવહારુ ચાર્જિંગ સોલ્યુશન તરીકે કામ કરે છે.આ સુવિધાઓ NFR મુખ્યાલય સંકુલમાં EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઍક્સેસ વધારશે.

## નવરાત્રિ વચ્ચે બાગેશ્વરમાં મા ભગવતી મંદિરમાં લાગી ભીષણ આગ, મુખ્ય મંદિરમાં મોટા પ્રમાણમાં થયું નુકસાન

બાગેશ્વર : ઉત્તરાખંડના બાગેશ્વર જિલ્લામાં આવેલા મા ભગવતી મંદિરમાં ભીષણ આગ લાગી હતી, જેના કારણે ભારે નુકસાન થયું હતું. નવરાત્રિ દરમિયાન, આ તહેવારમાં મોટી સંખ્યામાં ભક્તો આવે છે, આ આગને કારણે વ્યાપક ગભરાટ ફેલાયો હતો. આગની જ્વાળાઓ જોનારા એક ગ્રામજનોએ આ ઘટનાનો વીડિયો બનાવી લીધો હતો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બદિયાકોટમાં આવેલું આ મા ભગવતી મંદિર લાકડાનું બનેલું હતું અને તેની સુંદર લાકડાની કોતરણી માટે જાણીતું હતું. મંદિરના પરંપરાગત લાકડાના કામથી તેને એક અલગ ઓળખ મળી હતી. નવરાત્રિ દરમિયાન બનેલી આ ઘટનાએ ચિંતા પેદા કરી છે અને સ્થાનિક લોકો તેને અશુભ માની રહ્યા છે. જોકે, આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ અથવા પૂજા માટે પ્રગટાવવામાં આવેલ દીવો હોવાની શંકા છે.

આ ઘટના નવરાત્રિના છઠ્ઠા દિવસે બની હતી. આ મંદિર કુમાઉ ક્ષેત્રમાં બાગેશ્વર જિલ્લાના કાપકોટ તાલુકાથી લગભગ 50 કિલોમીટર દૂર આવેલું છે. વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. આ મંદિરનું મુખ્ય માળખું આગથી નાશ પામ્યું છે. મંદિર લાકડાનું બનેલું હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ અને જ્વાળાઓ દૂરથી દેખાઈ રહી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે મંદિર ટેકરીઓ પર સ્થિત હોવાથી પૂરતી અગ્નિશામક સેવાઓ ઉપલબ્ધ ન હતી. આના કારણે આગમાં વિલંબ થયો જેના કારણે નોંધપાત્ર નુકસાન થયું.નવરાત્રીની આગને કારણે બદ્રી મા ભગવતી મંદિરનો પંડાલ પણ રાખ થઈ ગયો હતો.

## જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરીનું મોટું કાવતરુ! PoKમાં 500 આતકીઓ હોવાનો દાવો

કાશ્મીર : શિયાળાની શરૂઆત પહેલા જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરીનું પાકિસ્તાની કાવતરું હોવાની આશંકા છે. મળતી માહિતી અનુસાર પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં લોન્ચપેડ પર લગભગ 500 આતંકવાદીઓ હાજર છે. એવી આશંકા છે કે બરફવર્ષાને કારણે પર્વતીય માર્ગો બંધ થાય તે પહેલાં ભારતીય સરહદમાં આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ થઈ શકે છે.ગુપ્ત માહિતી અનુસાર, પાકિસ્તાન નિયંત્રણ રેખા (LoC) નજીક સ્થિત લોન્ચપેડનો ઉપયોગ કરીને આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી શકે છે. શિયાળા દરમિયાન ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા પરંપરાગત ઘૂસણખોરી માર્ગો બંધ કરે છે. તેથી, હિમવર્ષા પહેલાં ભારતીય સરહદમાં આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ સુરક્ષા એજન્સીઓ માટે પડકાર ઉભો કરી શકે છે.અગાઉના અહેવાલોમાં ખુલાસો થયો છે કે આતંકવાદીઓ સતત LoC અને આંતરરાષ્ટ્રીય સરહદ બંને પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે બરફવર્ષા પછી પર્વતીય માર્ગો બંધ કરવામાં આવે છે, ત્યારે આતંકવાદીઓ ઘૂસણખોરી માટે પ્રમાણમાં સલામત માર્ગ તરીકે આંતરરાષ્ટ્રીય સરહદનો ઉપયોગ કરે તેવી શક્યતા વધી જાય છે. પરિણામે, સુરક્ષા એજન્સીઓએ બંને મોરચે દેખરેખ અને સતર્કતા વધારી છે.ઘૂસણખોરીને રોકવા માટે સુરક્ષા દળો જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર સતત દેખરેખ રાખે છે.

## રેલવે મુસાફરો માટે સારા સમાચાર, હવે માત્ર 45 પૈસામાં મળશે 10 લાખની સુવિધા

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ભારતીય રેલવે દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે રેલવે કાઉન્ટર પરથી ટિકિટ ખરીદનાર મુસાફરોને પણ 27 ઓક્ટોબર, 2026થી યાત્રા વીમા કવચનો લાભ મળશે. અત્યાર સુધી આ સુવિધા માત્ર ઓનલાઈન ટિકિટ બુક કરાવનારાઓને જ મળતી હતી. 45 પૈસાના પ્રીમિયમમાં 10 લાખ રૂપિયા સુધીનું કવચ મળશે, જેનો લાભ લાખો સામાન્ય મુસાફરોને થશે. રેલવે મુસાફરો માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટના કડક આદેશ બાદ ભારતીય રેલવે દ્વારા મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. હવે ઓનલાઈન ટિકિટની જેમ જ રેલવે સ્ટેશનના કાઉન્ટર પરથી રિઝર્વેશન ટિકિટ ખરીદનારા મુસાફરોને પણ મુસાફરી દરમિયાન વીમા કવચનો લાભ મળશે. રેલવે તંત્ર દ્વારા આ નવી વ્યવસ્થા 27 ઓક્ટોબર 2026થી લાગુ કરવામાં આવશે. અત્યાર સુધી માત્ર IRCTCની વેબસાઈટ કે મોબાઈલ એપ દ્વારા ટિકિટ બુક કરાવનારા મુસાફરોને જ યાત્રા વીમાનો વિકલ્પ મળતો હતો, જ્યારે કાઉન્ટર પરથી સીધી ટિકિટ લેનારા લોકો આ સુરક્ષાથી વંચિત રહી જતા હતા. નવા નિર્ણયથી ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ ન કરી શકતા સામાન્ય વર્ગના મુસાફરોને પણ સમાન સુરક્ષા કવચ મળશે અને ઓનલાઈન તેમજ ઑફલાઈન ટિકિટ વચ્ચેનો ભેદભાવ દૂર થશે. હાલ ઓનલાઈન બુકિંગ માટે લાગુ નિયમ મુજબ મુસાફર દીઠ માત્ર 45 પૈસાના પ્રીમિયમમાં મુસાફરી દરમિયાન અકસ્માત, મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં 10 લાખ રૂપિયા સુધીનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે.

**ઈ-ઓક્શન નોટિસ**

વાવાઝોડા દરમિયાન વરસાદી પાણી પ્રવેશવાના કારણે અસરગ્રસ્ત ટોર્ક ટ્યુબ્સ (Torque Tubes), અંદાજિત કુલ જથ્થો 4,00,000 કિલોગ્રામ, પ્રતિ કિલોગ્રામના ધોરણે નિકાલ કરવા માટે ઈ-ઓક્શન.

રસ ધરાવતા ખરીદદારોને જાણ કરવામાં આવે છે કે વાવાઝોડા દરમિયાન વરસાદી પાણી પ્રવેશવાના કારણે નુકસાન પામેલ ટોર્ક ટ્યુબ્સ (Torque Tubes), જેનો અંદાજિત કુલ જથ્થો આશરે 4,00,000 કિલોગ્રામ છે, તેના નિકાલ માટે ઈ-હરાજીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સામગ્રીનો નિકાલ પ્રતિ કિલોગ્રામના ધોરણે કરવામાં આવશે. આ સામગ્રીનું વેચાણ "જ્યાં છે, જેવી છે" (As Is Where Is), "જે કંઈ છે તે મુજબ" (Whatever There Is) અને "કોઈ ફરિયાદ નહીં" (No Complaint) ના ધોરણે કરવામાં આવશે. આ સામગ્રી M/s Karamtara Engineering Ltd. ની માલિકીની છે. સામગ્રીનું નિરીક્ષણ સર્વે નં. 112/Paiki-1, 112/Paiki-2, 113/Paiki-2, 116/2, 118, 119/2, 119/1/Paiki 1, 2, 3, 120, નર્મદા કેનાલ નજીક, મેઘપર-કુંજિસર રોડ, ભચાઉ, શહેર કુંજિસર, તાલુકો ભચાઉ, જિલ્લો કચ્છ (પૂર્વ), ગુજરાત - 370140 ખાતે તા. 17/10/2026 થી 22/10/2026 દરમિયાન, માત્ર કામકાજના દિવસોમાં સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરી શકાશે. નિરીક્ષણ માટે કૃપા કરીને શ્રી ગૌતમ વિંઝોડાનો મોબાઈલ નંબર +91 9723508671 પર સંપર્ક કરો. ઈ-હરાજી તા. 23/10/2026 ના રોજ www.b2bsalvage.com વેબસાઈટ પર યોજાશે. ઈ-હરાજીમાં ભાગ લેવા માટેનું અરજીપત્રક તથા નિયમો અને શરતો મેળવવા માટે કૃપા કરીને શ્રી હેમંત બિરલાનો સંપર્ક કરો. અરજીપત્રક અને EMD (અર્નેસ્ટ મની ડિપોઝિટ) જમા કરાવવાની છેલ્લી તારીખ તા. 22/10/2026 છે અને છેલ્લો સમય સાંજે 04:00 વાગ્યા સુધીનો છે. તમામ રસ ધરાવતા ખરીદદારોને નિર્ધારિત સમયમર્યાદામાં અરજીપત્રક તથા E M D જમા કરાવીને ઈ-હરાજીમાં ભાગ લેવા વિનંતી છે.

**ઓક્શનકર્તા: B2B Salvage Auctioneers India LLP,**
**નોંધાયેલ કાર્યાલય: 121, લવકુશ કોલોની, માંગલિયા,**
**ઈન્દોર, મધ્ય પ્રદેશ - 453771.**
**સંપર્ક નંબર: +91 9754706071.**

પ્રતિબંધ | કોઈપણ પ્રકારે ઉલ્લંઘન કોર્ટની અવમાનના ગણવામાં આવશે

# જમ્મુ-કાશ્મીર ફરવા જતા લોકોને ઝટકો, દલ સરોવરમાં મોટરબોટ-જેટ સ્કીના સંચાલન પર હાઈકોર્ટની બ્રેક



(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.16

જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટે જમ્મુ-કાશ્મીર ફરવા જતા લોકોને મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે શ્રીનગરની પ્રખ્યાત દલ સરોવરમાં બળતણથી ચાલતી મોટરબોટ અને જેટ સ્કીના સંચાલન પર આગામી આદેશ સુધી રોક લગાવી દીધી છે. કોર્ટે સંબંધિત અધિકારીઓને એ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે કે તળાવમાં કોઈપણ પ્રકારની બળતણથી ચાલતી મોટરબોટ ન ચલાવવામાં આવે. કોર્ટે ચેતવણી આપી છે કે, આદેશનું ઉલ્લંઘન કરવા પર તેને અદાલતની અવમાનના ગણવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશ પુષ્પેન્દ્ર સિંહ ભાટી અને ન્યાયમૂર્તિ રાજેશ સેખરીની ખંડપીઠે મોહમ્મદ રફીક મીર તરફથી દાખલ કરાયેલી અરજી પર આદેશ જારી કર્યો. હાઈકોર્ટે કહ્યું કે, ન્યાયના વ્યાપક હિતમાં અને રજૂ કરાયેલી દલીલો પર વિચાર કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.હાઈકોર્ટે સરોવર અને જળમાર્ગ પ્રબંધન સત્તામંડળ (LCMA), પર્યટન વિભાગ તેમજ પોલીસને આદેશનું સખત પાલન કરાવવાનો નિર્દેશ આપ્યો છે. પ્રતિબંધમાં શિકારાની મોટરબોટ સહિત બળતણથી ચાલતી તમામ મોટરબોટ અને જેટ સ્કી સામેલ છે. કોર્ટે સંબંધિત અધિકારીઓને આવી પ્રવૃત્તિઓ રોકવા અને પ્રતિબંધિત કરવા માટે કડક પગલાં લેવા કહ્યું છે. પીઠે સ્પષ્ટ કર્યું કે, આદેશનું કોઈપણ પ્રકારે ઉલ્લંઘન કોર્ટની અવમાનના ગણવામાં આવશે.હાઈકોર્ટે ટિપ્પણી કરી કે સરોવરો અને અન્ય જળ પ્રણાલીઓનું સંરક્ષણ આજની સભ્યતા સમક્ષ વધતી ચિંતાનો વિષય બની ગયું છે. આ સ્થિતિમાં પ્રદૂષણ ફેલાવતી પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે પગલાં લેવા જરૂરી છે. હાઈકોર્ટના આ આદેશનો હેતુ દલ સરોવરમાં બળતણથી ચાલતી બોટના સંચાલનથી થતા સંભવિત પ્રદૂષણને અટકાવવા અને સરોવરના પર્યાવરણની રક્ષા સુનિશ્ચિત કરવાનો છે. પ્રતિબંધ આગામી આદેશ સુધી પ્રભાવી રહેશે.

## ગરબામાં ખુરશી બાબતે મહિલાઓનો ઝઘડો

અમદાવાદ | અમદાવાદ શહેરના નવા નરોડા વિસ્તારમાં આવેલા સર્જન સ્કાય ફ્લેટમાં 15 ઓક્ટોબરની રાત્રે નવરાત્રિ મહોત્સવ દરમિયાન ખુરશીમાં બેસવા બાબતે બે મહિલાઓ વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ મામલે સમાધાન કરાવવા ગયેલા સોસાયટીના ચેરમેન અને ટ્રાફિક પોલીસ હેડ કોન્સ્ટેબલ અનિલ નાયક પર બહારથી આવેલા અસામાજિક તત્ત્વોએ દંડા અને પંચ જેવા હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં ચેરમેનને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.


સિટી
# એક્સપ્રેસ
SATURDAY 17 OCTOBER-2026
AHMEDABAD


## નશામાં ધૂત કાર ચાલકે મોપેડને 1 KM ઢસડ્યું

અમદાવાદ | અમદાવાદના ડ્રાઇવ-ઇન રોડ સ્થિત હિમાલયા મોલ નજીકના સિગ્નલ પર ઊભેલા મોપેડચાલકને દારૂના નશામાં ધૂત કારચાલકે અડફેટે લેતા એક કમકમાટીભર્યું દ્રશ્ય સર્જાયું હતું. ટક્કર બાદ કારના આગળના ભાગમાં મોપેડ ફસાઈ ગયું હોવા છતાં કારચાલકે ઊભા રહેવાની બદલે મોપેડને આશરે એક કિલોમીટર સુધી રસ્તા પર ઢસડ્યું હતું. જેને કારણે રોડ પર તણખા ઊડતા જોવા મળ્યા હતા. સદ્દભાગ્યે આ અકસ્માતમાં મોપેડચાલક યુવકનો આબાદ બચાવ થયો હતો અને તેને માત્ર સામાન્ય ઈજાઓ જ પહોંચી હતી. આ સમગ્ર ઘટનાને પગલે ટ્રાફિક પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કારચાલક વિરુદ્ધ ગુનો નોંધીધરપકડ કરી.



# નવરાત્રિમાં લાઉડ સ્પીકરના ઘોંઘાટ પર ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

(એજન્સી) સોમનાથ | તા.17

નવરાત્રિમાં લાઉડસ્પીકરના અવાજ પ્રદૂષણ મામલે ગુજરાત હાઈકોર્ટે સરકાર પાસે 3 દિવસમાં રિપોર્ટ માગ્યો છે. સરકારે સોગંદનામામાં 80 ડેસીબલ અવાજ નોંધાયાનો દાવો કર્યો. હાઈકોર્ટે હોસ્પિટલ નજીક ધીમા અવાજે પણ લાઉડસ્પીકર ન વગાડવા ટકોર કરી હતી. કોર્ટે GPCBને પણ અરજદારની ફરિયાદ પર તાત્કાલિક પગલાં લેવા આદેશ કર્યો છે. નવરાત્રિમાં સાયલન્ટ ઝોન વિસ્તારમાં લાઉડ સ્પીકરના પ્રદૂષણ મામલે સરકારે ગુજરાત હાઈકોર્ટમાં સોંગદનામું કર્યુ હતુ. તેમાં એવી રજૂઆત કરી હતી કે, 'અમે કરેલા સરપ્રાઇઝ ચેકિંગમાં વધુમાં વધુ 80 ડેસીબલ અવાજ નોંધાયો છે. જે જગ્યાઓ પર ડીજે અને લાઉડ સ્પીકરના વધુ ડેસીબલ અવાજ નોંધાયા છે ત્યા પોલીસને સાથે રાખીને તાત્કાલિક ગરબા બંધ કરાવી દીધા છે. વેરાવળમાં જે ગરબા માટે ફરિયાદ થઇ ત્યા પણ તપાસ કરાઇ છે, ત્યા મમતા હોસ્પિટલ નજીક 58 થી 60 ડેસીમલ અવાજ નોંધાયો હતો.' હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે, 'હોસ્પિટલની નજીક ધીમા અવાજે પણ લાઉડ સ્પીકર ના વગાડવા જોઈએ.' કોર્ટે



અરજદારને એવી ટકોર કરી હતી કે, 'તમે જાતે તપાસ કરો અને જો વધુ અવાજ જણાય તો સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB)ને તરત જાણ કરજો.'કોર્ટે GPCBને પણ આદેશ કર્યો છે કે, અરજદાર જાણ કરે તરત તે જગ્યા પર જઈને પગલા લેવાના રહેશે. કોર્ટે સરકારને એવી સૂચના આપી છે કે, લોકો સહન ના કરી શકે તેવા અવાજ ના હોવા જોઈએ. GPCBએ એવી રજૂઆત કરી હતી કે, 'અમે એવું નથી કહેતા કે અવાજનું પ્રદૂષણ નથી હોતું, પરતું નિર્ધારિત કરેલા અવાજ કરતા થોડો વધારે હોય છે.' અરજદારે સરકારની રજૂઆતની વાત ખોટી ગણાવતા એવી દલીલ કરી હતી કે, 'ગરબા 12 વાગ્યા સુધી નહીં પરંતુ 2 વાગ્યા સુધી ચાલે છે.' જેને લઈને કોર્ટે એવી ટકોર કરી હતી કે, 'લાઉડ સ્પીકરની જગ્યા પણ બદલવી જોઈએ. સ્થળ પર જઈને અવાજના ડેસીમલ તપાસવાના રહેશે. અવાજની માત્રા સહન થઇ શકે તેટલી રાખવી પડે.' સરકારે દલીલ કરી કે, 'શેરી ગરબામાં લાઉડ સ્પીકર વગાડતા નથી.' જો કે, કોર્ટે સરકાર પાસે 3 દિવસમાં રિપોર્ટ માગ્યો છે.

## સોમનાથના મંદિર આસપાસ નોનવેજ વેચાણ ઉપર પ્રતિબંધ : સરકારના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકાર, બંધારણીય હક્કોનો હવાલો

(એજન્સી) સોમનાથ | તા.17

સોમનાથના ચોક્કસ વિસ્તારોમાં માંસાહારી ખોરાકના વેચાણ અને સંગ્રહ પર રાજ્ય સરકારે મૂકેલા કાયમી પ્રતિબંધને 6 નોનવેજ રેસ્ટોરન્ટ માલિકોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો છે. અરજદારોએ બંધારણીય અધિકારોના હનનનો આક્ષેપ કર્યો છે, તો બીજી તરફ સરકારે યાત્રાળુઓની ધાર્મિક ભાવોના જાળવવાનો તર્ક આપ્યો છે. સુનાવણી દરમિયાન અરજદારો પાસેથી પોલીસ ચોકીમાં કબૂલાતનામું લખાવાતાં હાઈકોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો છે. આજે (16 ઓક્ટોબર) વધુ સુનાવણી હાથ ધરાશે.

અરજદારોના એડવોકેટ અસરાર મન્સૂરીએ દલીલ કરી હતી કે, ઓગસ્ટ મહિનામાં ઈશ્યૂ કરાયેલું આ જાહેરનામું બંધારણના અનુચ્છેદ 19(1)(g) હેઠળ મળેલા વેપાર અને આજીવિકાના મૂળભૂત અધિકારોનું સરેઆમ ઉલ્લંઘન કરે છે. અધિકારીઓ કોઈ વાજબી કારણ વગર લોકોને કાયદેસરનો વેપાર કરતા રોકી શકે નહીં અને અધિકારીઓ સતત હોટેલ માલિકોને હેરાન કરી રહ્યા છે.

સરકાર પક્ષે રજૂઆત કરાઈ હતી કે, સોમનાથ મંદિરની 500 મીટરની ત્રિજ્યા સહિત 6 નિર્દિષ્ટ વિસ્તારોમાં યાત્રાળુઓની ધાર્મિક ભાવનાઓને ઠેસ ન પહોંચે તે હેતુથી આ પ્રતિબંધ મૂકાયો છે.



અરજદારોની દુકાનો અને રેસ્ટોરન્ટ્સ મંદિર તરફ જતા મુખ્ય માર્ગ પર જ આવેલા હોવાથી દર્શનાર્થે આવતા યાત્રાળુઓએ નોનવેજ ખાદ્યપદાર્થોનો સામનો કરવો પડે છે.

અરજદારના જણાવ્યા અનુસાર, કેસની પ્રથમ સુનાવણી 7 ઓક્ટોબરે ચાલી રહી હતી ત્યારે જ મામલતદારે 6 અરજદારો પાસે પોલીસ ચોકીમાં ભવિષ્યમાં માત્ર શાકાહારી વેપાર કરવા અંગેનું સહીવાળું કબૂલાતનામું લઈ લીધું હતું. આ બાબતને ગંભીરતાથી લઈ હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો કે, કોર્ટમાં કેસની સુનાવણી ચાલી રહી હતી તે જ દિવસે મામલતદારે આ રેસ્ટોરન્ટ માલિકોની સહીઓ કેમ લીધી? આ મામલે વધુ સુનાવણી આજે (16 ઓક્ટોબર) યોજાશે.

## અમદાવાદ બુક ફેર 2026: 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી સાહિત્યનો કુંભમેળો

(એજન્સી) અમદાવાદ | તા.16

અમદાવાદમાં 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ યોજાશે. 9 દિવસના આ મહોત્સવમાં પુસ્તકો સાથે ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિના રંગો જોવા મળશે. નિરંજન ભગતની 100મી જન્મજયંતી નિમિત્તે કવિ સંમેલન સહિત કવિતા, ગઝલ, ભજન, લોકનાટ્ય અને દેશભક્તિ સંગીતના કાર્યક્રમો યોજાશે. અમદાવાદમાં 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 દરમિયાન યોજાનારા અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં આ વખતે પુસ્તકોની દુનિયાની સાથે ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના વિવિધ રંગો જોવા મળશે. સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનારા નવ દિવસીય ફેસ્ટિવલમાં કવિતા, ગઝલ, હાસ્ય, લોકનાટ્ય, ભજન અને દેશભક્તિ સંગીતના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા કવિઓ, સાહિત્યકારો, ગઝલકારો અને કલાકારોની રજૂઆતોને કારણે પુસ્તકપ્રેમીઓની સાથે સાહિત્ય અને સંગીતના રસિયાઓ માટે પણ આ ફેસ્ટિવલ આકર્ષણનું કેન્દ્ર બનશે.

## દિલ્હી CJP આંદોલન સામે ABVP નો ઉગ્ર વિરોધ

ગાંધીનગર | ગાંધીનગરમાં એબીવીપી (ABVP) દ્વારા દિલ્હીના CJP આંદોલન સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. વામપંથી સંગઠનો, કોંગ્રેસ અને રાહુલ ગાંધી સામે દેશવિરોધી પ્રવૃત્તિઓનો આક્ષેપ કરાયો છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં તાજેતરમાં દિલ્હીના CJP આંદોલનને લઈને રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા દિલ્હીમાં ચાલી રહેલા CJP આંદોલન સામે મોટો વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ આંદોલનને લઈને વિદ્યાર્થી સંગઠને આક્રમક વલણ અપનાવતા સરકાર અને વિપક્ષ સામે સવાલો ઉઠાવ્યા છે. વિરોધ પ્રદર્શન દરમિયાન ABVP ના કાર્યકર્તાઓએ CJP ના આંદોલનને પ્રત્યક્ષ રીતે 'દેશવિરોધી' ગણાવ્યું હતું. કાર્યકર્તાઓએ જોરદાર સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. સંગઠનનું માનવું છે કે, આ પ્રકારના આંદોલનો દેશની સુરક્ષા અને અખંડિતતા સામે મોટો ખતરો ઊભો કરી રહ્યા છે, જેને કોઈપણ ભોગે સાંખી લેવામાં નહીં આવે.

## અમદાવાદમાં ધંધુકા હાઈવે પર ડમ્પર અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત, કારમાં ભીષણ આગથી ચાલકનું મોત

અમદાવાદ | અમદાવાદ જિલ્લાના ધંધુકા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ધંધુકા હાઈવે પર પૂરઝડપે દોડતા ડમ્પરચાલકે આગળ જઈ રહેલી કારને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર બાદ કારમાં અચાનક ભીષણ આગ લાગી જવાથી કારચાલકનું જીવતા જમા બળી જવાથી મોત નીપજ્યું હતું. આ અકસ્માતને પગલે હાઈવે પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને લાંબો ટ્રાફિકજામ પણ સર્જાયો હતો.મળતી માહિતી અનુસાર, ધંધુકા હાઈવે પરથી પસાર થઈ રહેલી કારને પૂરઝડપે આવી રહેલા ડમ્પરચાલકે અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે અકસ્માત સર્જાતાની સાથે જ વાહનમાં આગ ભભૂકી ઉઠી હતી. આગ એટલી વિકરાળ હતી કે કારચાલકને બહાર નીકળવાની તક સુદ્ધાં મળી ન હતી, જેના કારણે કારની અંદર જ તેનું ભયાનક મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ ધંધુકા પોલીસ સ્ટેશનનો કાફલો અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ કારમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ ઓલવાયા બાદ અકસ્માતગ્રસ્ત વાહનોને હાઈવે પરથી ખસેડીને વાહનવ્યવહારને પુનઃ પૂર્વવત કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં મૃતક કારચાલકની ઓળખ થઈ ગઈ છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આગમાં બળીને કમાવનાર કારચાલક સંજય કણજારિયા છે, જે ધંધુકાના જ રહેવાસી હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને ડમ્પરચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદની હોટલમાં 10 દિવસ ગોંધી રાખી યુવતી પર દુષ્કર્મ કાસીમ અને પીડિતા ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવ્યા'તા

(એજન્સી) અમદાવાદ | તા.16

અમદાવાદની એક યુવતીને ચેન્નઈના કાસીમ નામના યુવક સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કરવી ભારે પડી. લગ્નની લાલચ આપી આરોપી યુવતીને અમદાવાદની એક હોટલમાં લઈ ગયો અને 10 દિવસ સુધી ગોંધી રાખી વારંવાર દુષ્કર્મ આચર્યું. યુવકની ચુંગાલમાંથી છૂટી પીડિતાએ પોતાના ઘરે પહોંચી આપવીતી જણાવતા પોલીસ ફરિયાદ નોંધાવી. પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી. આરોપીના મોબાઈલમાંથી સાત અલગ અલગ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ મળતા તેનો ઉપયોગ કરી અન્ય કોઈ યુવતીઓને ફસાવી છે કે નહીં તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદમાં રહેતી 26 વર્ષીય યુવતી અને ચેન્નઈના કાસીમ અંસારી નામના શખસનો ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક થયો હતો. પીડિતાની ફરિયાદ મુજબ કાસીમ તેને વારંવાર મેસેજ કરી ફ્રેન્ડશીપ માટે કહેતો હતો પરંતુ, તે રિપ્લાય આપતી નહીં. કાસીમે તેને કહ્યું હતું કે, તેનું બ્રેકઅપ થઈ ગયું હોવાથી તેની સ્થિતિ ખૂબ ખરાબ છે જેથી તેને એક સ્ત્રી મિત્રની જરુર છે. જેથી ફ્રેન્ડશીપ રાખી હતી. ફ્રેન્ડશીપ થયા બાદ કાસીમ તરફથી પીડિતાને બર્થડેની વિશ કરવામાં આવી હતી. 3 ઓક્ટોબરે આરોપી અમદાવાદ આવ્યો હતો અને યુવતીને લઈ શહેરના છેવાડાની એક હોટલમાં લઈ ગયો. જ્યાં 10 દિવસ સુધી ગોંધી રાખી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું.

યુવતીએ ઘરે જવાનું કહેતા 13 ઓક્ટોબરે આરોપી તેના ઘર નજીક છોડીને ચાલ્યો ગયો. તો બીજી તરફ દીકરી 10 દિવસથી ગુમ હોય પરિવારે પણ ગુમની ફરિયાદ નોંધાવી હતી.

યુવતી ઘરે આવતાં પરિવાર તેને ઘાટલોડિયા પોલીસમથકે લઈ ગયો અને ફરિયાદ નોંધાવી. ઈન્ચાર્જ ડીસીપી એ.વી. પરમારે જણાવ્યું કે, કાસીમના ફોનમાંથી 7 જેટલા અલગ અલગ ઈન્સ્ટાગ્રામના એકાઉન્ટ મળ્યા છે જેમાંથી અન્ય યુવતીઓને ફસાવી હતી કે કેમ તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદના નિકોલ-કઠવાડા વિસ્તારમાં રહેતી 16 વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી કારમાં દુષ્કર્મ આચરવાનો અને અંગત પળોના ફોટા પાડી મંગેતરને મોકલી બ્લેકમેલ કરવાનો કિસ્સો સામે આવ્યો છે.

# પશ્ચિમ રેલવે અસારવા અને પ્રયાગરાજ વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

(એજન્સી) અમદાવાદ | તા.16

પશ્ચિમ રેલવે દ્વારા આગામી પૂજા અને તહેવારોની સિઝન દરમિયાન મુસાફરોની સુવિધા તથા વધારાના મુસાફર ટ્રાફિકને ધ્યાનમાં રાખીને અસારવા અને પ્રયાગરાજ વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેન બંને દિશામાં કુલ 12 ફેરા કરશે, જેથી મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચવામાં સુવિધા મળશે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર 04166/04165 અસારવા-પ્રયાગરાજ સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ (કુલ 12 ફેરા), ટ્રેન નંબર 04166

પશ્ચિમ રેલવે Western Railway

અસારવા-પ્રયાગરાજ સ્પેશિયલ અસારવા થી દર ગુરુવારે સવારે 08:45 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 10:35 વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. આ ટ્રેન 22 ઓક્ટોબરથી 26 નવેમ્બર, 2026 સુધી દોડશે.તેવી જ રીતે, ટ્રેન નંબર 04165 પ્રયાગરાજ-અસારવા સ્પેશિયલ પ્રયાગરાજ થી દર બુધવારે સવારે 05:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 05:45 વાગ્યે અસારવા પહોંચશે.

આ ટ્રેન 21 ઓક્ટોબરથી 25 નવેમ્બર, 2026 સુધી દોડશે.આ ટ્રેન બંને દિશામાં હિંમતનગર, લુસાડિયા, ડુંગરપુર, સેમારી, ઝાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપ નગર, માવલી જંક્શન, ચંદેરિયા, માંડલગઢ, બુંદી, કેશોરાયપાટન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંડોન સિટી, બયાના, રૂપબાસ, ફતેહપુર સીકરી, ઈદગાહ આગ્રા, ટુંડલા, ફિરોઝાબાદ, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ અને ફતેહપુર સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. ટ્રેન નંબર 04166 માટેનું બુકિંગ 19 ઓક્ટોબર, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, કોચની રચના અને સમય વિશેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

## અમિત શાહ ગુજરાત પ્રવાસે : રૂપાલમાં શિવજીની 81 ફૂટ ઊંચી પ્રતિમાનો શિલાન્યાસ કરશે

(એજન્સી) ગાંધીનગર | તા.16

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસના ગુજરાત પ્રવાસે છે. તેઓ આજે રૂપાલમાં શિવજીની 81 ફૂટ ઊંચી પ્રતિમાનો શિલાન્યાસ કરશે. ઉપરાંત દર વર્ષની માફક પૈતૃક વતન માણસામાં ઈષ્ટદેવી મા બહુચરના દર્શન અને આરતી કરશે. ત્યાર બાદ કોલવડામાં આયોજિત ગરબા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય ગૃહમંત્રીના નિર્ધારિત કાર્યક્રમ મુજબ, તેઓ બપોરે 2:45 કલાકે અમદાવાદના સેટેલાઈટ સ્થિત પ્રેરણા તીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. નરરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. ત્યારબાદ બપોરે 3:15 કલાકે પાલડી સ્થિત શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. ઉદયરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ મેળવશે.

જ્યારે સાંજે 5:45 વાગ્યે ગાંધીનગર જિલ્લાના રૂપાલ સ્થિત વિશ્વપ્રસિદ્ધ શ્રી વરદાયિની માતાજીના મંદિરે દર્શન-પૂજન કરશે અને અહીં નિર્માણ પામનારી ભગવાન શિવની 81 ફૂટ ઊંચી પ્રતિમાના શિલાન્યાસવિધિમાં સહભાગી થશે. ત્યારબાદ સાંજે 7:15 કલાકે તેઓ પોતાના વતન માણસા ખાતે સ્થિત કુળદેવી શ્રી બહુચર માતાજીના મંદિરે સંધ્યા આરતીમાં ભાગ લેશે. ત્યારબાદ રાત્રે 9:15 કલાકે ગાંધીનગરના કોલવડા ખાતે નવરાત્રિ ચોકમાં શ્રી રામજી મંદિર પાસે નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં હાજરી આપી ખેલૈયાઓનો ઉત્સાહ વધારશે.

## GenZ માં કમર-ગરદનના દુખાવાની સમસ્યા વધી : લાંબા સમય સુધી બેસીને કામ કરવું, વાંકા વળીને ફોન જોવો બન્યું ખતરનાક, 20થી 45 વર્ષના 41% નવા દર્દીઓ

(એજન્સી) અમદાવાદ | તા.16

છેલ્લા લગભગ 5 થી 7 વર્ષથી GenZ માં કમર અને ગરદનના દુખાવાની સમસ્યા વધી રહી છે. લાંબા સમય સુધી બેસીને કામ કરવું, મોબાઈલ-કમ્પ્યુટરનો વધુ ઉપયોગ, ખોટી બેઠક વ્યવસ્થા અને બદલાતી જીવનશૈલી કરોડરજ્જુના આરોગ્યને અસર કરી રહી છે. ઈન્ડોસ્પાઈન હોસ્પિટલે કરોડરજ્જુની સ્થિતિને ધ્યાનમાં રાખી ★MySpineMyWorld અભિયાન શરૂ કર્યું છે. સાથે જ myspinemyworld.com વેબસાઈટનું પણ લોકાર્પણ કરોડરજ્જુના દર્દીઓ દ્વારા કરાયું હતું.

ઈન્ડોસ્પાઈન હોસ્પિટલના ચીફ સ્પાઈન સર્જન ડૉ. તારક પટેલે જણાવ્યું હતું કે, હાલ યુવા પ્રોફેશનલ્સ, ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓમાં કમર તથા ગરદનના દુખાવાની સમસ્યા જોવા મળી રહી છે. ઘણા લોકો મહિનાઓ સુધી દુખાવો સહન કર્યા બાદ સારવાર માટે આવે છે. હોસ્પિટલના પોતાના રેકોર્ડ મુજબ, ઑક્ટોબર 2022થી ઑક્ટોબર 2026 દરમિયાન આવેલા 8,789 નવા દર્દીઓમાંથી 41 ટકા દર્દીઓ 20થી 45 વર્ષની વયજૂથના હતા. આ વયજૂથના દર્દીઓનું પ્રમાણ વર્ષ 2022-23માં 35 ટકા હતું, જે વર્ષ 2025-26માં વધીને 43 ટકા થયું હતું. જોકે, રાહતની વાત એ છે કે 20થી 45 વર્ષના 94 ટકા દર્દીઓની સારવાર હોસ્પિટલમાં દાખલ કર્યા વિના કરવામાં આવી હતી. કરોડરજ્જુની મોટાભાગની તકલીફોમાં ઓપરેશનની જરૂર પડતી નથી. યોગ્ય સમયે નિદાન થાય તો દુખાવાનું મૂળ કારણ શોધીને સારવાર કરી શકાય છે.

ઈન્ડોસ્પાઈન હોસ્પિટલનાં એનેસ્થેસિયા અને પેઈન મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ. રિંકુ પટેલે જણાવ્યું હતું કે, ઘણા લોકો દુખાવો સહન કરતા રહે છે અથવા લાંબા સમય સુધી પેઈનકિલર પર આધાર રાખે છે. પરંતુ દુખાવો શરીર દ્વારા આપવામાં આવતો એક સંકેત છે, જેને અવગણવો ન જોઈએ. ખાસ કરીને શરીરમાં ખાલી ચડવી, નબળાઈ લાગવી અથવા રાત્રે ઊંઘ ન આવવા દે તેવો દુખાવો થાય તો રાહ જોયા વિના નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે.

કમરના દુખાવાની સમસ્યા માત્ર વૃદ્ધાવસ્થા પૂરતી મર્યાદિત નથી. વર્ષ 2022માં WORK જર્નલમાં પ્રકાશિત 97 ભારતીય અભ્યાસોના મેટા-એનાલિસિસ મુજબ, કોઈ પણ સમયે લગભગ દર બેમાંથી એક ભારતીય કમરના દુખાવાથી પ્રભાવિત હોય છે, જ્યારે દર ત્રણમાંથી બે વ્યક્તિને જીવનમાં ક્યારેક કમરના દુખાવાનો અનુભવ થાય છે. બીજી તરફ, વર્ષ 2025માં Cureus જર્નલમાં પ્રકાશિત અભ્યાસમાં 18 રાજ્યોના કમરના દુખાવાના 16,866 દર્દીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો, જેમાં 43 ટકા દર્દીઓ 18થી 38 વર્ષની વયજૂથના હતા. આ આંકડા દર્શાવે છે કે યુવા વયે પણ કરોડરજ્જુના આરોગ્ય અંગે સાવચેતી રાખવી જરૂરી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના જણાવ્યા અનુસાર, કમરનો દુખાવો વિશ્વભરમાં વિકલાંગતાનું સૌથી મોટું એકમાત્ર કારણ છે. વર્ષ 2020માં વિશ્વભરમાં આશરે 61.9 કરોડ લોકો કમરના દુખાવાથી પ્રભાવિત હતા અને વર્ષ 2050 સુધીમાં આ આંકડો 84.3 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. જોકે, મોટા ભાગના કિસ્સાઓમાં યોગ્ય કાળજી અને સારવારથી દુખાવાને નિયંત્રિત કરી શકાય છે. નિયમિત શારીરિક પ્રવૃત્તિ, યોગ્ય વજન જાળવવું, પૂરતી ઊંઘ લેવી અને કામના સ્થળે યોગ્ય રીતે બેસવાની ટેવ અપનાવવી કમરના દુખાવાનું જોખમ ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

લાંબા સમય સુધી કમ્પ્યુટર સામે બેસીને કામ કરવું, વારંવાર વાંકા વળવું અને ભારે વજન ઉપાડવા જેવી ટેવો કમર તથા ગરદનના દુખાવાનું જોખમ વધારી શકે છે. આ ઉપરાંત, માર્ગ અકસ્માતોમાં થતી કરોડરજ્જુની ઈજાઓ પણ ચિંતાનો વિષય છે.

## અમદાવાદ ડિવિઝનની મુખ્ય પહેલ: ટ્રેનો હવે સ્વચ્છતામાં સુધારો, આધુનિક હાઉસકીપિંગ સેવાઓ પ્રદાન કરશે, જેનાથી મુસાફરોની મુસાફરી વધુ સ્વચ્છ અને અનુકૂળ બનશે

અમદાવાદ | અમદાવાદ-સહરસા એક્સપ્રેસ પર અદ્યતન ઓન-બોર્ડ હાઉસકીપિંગ અને લિનન સેવાઓ શરૂ કરવામાં આવી.

ટેકનોલોજી આધારિત દેખરેખ, આધુનિક સફાઈ સાધનો અને પ્રશિક્ષિત સ્ટાફ મુસાફરોને વધુ સારી સેવા પૂરી પાડશે.

પશ્ચિમ રેલ્વેનો અમદાવાદ ડિવિઝન મુસાફરોને સ્વચ્છ, આરોગ્યપ્રદ, અનુકૂળ અને આરામદાયક રેલ મુસાફરી પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ છે. એક મહત્વપૂર્ણ પહેલમાં, અમદાવાદ ડિવિઝન દ્વારા 16 ઓક્ટોબર, 2026 થી ટ્રેન નંબર 19483/19484 અમદાવાદ-સહરસા એક્સપ્રેસ પર ઉન્નત ઓન-બોર્ડ સેવાઓ શરૂ કરવામાં આવી છે. આ નવી સિસ્ટમ હેઠળ, ઓન-બોર્ડ હાઉસકીપિંગ સેવાઓ (OBHS) અને લિનન વિતરણ પ્રણાલીને વધુ આધુનિક, વ્યવસ્થિત, કાર્યક્ષમ અને જવાબદાર બનાવવામાં આવી છે.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર મુસાફરી દરમિયાન ટ્રેન કોચમાં ઉચ્ચ સ્તરની સ્વચ્છતા જાળવવાનો, મુસાફરોને સ્વચ્છ લિનન સમયસર પહોંચાડવાની ખાતરી કરવાનો અને આધુનિક ટેકનોલોજી, અદ્યતન સાધનો અને પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સેવા ગુણવત્તા અને મુસાફરોનો સંતોષ સુધારવાનો છે.

અદ્યતન ઓન-બોર્ડ સેવાઓની મુખ્ય વિશેષતાઓ



1. ટેકનોલોજી-આધારિત દેખરેખ અને જવાબદારી: ઓન-બોર્ડ હાઉસકીપિંગ અને લિનન વિતરણ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે એક એપ્લિકેશન-આધારિત દેખરેખ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. સ્ટાફની હાજરી બાયોમેટ્રિક સિસ્ટમ દ્વારા રેકોર્ડ કરવામાં આવશે. સફાઈ કામગીરી જીઓ-ટેગ અને સમય-સ્ટેમ્પ્ડ પહેલા અને પછીના ફોટા દ્વારા ચકાસવામાં આવશે. વધુમાં, કેન્દ્રીયકૃત નિયંત્રણ ખંડ દ્વારા 24-કલાક દેખરેખ અને સંકલન સ્થાપિત કરવામાં આવ્યું છે, જે પારદર્શિતા અને જવાબદારીમાં વધારો કરે છે.

2. નિશ્ચિત શૌચાલય સફાઈ સમયપત્રક: મુસાફરો માટે સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવા માટે એક ચોક્કસ શૌચાલય સફાઈ સમયપત્રક સ્થાપિત કરવામાં આવ્યું છે. શૌચાલય દરરોજ સવારે 6:00 થી 9:00 અને રાત્રે 8:00 થી 10:00 વાગ્યા સુધી કલાકદીઠ સાફ કરવામાં આવશે. અન્ય સમયે, દર બે કલાકે સફાઈ સુનિશ્ચિત કરવામાં આવશે. નિર્ધારિત માનક સંચાલન પ્રક્રિયા (SOP) અનુસાર આવશ્યક ઉપભોગ્ય વસ્તુઓની ઉપલબ્ધતા અને નિયમિત ભરપાઈ પર ધ્યાન આપવામાં આવશે.

૩. આધુનિક સાધનો સાથે સફાઈમાં સુધારો: કોચ અને મુસાફરોની સુવિધાઓની અસરકારક સફાઈ માટે પોર્ટેબલ હાઈ-પ્રેશર જેટ, વેક્યુમ ક્લીનર્સ, સુપર-એબ્સોર્બન્ટ ફ્લોર મોપર્સ, માઈક્રોફાઈબર કાપડ, સ્પ્રે ગન અને અપહોલ્સ્ટરી ક્લિનિંગ બ્રશ જેવા આધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. આ કોચ, શૌચાલય, વોશબેસિન, બારીઓ અને અન્ય મુસાફરોના ઉપયોગના વિસ્તારોની સફાઈની કાર્યક્ષમતામાં વધારો કરશે. કચરાના વ્યવસ્થિત સંગ્રહ અને નિકાલ માટે જરૂરી બેગ અને સાધનો પણ પૂરા પાડવામાં આવ્યા છે.

૪. મુસાફરી દરમિયાન નાની સમારકામ: મુસાફરોની અસુવિધા ઓછી કરવા માટે, ઓન-બોર્ડ સ્ટાફને પાણીના લીકેજ, ફ્લશિંગ, પ્લમ્બિંગ અને અન્ય સામાન્ય યાંત્રિક સમસ્યાઓને ઉકેલવા માટે તાલીમ આપવામાં આવી છે. જરૂરી ટૂલ કીટ પૂરી પાડવામાં આવી છે. સ્ટાફને અગ્નિશામક અને અન્ય સલામતી સાધનો ચલાવવા માટે પણ તાલીમ આપવામાં આવી છે.

૫. હાઉસકીપિંગ અને લિનન વિતરણ માટે અલગ સ્ટાફ: બંને સેવાઓના અસરકારક સંચાલનને સુનિશ્ચિત કરવા માટે, ઓન-બોર્ડ હાઉસકીપિંગ અને લિનન વિતરણ માટે અલગ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. આનાથી ફરજોનું સ્પષ્ટ વિભાજન, સમયસર સેવા વિતરણ અને વધુ સારી જવાબદારી સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. ૬. અનુભવી અને પ્રશિક્ષિત સ્ટાફની નિમણૂક: સેવાઓની ગુણવત્તા વધારવા માટે, વ્યાવસાયિક સેવા પ્રદાતાઓ અને પ્રશિક્ષિત સ્ટાફની નિમણૂક પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.